eMAGAZINE
SURAT MUNICIPAL CORPORATION

**Issue 378**
**December 26, 2014**

## સુરત મહાનગરપાલિકા જાહેર આરોગ્ય વિભાગ

ભારત સરકારશ્રીના મહાત્માગાંધી સ્વચ્છતા મિશન અંતગર્ત "સ્વચ્છ ભારત અભિયાન" સુરત મહાનગરપાલિકા દ્વારા હાથ ધરવામાં આવેલ છે. જેના ભાગરૂપે સ્વચ્છતા સંબંધિત કરવાની રહેતી વિવિધ કામગીરીઓ પૈકીની પે એન્ડ યુઝ ટોયલેટ સ્વચ્છતા અંગેની ચેકીંગની કામગીરી ...

વધુ માટે કલીક કરો >>>>>>

## કતારગામ ઝોન વિસ્તારમાં તા.૧૧/૧૨/૨૦૧૪ ના રોજ કરવામાં આવેલ કામગીરીની વિગત નીચે મુજબ છે.

આરોગ્ય વિભાગ દ્વારા ૨૬૩ મે.ટન કચરાનો નિકાલ કરવામાં આવેલ છે.૪૬ ઈસમોને નોટીસ આપવામાં આવેલ તેમજ વહીવટી ચાર્જ પેટે રૂા.૧,૨૦૦/– વસુલ લેવામાં આવેલ છે.વી.બી.ડી.સી.વિભાગ દ્વારા ૧૦૩૭૬ ઘરોનો સર્વે કરવામાં આવેલ.જે પૈકી ૧૧૨૮ વ્યકિતની સ્લાઈડ લેવામાં આવેલ ...

વધુ માટે કલીક કરો >>>>>>

## 'રોલ ઓફ વુમન ઈન રેસીડેન્શીયલ એનર્જી સેવિંગ '

શહેર ની સતત વધતી રહેલ વસ્તીના કારણે પુરી પાડવામાં આવતી સુવિધાઓમાં પણ વધારો કરવામાં આવી રહયો છે.તેમજ પરંપરાગત ઉર્જા સ્ત્રોતોમાં થઈ રહેલ સતત ઘટાડાના કરાણે ઉર્જા દર પણ સતત વધી રહયો છે ...

વધુ માટે કલીક કરો >>>>>>

## સુરત મહાનગરપાલિકા આરોગ્ય વિભાગ

મહાત્મા ગાંધીજીની સને ૨૦૧૯માં ઉજવવામાં આવનાર ૧૫૦ મી જન્મજયંતિ અંતર્ગત, "સ્વચ્છ ભારત અભિયાન" અંગે વિવિધ યોજનાઓ / કાર્યક્રમો / પ્રવૃત્તિઓ અમલમાં મુકી સ્વચ્છ ગુજરાત – સ્વસ્થ ગુજરાત કરવા, ગુજરાતને ઝીરો વેસ્ટ, ડસ્ટ ફ્રી અને ખુલ્લામાં શૌચક્રિયા મુકત કરવા નકકી કરવામાં આવેલ છે ...

વધુ માટે કલીક કરો >>>>>>

## પ્રેસનોટ વરાછાઝોન મેઈનરોડ પર બ્રીજ નીચે ડીમોલીશન તથા દબાણ દુર કર્યા બાબત.

વરાછા મેઈનરોડ પર બ્રીજ નીચે રહેતા વાઘરી લોકોને દુર કરવામાં આવ્યા તથા એક ગાડી જેટલો ઘર વકરીનો સામાન જપ્ત કરવામાં આવ્યો જે કામગીરી સફળતા પુર્વક પાર પાડવામાં આવી....

વધુ માટે કલીક કરો >>>>>>

## પ્રેસ નોટ પુર્વ (વરાછા) ઝોનમાં દબાણ હટાવ ઝુંબેશ

પુર્વ (વરાછા) ઝોનમાં આજરોજ તા. ૧૩/૧૨/૨૦૧૪ નાં રોજ વિવિધ વિસ્તારોમાં દબાણ હટાવવાની કામગીરી અંતર્ગત વરાછા મેઈન રોડ તથા અશ્વનીકુમાર રોડ ઉપર વર્ષોથી અડીંગો જમાવી બેઠેલા વાઘરી/બાવરી સમાજનાં લોકોને સ્થળ ઉપરથી હટાવવાની કામગીરી કરવામાં આવેલ...

વધુ માટે કલીક કરો >>>>>>

## સુરત મહાનગરપાલિકા – આરોગ્ય વિભાગ –પ્રેસનોટ–૨

સુરત મહાનગરપાલિકા દ્વારા સાત ઝોન વિસ્તારની ડોર ટુ ડોર ગાર્બેજ કલેકશનની કામગીરી અલગ–અલગ સાત એજન્સીઓને સોંપવામાં આવેલ છે. મહાત્મા ગાંધીજીની સને ૨૦૧૯માં ઉજવવામાં આવનાર ૧૫૦ મી જન્મજયંતિ અને "સ્વચ્છ ભારત અભિયાન" અંતગર્ત શહેરની સ્વચ્છતા–સફાઈની ગુણવત્તા ...

વધુ માટે કલીક કરો >>>>>>

## સુરત મહાનગરપાલિકા – સાઉથ વેસ્ટ (અઠવા) ઝોન – અખબારી યાદી

શહેર સુરતનાં સાઉથ વેસ્ટ (અઠવા) ઝોન વિસ્તારમાં તા.૦૮/૧૨/૨૦૧૪ થી ૧૨/૧૨/૧૪ સુધી નીચે મુજબની કામગીરી કરવામાં આવેલ છે.

(૧) વોર્ડ નં.૩૫–એ માં આવે રસુલાબાદ, આઝાદ નગર ઝુંપડપટ્ટી વિસ્તારમાં મિલ્કત વેરા વસુલાત માટે ઝુંબેશ હાથ ધરવામાં આવેલ. સદર ઝુંબેશમાં આકારણી વિભાગની નવ ટીમ સીકયુરીટી બંદોબસ્ત સાથે રાખી કુલ–૭૫૭ મિલ્કતનો વેરો ...

વધુ માટે કલીક કરો >>>>>>

## સુરત મહાનગરપાલિકા – સાઉથ વેસ્ટ (અઠવા) ઝોન – અખબારી યાદી

શહેર સુરતનાં સાઉથ વેસ્ટ(અઠવા)ઝોન વિસ્તારમાં તા.૧૫/૧૨/૨૦૧૪ ના રોજ નીચે મુજબની કામગીરી કરવામાં આવેલ છે.
(૧) ડ્રા.ટી.પી.સ્કીમ નં.૪૨ (ભીમરાડ)ફા.પ્લોટ નં.૨૫ થી ફા.પ્લોટ નં.૭૨ ને લાગુ ૧૨.૦૦ મી.ના ટી.પી.રસ્તાનો ૮૯૦.૦૦ મી.લંબાઈમાં ૧૦૬૮૦.૦૦ ચો.મી.નો કબજો મેળવવામાં આવેલ છે. સદરહુ રસ્તો પૂરી પહોળાઈમાં ખુલ્લો થવાથી જાહેર જનતા માટે ટ્રાફિકની સમસ્યા દૂર થશે....

**વધુ માટે કલીક કરો >>>>>>**

## પ્રેસનોટ – નોર્થ ઝોન (કતારગામ) – સુરત મહાનગરપાલિકા

નોર્થ ઝોન (કતારગામ) વિસ્તારમાં તા.૧૨/૧૨/૨૦૧૪ થી તા.૧૪/૧૨/૨૦૧૪ સુધી કરવામાં આવેલ કામગીરીની વિગત નીચે મુજબ છે.
આરોગ્ય વિભાગ દ્વારા ૭૯૬ મે.ટન કચરાનો નિકાલ કરવામાં આવેલ. ૧૫૨ ઈસમોને નોટીસ આપવામાં આવેલ તેમજ વહીવટી ચાર્જ પેટે રૂા.૧૫,૩૦૦/– વસુલ લેવામાં આવેલ છે....

**વધુ માટે કલીક કરો >>>>>>**

## અખબારી યાદી

સુરતઃ–"સ્વચ્છ ભારત અભિયાન" અંતર્ગત આજરોજ સુરત મહાનગરપાલિકાના લિંબાયત ઝોન દ્વારા ઉમરવાડા–૧ વોર્ડ વિસ્તારના (૧) વાડીવાળા દરગાહ જંકશન હોટલ થી ભાઠેના–૧૮૧ ની મસ્જીદ થઈ કન્ટેઈનર સુધી તથા આજુ બાજુની તમામ ગલીઓ,(૨) ભાઠેના–૧૮૧ પંપીગ સ્ટેશન ટેકરા થી અનમોલ સોડા ફેકટરી ...

**વધુ માટે કલીક કરો >>>>>>**

## પૂર્વઝોન (વરાછા) માં સમાવિષ્ટ કરંજ વિસ્તારમાં જર્જરીત બિલ્ડીંગને સીલ મારવાની તથા પુણા વિસ્તારમાં ટી.પી. રોડનો કબજો મેળવવાની કામગીરી

પૂર્વ(વરાછા)ઝોનમાં ટી.પી. સ્કીમ નં. ૩ (કરંજ)ના ફા.પ્લોટ નં. ૧૮ પૈકીમાં આવેલ "ચંદ્રકોલોની" ના નામથી ઓળખાતી બિલ્ડીંગ/એપાર્ટમેન્ટ જે વર્ષો જુની જર્જરીત હાલતમાં હોય, વસવાટ યોગ્ય ન હોય, તેને ખાલી કરાવવા અંગે અત્રેથી જરૂરી કાર્યવાહી કર્યા બાદ ...

**વધુ માટે કલીક કરો >>>>>>**

## સુરત મહાનગરપાલિકા – જાહેર આરોગ્ય વિભાગ – સ્વચ્છ ભારત અભિયાન

મહાત્મા ગાંધીજીની સને ૨૦૧૯માં ઉજવવામાં આવનાર ૧૫૦ મી જન્મજયંતિ અંતર્ગત, "સ્વચ્છ ભારત અભિયાન" હેઠળ તા.૧૫/૧૨/૨૦૧૪નાં રોજ શહેરમાં આવેલ શાકભાજી માર્કેટોમાં ઘનિષ્ઠ સાફ–સફાઈ, જંતુનાશક દવાનો છંટકાવ તેમજ ...

**વધુ માટે કલીક કરો >>>>>>**

## પ્રેસ નોટ – સુરત શહેરમાં રાષ્ટ્રીય હાથીપગાની ઉજવણીરૂપે તા.૧૪મી ડિસેમ્બરથી ૨૦મી ડિસેમ્બર સુધી મભહ અને આલ્બેન્ડેઝોલ ગોળીઓ ગળાવવામાં આવશે.

ભારત સરકાર દ્વારા ૨૦૧૫ માં હાથીપગાને દેશમાંથી નિકાલ કરવાનું આયોજન કરવામાં આવેલ છે. જેના અનુસંધાને ગુજરાત સરકારના આદેશાનુસાર તમામ સુરત શહેરને તા.૧૪ ડિસેમ્બરથી ૨૦ ડિસેમ્બર સુધી ...

**વધુ માટે કલીક કરો >>>>>>**

## પ્રેસનોટ – નોર્થ ઝોન (કતારગામ) – સુરત મહાનગરપાલિકા

નોર્થ ઝોન (કતારગામ) વિસ્તારમાં તા.૧૫/૧૨/૨૦૧૪ ના રોજ કરવામાં આવેલ કામગીરીની વિગત નીચે મુજબ છે.
આરોગ્ય વિભાગ દ્વારા ૨૬૮ મે.ટન કચરાનો નિકાલ કરવામાં આવેલ. ૪૮ ઈસમોને નોટીસ આપવામાં આવેલ તેમજ વહીવટી ચાર્જ પેટે રૂા.૩,૦૦૦/– વસુલ લેવામાં આવેલ છે ...

**વધુ માટે કલીક કરો >>>>>>**

## પૂર્વ(વરાછા)ઝોનમાં ડીમોલીશન તથા ઈ.ડબલ્યુ. એસ. આવાસના માસિક હપ્તા વસુલ કરવાની કામગીરી.

(૧) પૂર્વ(વરાછા)ઝોન વિસ્તારમાં આવેલ ટી.પી.સ્કીમ નં. ૩ (કરંજ), ફા.પ્લોટ નં. ૩૮ માં રેણુકા ભવન પાસે ઈ.ડબલ્યુ.એસ.આવાસના કુલ –૫૨૮ ફલેટ આવેલ છે. સુરત મહાનગરપાલિકા દ્વારા ઝુંપડપટ્ટીના રહીશોને સ્થળાંતર કરી ઈ.ડબલ્યુ.એસ. આવાસ ફાળવવામાં આવેલ. જેનો માસિક હપ્તો રૂા.૪૨૭/– છે. આ રકમ નિયમિતપણે ભરી જવા ...

**વધુ માટે કલીક કરો >>>>>>**

## વરાછારોડ, મીની બજર વિસ્તારમાં આવેલ સ્કંગ ટાવર તથા કરંજ વિસ્તારમાં આવેલ ભગીરથનગરની ૪૧ મિલકતો સીલ કરતું વરાછાઝોન

સુરત મહાનગરપાલિકાના પૂર્વઝોન (વરાછા) કાર્યક્ષેત્ર હેથળના વોર્ડનં. ૧૮ઈ વરાછા રોડ મીનીબજાર વિસ્તારમાં આવેલ ભગીરથનગર સોસાયટીમાં ડાયમંડ/એમ્બ્રોડરી યુનિટનાં ૪૧જેટલા ઈ.સી./આર.સી. વ્યવસાયકાળો લાંબા સમયથી વ્યવસાયવેરો ભરપાઈ ન કરતાં હોવાથી તેઓને સમયાંતરે નોટીસો આપવામાં આવેલ. તેમછતાં પણ તેઓ ...

**વધુ માટે કલીક કરો >>>>>>**

## સુરત મહાનગરપાલિકા – જાહેર આરોગ્ય વિભાગ – સ્વચ્છ ભારત અભિયાન

મહાત્મા ગાંધીજીની સને ૨૦૧૯માં ઉજવવામાં આવનાર ૧૫૦ મી જન્મજયંતિ અંતર્ગત, "સ્વચ્છ ભારત અભિયાન" હેઠળ તા.૧૬/૧૨/૨૦૧૪નાં રોજ શહેરમાં આવેલ સરકારી / અર્ધસરકારી / મહાનગરપાલિકાના તેમજ ખાનગી માલિકીના ઓપન પ્લોટની સાફ–સફાઈ કરી, જંતુનાશક દવાના છંટકાવ કરવામાં આવેલ...

**વધુ માટે કલીક કરો >>>>>>**

## સુરત મહાનગરપાલિકા – સાઉથ વેસ્ટ (અઠવા) ઝોન – અખબારી યાદી

સાઉથ વેસ્ટ (અઠવા) ઝોનનાં ઝોનલ ચીફ શ્રી ડે. કમિશ્નર શ્રી સી. વાય ભટ્ટ તથા આસી. કમિશ્નર શ્રી કમલેશ નાયક ની સૂચના અને માર્ગદર્શન તેમજ સીધી દેખરેખ હેઠળ સાઉથ વેસ્ટ (અઠવા) ઝોનનાં વોર્ડ નં. ૮૩–એ મોજે – વેસુનાં વિસ્તારમાં આવેલ કોર્મશીયલ મિલ્કતોમાં મિલ્કત વેરા વસુલાત માટે ...

**વધુ માટે કલીક કરો >>>>>>**

## સુરત મહાનગરપાલિકા – સાઉથ વેસ્ટ (અઠવા) ઝોન – અખબારી યાદી

સુ મે.કમિશ્નરશ્રીની સુચના / હુકમ અન્વયે ઝોન વિસ્તારના "૦" દબાણ રૂટ ઉપર આવેલ મિલ્કતોનાં માર્જીનમાં જે કોઈ દબાણ / ગેરકાયદેસર બાંધકામો હોય તે તાકીદે દૂર કરી માર્જીન / પાર્કિંગની જગ્યા ખુલ્લી કરવા જણાવેલ. જેના ભાગરૂપે અગાઉ અત્રેના સાઉથ વેસ્ટ(અઠવા)ઝોન વિસ્તારના ઘોડદોડ મેઈન રોડ ઉપર આ ...

**વધુ માટે કલીક કરો >>>>>>**

## પ્રેસનોટ – નોર્થ ઝોન (કતારગામ) – સુરત મહાનગરપાલિકા

નોર્થ ઝોન (કતારગામ) વિસ્તારમાં તા.૧૬/૧૨/૨૦૧૪ ના રોજ કરવામાં આવેલ કામગીરીની વિગત નીચે મુજબ છે.

આરોગ્ય વિભાગ દ્વારા ૨૭૦ મે.ટન કચરાનો નિકાલ કરવામાં આવેલ. ૬૧ ઈસમોને નોટીસ આપવામાં આવેલ તેમજ વહીવટી ચાર્જ પેટે રૂા.૫,૨૦૦/– વસુલ લેવામાં આવેલ છે ...

**વધુ માટે કલીક કરો >>>>>>**

## પૂર્વ(વરાછા)ઝોન વિસ્તારમાં ઘનિષ્ઠ દબાણ હટાવ ઝુંબેશ – અંગે અખબાર યાદી

(૧)પૂર્વ(વરાછા)ઝોન વિસ્તારના કાર્યક્ષેત્ર હેઠળ ટી.પી. સ્કીમ નં. ૧૬(કપાદ્રા) માં સ્પીનીંગ મીલની પાછળ ફા.પ્લોટ નં. ૬૦, ૬૨ પૈકી મમતા પાર્ક સોસાયટી પાછળ આવેલ દિનદયાળનગર, શ્રીરામનગર વસાહતના વસાહતીઓ દ્વારા ગેરકાયદેસર મચ્છી, ઈંડા, મટન વિગેરેનો ધંધો રસ્તા/ફુટપાથ પૈકીની જગ્યામાં અડ્ડો જમાવીને કરતા હોય, ...

**વધુ માટે કલીક કરો >>>>>>**

## સુરત મહાનગરપાલિકા – જાહેર આરોગ્ય વિભાગ – સ્વચ્છ ભારત અભિયાન

મહાત્મા ગાંધીજીની સને ૨૦૧૯માં ઉજવવામાં આવનાર ૧૫૦ મી જન્મજયંતિ અંતર્ગત, "સ્વચ્છ ભારત અભિયાન" હેઠળ તા.૧૭/૧૨/૨૦૧૪નાં રોજ શહેરમાં આવેલ હોસ્પિટલો / દવાખાનાઓ / લેબોરેટરીઓમાંથી જીપીસીબી ગાઈડ લાઈન મુજબ નિકાલ કરવામાં આવતા ...

**વધુ માટે કલીક કરો >>>>>>**

## પ્રેસનોટ – સુરત મહાનગરપાલિકા – જાહેર આરોગ્ય વિભાગ

સુરત શહેરના સાત ઝોન વિસ્તારોમાં આવેલ વિવિધ કોમર્શીયલ સંસ્થા / દુકાનો પૈકી ઘણી સંસ્થાઓ દ્વારા તેઓની પ્રિમાઈસીસમાંથી ઉત્પન્ન થતો કચરો એકત્રિત કરવા ડસ્ટબીન રાખતા ન હોવાનું કે ડસ્ટબીનમાં કચરો એકત્રિત ન કરી, જાહેર માર્ગ ઉપર સરેઆમ કચરો ફેંકતા હોવાનું ધ્યાને આવેલ છે....

**વધુ માટે કલીક કરો >>>>>>**

## પ્રેસ નોટ – સાઉથ ઈસ્ટ ઝોન(લિંબાયત) દ્વારા – ફકત ૨ જ દિવસમાં રૂા.૧૭,૩૦,૭૩૬/– ની વેરા વસુલાત

સાઉથ ઈસ્ટ ઝોન (લિંબાયત)ના ઝોનલ ચીફશ્રી જે.કે. શાહ તથા આસી. કમિશ્નરશ્રી શ્રીમતિ ગાયત્રી આર.જરીવાલાના સીધા દોરવણી હેઠળ સને ૨૦૧૪–૧૫ ના વેરાબીલો કરદાતાઓને પહોંચાડવામાં આવેલ હોવા છતાં કરદાતાઓ તરફથી મિલ્કતનો વેરો સમય મર્યાદામાં ભરપાઈ કરવામાં નહી આવતા ...

**વધુ માટે કલીક કરો >>>>>>**

### સુરત મહાનગરપાલિકા દ્વારા યોજાયેલ મુખ્યમંત્રી ગૃહ યોજના (Gujarat Rural Urban Housing )

અંતર્ગત સાકારિત થનાર ભધક તથાીયન આવાસ ફાળવણીનો ત્રીજો પસંદગી માટેનો કોમ્પ્યુટરાઈઝ્ડ ડ્રો આજરોજ ગાંધી સ્મૃતિ ભવન ,નાનપુરા સુરત ખાતે સવારે ૧૦:૦૦ કલાકે માનનીય મેયરશ્રી નિરંજનભાઈ ઝાંઝમેરાના વરદ્ હસ્તે યોજાયો હતો. દરેક અરજદારને આવાસ લોકેશનના પાંચ વિકલ્પ આપવામાં આવ્યા હતા. ...

**વધુ માટે કલીક કરો >>>>>>**

### વરાછારોડ, મીનીબજાર વિસ્તારમાં આવેલ સનરાઈઝ ચેમ્બર્સ, પ્રિન્સેસ પ્લાઝા તથા કરંજ વિસ્તારમાં આવેલ સંતોષીનગરની પર મિલકતો સીલ કરતું વરાછાઝોન

સુરત મહાનગરપાલિકાના પૂર્વ ઝોન (વરાછા) કાર્યક્ષેત્ર હેઠળનાં વોર્ડ નં.૧૮ઈ વરાછારોડ મીનીબજાર વિસ્તારમાં આવેલ સનરાઈઝ ચેમ્બર્સ, પ્રિન્સેસ પ્લાઝા તથા કરંજ વિસ્તારમાં આવેલ સંતોષીનગર સોસાયટીમાં ડાયમંડ/એમ્બ્રોઈડરી યુનિટનાં ૧૩૪ ત્ર ૧૩૦ જેટલા ઈ.સી./આર.સી. વ્યવસાયકારો ...

**વધુ માટે કલીક કરો >>>>>>**

### સાઉથ ઈસ્ટ ઝોન(લિંબાયત)માં વેરા વસુલાત ઝુંબેશ વધુ ઘનિષ્ઠ બનાવાઈ –ફકત એક જ દિવસમાં રૂા.૫,૦૦,૧૫૦/– ની વેરા વસુલાત

સાઉથ ઈસ્ટ ઝોન (લિંબાયત) દ્વારા વેરા વસુલાત ઝુંબેશ પુર જોશ માં શરૂ કરવામાં આવેલ છે. વેરા ભરપાઈ કરવામાં વિલંબ કરતા કરદાતાઓ સામે આકરા પગલા લેવામાં આવી રહયા છે.

વેરા વસુલાતની ઝુંબેશના ભાગરૂપે તા.૧૮/૧૨/૧૪ ના રોજ સહારા દરવાજા પુણા ...

**વધુ માટે કલીક કરો >>>>>>**

### પ્રેસનોટ – નોર્થ ઝોન (કતારગામ) –ં સુરત મહાનગરપાલિકા

નોર્થ ઝોન (કતારગામ) વિસ્તારમાં તા.૧૮/૧૨/૨૦૧૪ ના રોજ કરવામાં આવેલ કામગીરીની વિગત નીચે મુજબ છે.

આરોગ્ય વિભાગ દ્વારા ૨૫૧ મે.ટન કચરાનો નિકાલ કરવામાં આવેલ. ૫૮ ઈસમોને નોટીસ આપવામાં આવેલ તેમજ વહીવટી ચાર્જ પેટે રૂા.૩,૭૦૦/– વસુલ લેવામાં આવેલ છે. ...

**વધુ માટે કલીક કરો >>>>>>**

### સાઉથ (ઉધના ) ઝોન ધ્વારા મિલકત વેરા તથા વ્યવસાય વેરાની વસુલાત

સાઉથ (ઉધના) ઝોનના આકારણી અને વસુલાત વિભાગ તેમજ વ્યવસાયવેરા વિભાગે તા. ૧૫/૧૨/૨૦૧૪ થી તા. ૧૯/૧૨/૨૦૧૪ એમ પાંચ (૦૫) દિવસ દરમ્યાન સઘન વેરા વસૂલાત હાથ ધરેલ છે. જેમાં બાકી વેરા મિલકતદારોનો ...

**વધુ માટે કલીક કરો >>>>>>**

### વરાછારોડ, મીનીબજાર વિસ્તારમાં છેલ્લા બે દિવસમાં રાજહંસ ટાવર તથા કરંજ વિસ્તારની સંતોષીનગર સોસાયટીની વ્યવસાયકારોની મિલકતો સીલ કરતું વરાછાઝોન

સુરત મહાનગરપાલિકાના પૂર્વ ઝોન (વરાછા) કાર્યક્ષેત્ર હેઠળનાં વોર્ડ નં.૧૮ઈ વરાછારોડ મીનીબજાર વિસ્તારમાં આવેલ રાજહંસ ટાવર તથા કરંજ વિસ્તારમાં આવેલ સંતોષીનગર સોસાયટીમાં ડાયમંડ/એમ્બ્રોઈડરી યુનિટનાં ૧૯૩ જેટલા ઈ.સી./આર.સી. વ્યવસાયકારો ...

**વધુ માટે કલીક કરો >>>>>>**

### ગેરકાયદેસર બાંધકામ દૂર કર્યાની વિગત

સેન્ટ્રલ ઝોનનાં ઝોનલ ચીફ/સીટી ઈજનેરશ્રી તથા ટાઉન પ્લાનર(બી) અને કાર્યપાલક ઈજનેરશ્રીની સીધી સૂચના અને માર્ગદર્શન હેઠળ સેન્ટ્રલ ઝોન વિસ્તારમાં સમાવિષ્ટ વોર્ડ નં.૧૨, ચમેલી મસ્જીદની સામે, સૈયદપુરા, સુરત ખાતે આવેલ નોંધ નં.૨૪૯૨ થી ૨૪૯૯ ...

**વધુ માટે કલીક કરો >>>>>>**

### સુરત મહાનગરપાલિકા દ્વારા રાષ્ટ્રીય હાથીપગા નાબૂદી કાર્યક્રમમાં લોકોએ રૂબરૂ દવા ગળી સહકાર આપ્યો

ભારત સરકાર દ્વારા ૨૦૧૫ માં હાથીપગાને દેશમાંથી નિકાલ કરવાનું આયોજન કરવામાં આવેલ છે. જેના અનુસંધાને ગુજરાત સરકારના આદેશાનુસાર તમામ સુરત શહેરને તા.૧૪ ડિસેમ્બરથી ૨૦ ડિસેમ્બર સુધી ફાઈલેરીયાની દવા (ડી.ઈ.સી. અનેઆલ્બેન્ડેઝોલ) રૂબરૂ ગળાવવાનું આયોજન કરવામાં આવેલ હતું....

**વધુ માટે કલીક કરો >>>>>>**

### સાઉથ ઈસ્ટ ઝોન(લિંબાયત)માં વેરા વસુલાત ઝુંબેશ વધુ આક્રામક બનાવાઈ – બે જ દિવસમાં રૂા.૫૦,૬૩,૫૮૦/– ની વેરા વસુલાત

સાઉથ ઈસ્ટ ઝોન (લિંબાયત) દ્વારા વેરા વસુલાત ઝુંબેશ વધુ આક્રામક બનાવામાં આવેલ છે.વેરા ભરપાઈ કરવામાં વિલંબ કરતા કરદાતાઓ સામે આકરા પગલા લેવામાં આવી રહયા છે ...

**વધુ માટે કલીક કરો >>>>>>**

# પ્રેસનોટ – સુરત મહાનગરપાલિકા – જાહેર આરોગ્ય વિભાગ

ભારત સરકારશ્રીના મહાત્માગાંધી સ્વચ્છતા મિશન અંતગર્ત "સ્વચ્છ ભારત અભિયાન" સુરત મહાનગરપાલિકા દ્વારા હાથ ધરવામાં આવેલ છે. જેના ભાગરૂપે સ્વચ્છતા સંબંધિત કરવાની રહેતી વિવિધ કામગીરીઓ પૈકીની પે એન્ડ યુઝ ટોયલેટ સ્વચ્છતા અંગેની ચેકીંગની કામગીરી તા.૧૧/૧૨/૨૦૧૪ના રોજ વિવિધ ઝોનનાં આરોગ્ય વિભાગના સુપરવાઈઝરી દ્વારા હાથ ધરવામાં આવેલ. જે કામગીરીની ચેકીંગની વિગતવાર માહિતી નીચે કોષ્ટકમાં દર્શાવ્યાનુસાર છે.

| ઝોનનું નામ | પે એન્ડ યુઝ ટોયલેટ બ્લોકના સાફ–સફાઈની ચેકીંગની કામગીરી | | | |
|---|---|---|---|---|
| | બ્લોકની સંખ્યા | સફાઈ થયેલ છે. | આપવામાં આવેલ નોટીસ | વસુલેલ વહીવટી ખર્ચ(રૂા.) |
| સેન્ટ્રલ | 20 | હા | 15 | 0 |
| વેસ્ટ | 12 | હા | 0 | 0 |
| સાઉથ | 37 | હા | 01 | 1400 |
| સાઉથ–ઈસ્ટ | 31 | હા | 19 | 1800 |
| ઈસ્ટ | 28 | હા | 0 | 0 |
| સાઉથ–વેસ્ટ | 15 | હા | 0 | 500 |
| નોર્થ | 19 | હા | 5 | 100 |
| કુલ | 162 | — | 40 | 3800 |

ઉકત, અભિયાન હેઠળ વિવિધ ઝોનમાં કુલ ૧૬૨ પે એન્ડ યુઝ ટોયલેટ બ્લોકમાં દૈનિક કરવાની રહેતી સાફ–સફાઈની તથા અન્ય કામગીરીનું ચેકીંગ કરવામાં આવેલ છે. આ અભિયાન દરમ્યાન કુલ ૪૦ સંચાલકોને પે એન્ડ યુઝ ટોયલેટ બ્લોકમાં જણાયેલ વિવિધ ખામીઓ અંતગર્ત નોટીસ પાઠવીને રૂા.૩૮૦૦/– વહીવટી ખર્ચની વસુલાતની કામગીરી કરવામાં આવેલ છે.

# પ્રેસનોટ

સુરત મહાનગરપાલિકા ધ્વારા શહેરના નાગરિકોની ફરીયાદનું અસરકારક નિરાકરણ લાવવા તેમજ ફરીયાદીને ફરીયાદની કાર્યવાહીની સમયાંતરે જાણ કરવાના હેતુથી ઓનલાઈન કમ્પલેઈન મેનેજમેન્ટ સીસ્ટમ અમલમાં મુકવામાં આવેલી છે. જે અન્વયે મળતી ઓનલાઈન ફરીયાદોની તેની નકકી થયેલ સમયમર્યાદામાં અગ્રિમતાના ધોરણે નિકાલ કરવાનો રહે છે. જે અન્વયે જે–તે ઝોન/ ખાતાના જવાબદાર અધિકારીઓએ ૩૦ દિવસ કરતા વધુ સમયથી પેન્ડીંગ હોય તેવી ફરીયાદો અંગે અંગત લક્ષ આપી ફરીયાદોનો અગ્રિમતાના ધોરણે નિકાલ થાય તે મુજબની વ્યવસ્થા કરવાની દર મહિને મળતી સમીક્ષા બેઠકોમાં મ્યુ.કમિશ્નર ધ્વારા સૂચના આપવામાં આવેલ છે.

ઉધના ઝોનમાં એક અરજદાર ધ્વારા બાગ–બગીચા અંગે કરેલ ઓનલાઈન ફરીયાદ અંગે ડો.એસ. જે. ગૌતમ તથા શ્રી દેવીદાસ હરપ્લાનીએ કોઈ નિકાલ ન કરતા તેઓ સામે કાયદેસરના પગલા લેવા બાબતે અરજદારે ફરીથી તા.૦૨/૧૧/૨૦૧૪ ના રોજ ઓનલાઈન ફરીયાદ દાખલ કરેલ. જે ફરીયાદનો સમયમર્યાદામાં નિકાલ કરવાની જવાબદારી આસી.કમિશ્નર શ્રી અજીતસિંહ રાજની હતી. સદર ફરીયાદનો તેઓએ લાંબા સમય સુધી નિકાલ કરેલ નહી કે તે અંગે અરજદારને કોઈ કોમ્પ્લાયન્સ પણ પાઠવેલ નહી.

તે જ પ્રમાણે બીજા કિસ્સામાં વરાછાઝોનમાં એક અરજદાર તા.૦૯/૧૧/૧૪ ના રોજ વરાછાઝોનમાં ગટર અને વરસાદી ગટરના બિનહયાત/તુટેલ મેનહોલ કવર બાબતે કરેલ ઓનલાઈન ફરીયાદનો સમયમર્યાદામાં નિકાલ કરવાની જવાબદારી વરાછાઝોનના ડે.ઈજનેર શ્રી નિપુણ વી. ત્રિવેદીની હતી. જે ફરીયાદનો તેઓએ પણ લાંબા સમય સુધી નિકાલ કરેલ નહી કે તે અંગે અરજદારને કોઈ કોમ્પ્લાયન્સ પણ પાઠવેલ નહી.

જેથી સદર બંને અધિકારીઓ ઉચ્ચ હોદ્દા પર ફરજ બજાવતા હોય, વહીવટી સંકલન તેમજ ફરીયાદનો નિકાલ કરવા માટે અરજદારનો સંપર્ક કરી પ્રશ્નનો નિકાલ લાવવાની તેમજ આવી ફરીયાદ તેમના તાબા હેઠળના વિભાગને લગતી અથવા પોતાના કાર્યક્ષેત્રની ના હોય ત્યારે મહાનગરપાલિકાના સંબંધિત અધિકારી અને વિભાગને તે ફરીયાદ તબદીલ કરી તેની જાણ અરજદારશ્રીને થાય તે રીતે સીસ્ટમ અપડેઈટ કરવાની પ્રાથમિક જવાબદારી હોવા છતાં તેમણે દાખવેલી ફરજચૂક અને ગંભીર બેદરકારી બાબતે કમિશ્નરશ્રી ધ્વારા તા.૧૧/૧૨/૨૦૧૪ ના રોજ હુકમો ઈસ્યુ કરી આસી.કમિશ્નર શ્રી અજીતસિંહ રાજ તેમજ ડે.ઈજનેર શ્રી નિપુણ વી. ત્રિવેદીનો એક દિવસનો પગાર કાપી દંડ તરીકે વસુલ કરવાનો તેમજ ભવિષ્યમાં ફરીયાદના નિકાલ બાબતે પુનરાવર્તન ન થાય તે માટે તાકીદ કરી કાળજી રાખવાનો હુકમ ફરમાવ્યો હતો.

## પ્રેસનોટ – કતારગામ ઝોન

## કતારગામ ઝોન વિસ્તારમાં તા.૧૧/૧૨/૨૦૧૪ ના રોજ કરવામાં આવેલ કામગીરીની વિગત નીચે મુજબ છે.

આરોગ્ય વિભાગ દ્વારા ૨૬૩ મે.ટન કચરાનો નિકાલ કરવામાં આવેલ છે.૪૬ ઈસમોને નોટીસ આપવામાં આવેલ તેમજ વહીવટી ચાર્જ પેટે રૂા.૧,૨૦૦/– વસુલ લેવામાં આવેલ છે.વી.બી.ડી.સી.વિભાગ દ્વારા ૧૦૩૭૬ ઘરોનો સર્વે કરવામાં આવેલ.જે પૈકી ૧૧૨૮ વ્યકિતની સ્લાઈડ લેવામાં આવેલ છે.ઘરોનો સર્વે દરમ્યાન ૪૯ જગ્યાએ માલુમ પડેલ બ્રિડીંગનો નાશ કરવામાં આવેલ છે.૪૩ ઈસમોને નોટીસ આપવામાં આવી તેમજ સ્થળ ઉપર વહીવટી ચાર્જ પેટે રૂા.૩૦૦/– વસુલ લેવામાં આવેલ છે.

આકારણી અને વસુલાત વિભાગ દ્વારા વેરા પેટે રૂા.૧૬,૧૫,૦૭૭/– વસુલાત કરવામાં આવેલ છે.તેમજ વ્યવસાય વેરા વિભાગ દ્વારા કતારગામ ઝોન વિસ્તારમાંથી રૂા.૧૩,૮૬,૬૮૦/–વસુલ કરવામાં આવેલ છે.

ઈમ્પેકટ ફીની ૭૦ અરજીઓ મંજુર કરવામાં આવેલ છે.ઈમ્પેકટ ફી પેટે રૂા.૮,૩૬,૪૪૯/– ની વસુલાત કરવામાં આવેલ છે. ભધક આવાસ માંથી રૂા.૧,૧૬,૬૧૫/– હપ્તાની વસુલાત કરવામાં આવેલ છે.તેમજ દબાણ વિભાગ દ્વારા ૧૭ લારી જપ્ત કરવામાં આવેલ છે.

# પ્રેસનોટ

સુન્ટ્રલ ઝોન  સમાવિષ્ટ ભાભાનીવાડી,કોલસાવાડ મછંરપુરા ઝુંપડપટ્ટીના માન્ય યાદીના–પર તથા સ્વામીનારાયણ ચાલના માન્ય યાદીના–રર લાભાર્થીઓને ટી.પી. ૩૧ (અડાજણ) ફા.પ્લોટ નં.૧૯૧ (૭૪ લાભાર્થીઓને) ખાતેના સંપૂર્ણ સુવિધાયુકત બે રૂમ,રસોડું,સંડાશ,બાથરૂમની સગવડવાળા JNNURM-BSUP અંતર્ગત આવાસોમાં સ્થળાંતર કરવાની કાર્યવાહીના ભાગરૂપે આવાસો ફાળવવાનો ડ્રો તા.૧ર/૧ર/ર૦૧૪ ના રોજ સવારે ૧૧:૦૦ કલાકે મોરચો હોટલ પાસે,સલાબતપુરા ખાતે સેન્ટ્રલ ઝોનના તથા સ્લમ અપગ્રેડેશન વિભાગના અધિકારી/કર્મચારીઓ તથા સ્લમ ઈમ્પ્રુવમેન્ટ કમિટિના ચેરપર્સન શ્રીમતી મીતાબેન અનીલભાઈ ચૌહાણ તથા મ્યુ.સભ્યશ્રી મનોજભાઈ લોટવાલાની ઉપસ્થિતિમાં કરવામાં આવેલ છે.સંપૂર્ણ સુવિધાયુકત આવાસોમાં સ્થળાંતર થયેથી સદર ઝુંપડાવાસીઓનું જીવનધોરણ ઉચુ લાવી શકાશે.

## પ્રેસનોટ

ગુજરાત સરકાર ધ્વારા''મહાત્મા ગાંધી સ્વચ્છતામિશન'' અંતર્ગતમાર્ચ -૨૦૧૫ સુધી સ્વચ્છતા – આરોગ્યલક્ષી વિવિધ કામગીરીઓ કરવાની છે. જે કામગીરીઓ પૈકી તા. ૧૨–૧૨–૧૪ નાં રોજ શહેર વિસ્તારમાં આવેલ હોટલો / રેસ્ટોરન્ટ અને ખાધપદાર્થોનું વેચાણ કરતી લારીઓનું તમામ ઝોનનાં આરોગ્યવિભાગધ્વારા ધનિષ્ઠ ચેકીંગ કરવામાં આવેલ હતું.

આ ધનિષ્ઠ ચેકીંગ દરમ્યાન કસુરવારો સામે કડક કાર્યવાહી હાથ ધરવામાં આવેલ તેમજ વહીવટી ખર્ચ પણ વસુલ કરવામાં આવ્યો હતો. આ કામગીરી દરમ્યાન સ્વચ્છતા અંગે જરૂરી સ્ટાફ ધ્વારા આરોગ્યલક્ષી શિક્ષણ / સમજ પણ આપવામાં આવી હતી.

વધુમાં આગામી દિવસોમાં પણ ''મહાત્મા ગાંધી સ્વચ્છતામિશન'' અંતર્ગતની કામગીરીઓ હાથ ધરવામાં આવશે. આજ તા. ૧૨–૧૨–૧૪ નાં રોજ ઝોનવાઈઝ કરવામાં આવેલ કામગીરીની વિગત નીચે મુજબ છે.

| અ. નં. | ઝોનનું નામ | ચેક કરેલ હોટલ / રેસ્ટોરન્ટ / લારીઓની સંખ્યા | વહીવટી ખર્ચ | નોટીસ | નાશ કરવામાં આવેલ અખાધ પદાર્થ (કિ.ગ્રા.) |
|---|---|---|---|---|---|
| ૧ | સેન્ટ્રલ ઝોન | ૧૯૮ | ૧૯૨૫૦ | ૧૧૯ | ૨૯.૯૫૦ |
| ૨ | રાંદેર ઝોન | ૧૦૧ | ૧૩૬૦૦ | ૩૫ | ૦૬.૦૦૦ |
| ૩ | વરાછા ઝોન | ૧૪૮ | ૧૩૫૦૦ | ૨૪ | ૩૨.૦૦૦ |
| ૪ | ઉધનાઝોન | ૧૮૩ | ૨૧૬૫૦ | ૧૧ | ૨૫.૨૦૦ |
| ૫ | કતારગામ ઝોન | ૧૭૭ | ૧૪૯૦૦ | ૧૦૬ | ૬૭.૩૦૦ |
| ૬ | અઠવા ઝોન | ૧૩૩ | ૧૨૪૦૦ | ૩૫ | ૨૪.૦૦૦ |
| ૭ | લીંબાયત ઝોન | ૧૬૦ | ૧૨૧૦૦ | ૫૯ | ૧૯.૦૦૦ |
| | કુલ | 1100 | 1,07,400 | 389 | 203.450 |

## પ્રેસનોટ

## 'રોલ ઓફ વુમન ઈન રેસીડેન્શીયલ એનર્જી સેવિંગ '

શહેર ની સતત વધતી રહેલ વસ્તીના કારણે પુરી પાડવામાં આવતી સુવિધાઓમાં પણ વધારો કરવામાં આવી રહયો છે.તેમજ પરંપરાગત ઉર્જા સ્ત્રોતોમાં થઈ રહેલ સતત ઘટાડાના કરાણે ઉર્જા દર પણ સતત વધી રહયો છે.ભારત સરકારના નવીન અને નવીકરણ ઉર્જા મંત્રાલય( MNRE ) દ્વારા 'ડેવલપમેન્ટ ઓફ સોલાર સીટીઝ ' પ્રોગ્રામ જાહેર કરેલ સદર પ્રોગ્રામ અંતર્ગત સુરત શહેર ને MNRE દ્વારા 'સોલાર સીટી' તરીકે જાહેર કરેલ છેMNRE ના ''ડેવલપમેન્ટ ઓફ સોલાર સીટીઝ'' પ્રોગ્રામ નો મુખ્ય હેતુ વર્ષ ૨૦૧૬–૧૭ સુધીમાં ઉર્જા વપરાશની કાર્યક્ષમતા વધારવા અને ઉર્જા ઉત્પાદન દ્વારા જુદા જુદા ચાર સેકટરો જેવા કેમ્યુનીસીપલ,કોમર્શિયલ, ઈન્ડસ્ટ્રીયલ તથા રેશીડેન્સીયલ સેકટરમાં પરંપરાગત ઉર્જાના વપરાશમાં ૧૦% ઘટાડો કરવાનો છે.

MNRE દ્વારા એપ્રુવ કરવામાં આવેલ માસ્ટર પ્લાન અનુસાર કરવાની રહેતી લોક જાગૃતિ અંગેની IEC (INFORMATION,EDUCATION AND COMMUNICATION) એકિટવિટીઝ નું પણ ખુબ મહત્વ છે જે માટે અત્રે દ્વારા સાઉથ ગુજરાત યુનિવર્સીટીના સહકારથી IEC એકિટવિટીઝ માટેનો વર્ષ ૨૦૧૬–૧૭ સુધી રોડ મેપ પણ તૈયાર કરવામાં આવેલ છે.જેમાં રેસીડેન્સીયલ સેકટરમાં એનર્જી કન્ઝરવેશન તથા રીન્યુએબલ એનર્જી ને ઉત્તેજન આપવા,રેશીડેન્સીયલ સેકટરમાં વધતા જતા વીજળી ખર્ચમાં કરી શકાય એટલી વધુ બચત કરવા,રીન્યુએબલ એનર્જીને ઉર્જા બચત અંગે સુરત શહેર ની જાહેર જનતા માં જાગૃતી લાવવા માટે કીફાયતી દરે વિવિધ ઉર્જા બચત અંગેના ઉપકરણોનું સુરત શહેરના નાગરીકો ને વેચાણ કરવાના હેતુસર ''સુરત સોલાર સીટી પેવેલિયન'' નું આયોજન તેમજ શાળા/કોલેજોના વિધાર્થીઓમાં ઉર્જા બચત તથા રીન્યુરેબલ એનર્જી અંગેના પત્રકો છપાવી તેનું નાગરીકોમાં વિતરણ કરવું જેવા વિવિધ સેમીનાર/પ્રોગ્રામો સુરત મહાનગરપાલિકા દ્વારા કરવામાં આવી રહેલ છે.

જેના ભાગરૂપે સુરત મહાનગરપાલિકા દ્વારા આજરોજ '' રાષ્ટ્રીય ઉર્જા દિવસ '' ના અવસરે '' રોલ ઓફ વુમન ઈન રેસીડેન્શીયલ એનર્જા સેવિંગ'' અંગે એક રાજય કક્ષાની ગોષ્ઠીનું આયોજન કરેલ છે.

''સ્ત્રી સશકિતકરણ સમાજ ની પ્રગતિ માટે ફરજિયાત છે.'' જેના અનુસંધાનમાં અત્રે ઉલ્લેખનીય છે.કે,રેસીડેન્શીયલ સેકટરમાં ઉર્જાના ઉપયોગમાં મહિલાઓ નો ખુબ જ મોટો રોલ રહેલો છે.જેને ઉડાણપૂર્વક સમજવા તેમજ ઉર્જા તથા તેના કરકસરયુકત ઉપયોગ અંગે મહિલાઓને જાગૃત કરવાના અર્થે આ ગોષ્ઠીનું આયોજન કરેલ છે.

સુરત શહેરના કુલ ઉર્જા વપરાશમાં રેશીડેન્સીયલ સેકટરનો ફાળો ૨૧% જેટલો છે.સબબ આ સેકટર ખુબ જ મહત્વ ધરાવતો હોય અને એમાં મહિલા સશકિતકરણ થી જ ઉર્જા બચત સભવ હોય સદર ગોષ્ઠીનું આયોજન કરેલ છે.

સદર ગોષ્ઠીમાં ગુજરાત રાજયના તમામ મહિલા જન પ્રતિનીધીઓને આમત્રિત કરવામાં આવેલ છે.કે જેથી તજજ્ઞો તરફથી ઉર્જા બચત સદર્ભે જ્ઞાન મેળવી પોત પોતાના ક્ષેત્રમાં લોકોને જન પ્રતિનીધીઓ દ્વારા જાગ્રત કરી શકાય. વધુમાં સદર ગોષ્ઠીમાં શિક્ષકોને પણ આમત્રિત કરવામાં આવેલ છે.જેથી શિક્ષકો થકી જ આવનાર પેઢીને ઉર્જા પ્રત્યે જાગ્રતકરીશકાય.

## સુરત મહાનગરપાલિકા – આરોગ્ય વિભાગ – પ્રેસનોટ–૧

મહાત્મા ગાંધીજીની સને ૨૦૧૯માં ઉજવવામાં આવનાર ૧૫૦ મી જન્મજયંતિ અંતર્ગત, ''સ્વચ્છ ભારત અભિયાન'' અંગે વિવિધ યોજનાઓ / કાર્યક્રમો / પ્રવૃત્તિઓ અમલમાં મુકી સ્વચ્છ ગુજરાત – સ્વસ્થ ગુજરાત કરવા, ગુજરાતને ઝીરો વેસ્ટ, ડસ્ટ ફ્રી અને ખુલ્લામાં શૌચક્રિયા મુકત કરવા નકકી કરવામાં આવેલ છે.

સુરત મહાનગરપાલિકા દ્વારા સાત ઝોનના મોટાભાગના વિસ્તારોમાં હાલ કન્ટેઈનર લીફટીંગની કામગીરી સવારના ૭:૩૦ કલાક બાદ શરૂ કરવામાં આવે છે, શહેરના કેટલાંક ઝોન વિસ્તારમાં વિવિધ કન્ટેઈનર સ્પોટ ખાતે મુકવામાં આવેલ કન્ટેઈનરો પૈકીના કેટલાક કન્ટેઈનરો ખાતે મ્યુ.સોલીડ વેસ્ટની આવકનું ભારણ સવિશેષ રહેતું હોવાના કારણસર આવા કન્ટેઈનરો સવાર સુધીમાં સંપુર્ણપણે ભરાઈ જતાં હોઈ, કેટલીક વાર આવા કન્ટેઈનરોની આસપાસ કચરા એકત્રીત થતો હોવાનું ધ્યાને આવેલ છે, તદઉપરાંત આવા કન્ટેઈનરો સવારે ૭:૩૦ કલાક બાદ ઉપાડવામાં આવતા છે. આ સમયે મોર્નીંગ સ્કુલના બાળકો ઉપરાંત માર્કેટ વિસ્તારોમાં શહેરમાં રહેતા પરપ્રાંતિ લોકો તથા આજુ–બાજુના વિસ્તારોમાંથી નોકરી – ધંધા માટે આવતા લોકોની અવર–જવર શરૂ થઈ જાય છે જયારે સુરત મહાનગરપાલિકાનો કન્ટેનર ઉપાડવાનો સમય ત્યારબાદનો છે, પરિણામે કન્ટેનરોની આસ–પાસ એકત્રિત થયેલ કચરાના કારણે ગંદકી પ્રમાણ હોવાનું જણાય છે.

''સ્વચ્છ ભારત અભિયાન'' અંતર્ગત શહેરની સ્વચ્છતાનું ધોરણ અને ''સ્વચ્છ સુરત – સુંદર સુરત''ની છબી જળવાઈ રહે તે હેતુસર શહેરના સાત ઝોન વિસ્તારોમાં વિવિધ સ્થળોએ આવેલ એવા કન્ટેનરો કે જે સંપુર્ણપણે કચરાથી ભરાઈને ઓવરફલો થઈ, કચરો કન્ટેનરની આસ–પાસ જમા થાય તે પહેલાં એટલે કે સવારે ૬:૦૦ કલાક પહેલાં અને જરૂર જણાય તો મોડી રાત્રે પણ આવા કન્ટેરો ઉપાડી લેવાની કામગીરી મહાનગરપાલિકા શરૂ કરવામાં આવેલ છે. જેને પરિણામે શહેરની સ્વચ્છતા–સફાઈ કામગીરીની ગુણવત્તામાં વધારો થવા પામેલ છે.

આમ, ''સ્વચ્છ ભારત અભિયાન'' અંતર્ગત શહેરની સ્વચ્છતાનું ધોરણ તથા ગુણવત્તામાં હજી વધારો કરી શકાય તે માટે મહાનગરપાલિકા દ્વારા તમામ પ્રયત્નો હાથ ધરવામાં આવી રહેલ છે.

# પ્રેસનોટ – વરાછાઝોન મેઈનરોડ પર બ્રીજ નીચે ડીમોલીશન તથા દબાણ દુર કર્યા બાબત.

વરાછા મેઈનરોડ પર બ્રીજ નીચે રહેતા વાઘરી લોકોને દુર કરવામાં આવ્યા તથા એક ગાડી જેટલો ઘર વકરીનો સામાન જપ્ત કરવામાં આવ્યો જે કામગીરી સફળતા પુર્વક પાર પાડવામાં આવી.

# પ્રેસ નોટ – પુર્વ (વરાછા) ઝોનમાં દબાણ હટાવ ઝુંબેશ

**પુર્વ (વરાછા) ઝોનમાં આજરોજ તા. ૧૩/૧૨/૨૦૧૪ નાં રોજ વિવિધ વિસ્તારોમાં દબાણ હટાવવાની કામગીરી અંતર્ગત વરાછા મેઈન રોડ તથા અશ્વનીકુમાર રોડ ઉપર વર્ષોથી અડીંગો જમાવી બેઠેલા વાઘરી/બાવરી સમાજનાં લોકોને સ્થળ ઉપરથી હટાવવાની કામગીરી કરવામાં આવેલ. જે અંર્તગત વરાછા મેઈનરોડ ઉપર ફુટપાથ ઉપર તથા ફલાય ઓવર બ્રીજ નીચે દબાણ કરી ગંદકી કરતાં ઈસમોને આજરોજ બળ પૂર્વક દૂર કરવામાં આવેલ તથા તેઓનો ઘરવખરીનો સામાન જપ્ત કરી અત્રેનો દબાણ ડેપો ખાતે જમા લેવામાં આવેલ છે. અત્રે ઉલ્લેખનીય છે કે સદર સ્થળોએ આ પ્રકારે દબાણ કરતા ઈસમોને સ્થળ ઉપરથી ખસેડી તેઓને સામાન જપ્ત કરવાની કામગીરી અત્રેથી ભૂતકાળમાં પણ વારંવાર કરવામાં આવી છે. ભવિષ્યમાં પણ આ રીતે દબાણ કરતા ઈસ્મોને સ્થળ ઉપરથી દૂર કરી તેઓનાં સામાન જપ્ત કરવાની કામગીરી કરવામાં આવશે.**

# પ્રેસનોટ

આથી જણાવવાનું કે,સુરત મહાનગરપાલિકાના સેન્ટ્રલ ઝોન  વિસ્તારમાં અતિસંવેદનશીલ વિસ્તાર ચૌટાબજારમાં તા.૧૩/૧૨/૨૦૧૪ (બીજો શનિવાર)ના દિને મા.મ્યુ.કમિશનર સાહેબશ્રી સીટી ઈજનેરશ્રી ની સુચના અન્વયે સવારે ૧૦:૦૦ કલાકે દબાણ દુર કરવાની કામગીરી હાથ ધરવામાં આવેલ. સદરહુ કામગીરીમાં નીચે મુજબનો જરૂરી સ્ટાફ હાજર રહેલ.

સીટી ઈજનેરશ્રી જતીન શાહ,એડી.સીટી ઈજનેરશ્રી ખટવાણી અને કાર્યપાલક ઈજનેરશ્રી –૦૨ ,સીકયોરીટી ઓફિસરશ્રી,ડે.ઈજનેરશ્રી ૦૩,આસી.ઈજનેર/જુની ઈજનેર–૧૪,સીકયોરીટી ગાર્ડ–૩૦,ટેક.આસી.–૧૪,બેલદાર–૧૦૦,ટ્રક/ગાડી–૧૦.

સેન્ટ્રલ ઝોન ધ્વારા આસી.ઈજનેર/જુની ઈજનેર–૦૪ ટીમ બનાવેલ અને આ ટીમે સમગ્ર ચૌટાબજારમાં આશરે ૪૦૦ દુકાનોનો સર્વે કરેલ છે.અને સર્વે મુખ્યત્વે તમે કેટલા વર્ષ થી ચૌટાબજાર માં ધંધો કરો છો તે અને તમારી દુકાનની બહાર દબાણ થાય છે.તેમાં તમારી સંમતિ/મંજુરી છે કે નહિ તેની માહિતી એકત્ર કરેલ છે.

ટોરેન્ટ પાવાર કાં.ની આખી ટીમ ધ્વારા  સમગ્ર ચૌટાબજારમાં જે–જે  દુકાનધારકો પોતાની દુકાનમાંથી બહાર ગેરકાયદેસર દબાણ કરતા ફેરીયાઓ/લારીવાળાઓને વીજળીનું કનેકશન પુરૂ પાડે છે તે તમામ દુકાનધારકોની ટોરેન્ટ પાવર કાં.ધ્વારા કડક ચકાસણી કરવામાં આવેલ અને ચકાસણી દરમ્યાન જે– જે દુકાનધારકોના વિજળીના કનેકશન ગેરકાયદેસર હતા તે દુર કરવામાં આવેલ છે.અને આગામી દિવસોમાં ટોરેન્ટ પાવર ધ્વારા વિજળી  એકટ અન્વયે કડક કામગીરી હાથ ધરવામાં આવનાર છે.

સુરત મહાનગરપાલિકા ધ્વારા જે–જે દુકાનધારકો ધ્વારા પોતાની દુકાનના ભાગમાં ઓટલા બનાવેલ છે તે દુર કરી ત્યાં રસ્તા બનાવવાની કામગીરી પણ હાથ ધરવામાં આવશે.

આજે સાંજે ૫–૩૦ કલાકના સમય દરમ્યાન ચૌટાબજારના દબાણની કામગીરીમાં ફેરીયાઓ ધ્વારા સંઘર્ષનો બનાવ બનેલ જે ધ્યાને લઈ પોલીસને ૧૦૦ નંબર પર ફોન કરી સ્થળ ઉપર પોલીસ બોલાવવામાં આવેલ  અને ત્યારબાદ ફરીથી કામગીરી શરૂ કરવામાં આવેલ છે.

મહેરબાન મ્યું.કમિશનરશ્રી ધ્વારા સમગ્ર દબાણની કામગીરીનું મોનીટરીંગ કરી આખા દિવસ દરમ્યાન કરવામાં આવેલ છે. અને તેમની સુચના અન્વયે આજે રાત્રે ૯–૦૦ કલાક સુધી કામગીરી કરવામાં આવનાર છે.અને આવતી કાલે (રવિવારે) પણ કામગીરી ચાલુ રહેશે.વધુમાં આજરોજ સાંજે ૫–૦૦ કલાકે ચૌટાબજારમાં પ્રચારગાડી ફેરવવામાં આવેલ છે.અને જરૂરી સુચનાઓ આપવામાં આવેલ છે.

ચૌટાબજારમાં ફેરીયાઓ ધ્વારા ઠેર ઠેર દિવાલો પર લોખંડના હુક,લોખંડની એન્ગલ,લાકડાના વાસ કરીને દબાણો કરતા હતા જે સમગ્ર દબાણો દુર કરવામાં આવેલ છે.વધુમાં દુકાનોધારકો પોતાની દુકાનની ઉપર જે પ્લાસ્ટીક (તાડપત્રી) લગાવવામાં આવેલ તે પણ દુર કરવામાં આવેલ છે.

આજરોજ જપ્ત કરવામાં આવેલ વસ્તુઓની યાદી

(૧) સ્ટીલ સ્ટેન્ડ –૦૭

(૨) કાઉન્ટર–૦૪

(૩) ટેબલ/ખુરશી–૨૩

(૪) સ્ટેચ્યુ–૦૯

(૫) સાઈન બોર્ડ– ૦૩

(૬)સ્ટીલની જાળી –૦૪

(૭) પલંગ–૦૧

(૮) ચંપલ અને બેગના પોટલા –૦૫

## સુરત મહાનગરપાલિકા – આરોગ્ય વિભાગ –પ્રેસનોટ–૨

સુરત મહાનગરપાલિકા દ્વારા સાત ઝોન વિસ્તારની ડોર ટુ ડોર ગાર્બેજ કલેકશનની કામગીરી અલગ–અલગ સાત એજન્સીઓને સોંપવામાં આવેલ છે. મહાત્મા ગાંધીજીની સને ૨૦૧૯માં ઉજવવામાં આવનાર ૧૫૦ મી જન્મજયંતિ અને ''સ્વચ્છ ભારત અભિયાન'' અંતગર્ત શહેરની સ્વચ્છતા–સફાઈની ગુણવત્તા હજી વધારે સુધારી શકાય તે માટે સવારની શીફટ દરમ્યાન શહેરનાં રહેણાંક વિસ્તારોમાં, જયારે સાંજના સમયે કોમર્શીયલ વિસ્તારોમાં કરાવવામાં આવતી ડોર ટુ ડોર ગાર્બેજ કામગીરી વધુ  ઘનિષ્ઠ બનાવી શકાય તે હેતુસર વિવિધ એજન્સીઓ દ્વારા કરવામાં આવતી આ કામગીરીનું ઘનિષ્ઠ ચેકીંગ મહાનગરપાલિકા દ્વારા તા.૦૧/૧૨/૨૦૧૪ થી તા.૦૭/૧૨/૨૦૧૪ના સમયગાળા દરમ્યાન હાથ ધરવામાં આવેલ. જે દરમ્યાન આ કામગીરીમાં આચરવામાં આવેલ વિવિધ અનિયમિતતા જેવી કે, (૧) જે–તે રૂટના તમામ રહેણાંક અને કોમર્શીયલ યુનિટો કવર કરવામાં આવેલ ન હોઈ, (૨) જે–તે રૂટની કામગીરી નિર્ધારિત સમયે શરૂ કરવામાં આવેલ ન હોઈ, (૩) બ્રેક–ડાઉન થયેલ વાહનના બદલામાં અન્ય વાહન નિયત સમયમાં ફાળવેલ ન હોઈ, (૪) વાહન દીઠ ૦૨ સ્વચ્છતા મિત્રો ફાળવેલ ન હોઈ, (૫) નિયત રૂટને બદલે અન્ય રૂટ પરથી ગાર્બેજનું એકત્રિકરણ કરવામાં આવતું હોઈ અથવા ગાર્બેજ સિવાયનું અન્ય મટીરીયલ્સ એકત્રિત કરવામાં આવતું હોઈ, (૬)  કચરો અલગ કરી, કોળથા/બેગ/થેલામાં એકત્રિત કરી, કોળથા/બેગ/થેલા વાહન ઉપર લટકાવવામાં આવેલ હોઈ, (૭) કામગીરીમાં રોકાયેલ એજન્સી તમામ કર્મચારીઓ દ્વારા યુનીફોર્મ કે સેફટીના સાધનો (માસ્ક, ગમબુટ, ગ્લોઝ વિ.) પહેરલ ન હોઈ અથવા આઈ કાર્ડ રાખવામાં આવેલ ન હોઈ, તથા (૮) નિયત કરેલ સુપરવાઈઝરો ફાળવવામાં આવેલ ન હોઈ વિગેરે અનિયમિતતા બદલ તા.૦૧/૧૨/૨૦૧૪ થી તા.૦૭/૧૨/૨૦૧૪ સુધીના સમયગાળા દરમ્યાન તમામ ઝોનની જુદી–જુદી એજન્સીઓ મળી કુલ રૂા.૧,૪૦,૨૨૦/– પેનલ્ટી વસુલવામાં આવેલ છે.

આ કામગીરી જાહેર જનતાના સહકારથી વધુ પરીણામલક્ષી બનાવી શકાય તથા લોકોને આ કામગીરી અંગે નિયમિત અને સારી સેવા પુરી પાડી શકાય અને લોકોની આ કામગીરી અંગેની ફરીયાદનું સરળતાથી નિવારણ કરી શકાય તે માટે ઝોન વાઈઝ હેલ્પ લાઈન નંબરો ઉપલબ્ધ કરાવવામાં આવેલ છે. જેથી જે–તે ઝોન વિસ્તારના લોકો આ કામગીરી અંગે પોતાની કોઈ પણ ફરીયાદ નીચે જણાવેલ હેલ્પ–લાઈન નંબર ઉપર સીધે–સીધી નોંધાવી શકે છે.

| અ. નં. | ઝોનનું નામ | એજન્સીનું નામ | હેલ્પલાઈન નંબર |
|---|---|---|---|
| 1 | સેન્ટ્રલ | પી.ગોપીનાથ રેડ્ડી | 83477 70456 |
| 2 | વેસ્ટ (રાંદેર) | વેસ્ટર્ન ઈમેજનરી ટ્રાન્સકોન પ્રા.લિ. | 6455527 |
| 3 | સાઉથ–ઈસ્ટ (લિંબાયત) | ભૂમિકા ટ્રાન્સપોર્ટ | 6061116 |
| 4 | સાઉથ–વેસ્ટ (અઠવા) | ગ્લોબલ વેસ્ટ મેનેજમેન્ટ સેલ પ્રા.લિ. | 8511191874 |
| 5 | ઈસ્ટ (વરાછા) | મે.જીગર ટ્રાન્સપોર્ટ | 90998 74447 |
| 6 | સાઉથ (ઉધના) | સેન્ટર ફોર ડેવલોપમેન્ટ કોમ્યુનિકેશન ટ્રસ્ટ | 6547449 |
| 7 | નોર્થ (કતારગામ) | સ્વચ્છતા કોર્પોરેશન | 9099916565 |

# પ્રેસનોટ

ઉધના ઝોન વિસ્તારમાં સમાવિષ્ટ પંચશીલનગર–ર ઝુંપડપટ્ટીના માન્ય યાદીના–૧૦૬ લાભાર્થીઓને વડોદ રે.સ. નં. ૧ર (૧૦૬ લાભાર્થીઓને) ખાતેના સંપૂર્ણ સુવિધાયુકત બે રૂમ, રસોડુ, સંડાશ, બાથરૂમની સગવડવાળા વઘદગચોઢખકગ. અંતર્ગતના આવાસોમાં સ્થળાંતર કરવાની કાર્યવાહીના ભાગરૂપે આવાસો ફાળવવાનો ડ્રો તા. ૧ર.૧ર.ર૦૧૪ ના રોજ સાંજે ૪.૦૦ કલાકે ઉધના ઝોન, દબાણ ડેપો ખાતે ઉધના ઝોનના તથા સ્લમ અપગ્રેડેશન વિભાગના અધિકારી / કર્મચારીઓની તેમજ સ્લમ ઈમ્પ્રુવમેન્ટ સમિતિના ચેરપર્સન શ્રીમતિ મીતાબેન અનિલભાઈ ચૌહાણની ઉપસ્થિતિમાં કરવામાં આવેલ છે. સંપૂર્ણ સુવિધાયુકત આવાસોમાં સ્થળાંતર થયેથી સદર ઝુંપડાવાસીઓનું જીવનધોરણ ઉચુ લાવી શકાશે.

# પ્રેસનોટ – સુરત મહાનગરપાલિકા – સાઉથ વેસ્ટ (અઠવા) ઝોન – અખબારી યાદી

શહેર સુરતનાં સાઉથ વેસ્ટ (અઠવા) ઝોન વિસ્તારમાં તા.૦૮/૧૨/૨૦૧૪ થી ૧૨/૧૨/૧૪ સુધી નીચે મુજબની કામગીરી કરવામાં આવેલ છે.

(૧) વોર્ડ નં.૩૫–એ માં આવે રસુલાબાદ, આઝાદ નગર ઝુંપડપટ્ટી વિસ્તારમાં મિલ્કત વેરા વસુલાત માટે ઝુંબેશ હાથ ધરવામાં આવેલ. સદર ઝુંબેશમાં આકારણી વિભાગની નવ ટીમ સીકયુરીટી બંદોબસ્ત સાથે રાખી કુલ–૭૫૭ મિલ્કતનો વેરો રૂા.૧૨,૬૪,૭૦૦/– (અંકે રૂપિયા બાર લાખ ચોસઠ હજાર સાતસો પુરા) સ્થળ પર વસુલ કરવામાં આવેલ છે. કુલ–૫૬ ઝુંપડાને સીલ કરવામાં આવેલ તે પૈકી ૫૪ ઝુંપડાના કબ્જેદારે સ્થળ પર તાકીદે બાકી મિલ્કત વેરો ભરપાઈ કરેલ છે. તેમજ વોર્ડ નં.૩૩/એ ની મિલ્કત સાંઈ કૃપા પાર્ક દુકાન નં.યુ/૧૬ નો મિલ્કતનો વેરો રૂા.૩૩,૨૦૦/– બાકી હોવાથી સીલ કરવામાં આવેલ છે.

ઉપરોકત કામગીરી આસી.કમિશનરશ્રી તેમજ આકારણી વસુલાત અધિકારીશ્રીની સુચના, માર્ગદર્શન તેમજ સીધી દેખરેખ હેઠળ અઠવા ઝોનનાં આકારણી વિભાગ તથા સીકયોરીટી સ્ટાફ સાથે રાખી સદરહું કામગીરી કરવામાં આવેલ છે. તેમજ ભવિષ્યમાં મિલકત વેરો નહી ભરનાર એવા ડીફોલ્ટરો જેમાં ખ્યાત નામ હોટલો, પાર્ટી પ્લોટો તથા કોમર્શીયલ મિલ્કતોમાં સીલ મારવાની કાર્યવાહી કરવામાં આવશે.

# પ્રેસનોટ

**મુખ્યમંત્રી ગૃહ યોજના** (Gujarat Rural Urban Housing) **અંતર્ગત સાકારિત થનાર**EWS **તથા** LIG **આવાસ ફાળવણી કોમ્પ્યુટરાઈઝડ્ ડ્રો તા.૧૬,૧૮,૨૦,૨૨ ડિસેમ્બર ૨૦૧૪ ના રોજ મા.મેયરશ્રી શ્રીનિરંજનભાઈ ઝાંઝમેરાના વરદ્હસ્તેગાંધીસ્મૃતિ ભવન, નાનપુરા ખાતે રાખવામાં આવેલ છે.**

**દરેક અરજદારને આવાસ લોકેશન ના પાંચ વિકલ્પ આપવામાં આવ્યા હતા.જે પૈકી ૨૨૯૬** EWS **આવાસ તથા ૮૭૨૧** LIG **આવાસ માટે પ્રથમ કોમ્પ્યુટરાઈઝડ્ ડ્રો તા.૦૧/૧૨/૨૦૧૪ વેસુ ખાતે યોજયેલ હતો. જયારે માન્ય અરજીઓના જે લાભાર્થીઓ તા.૦૧/૧૨/૨૦૧૪ ના રોજ પ્રથમ પસંદગી માટે થયેલ કોમ્પ્યુટરાઈઝ ડ્રો માં સફળ થયેલ નથી તેઓને દ્રિતિય પસંદગી અંગેનો ડ્રો તા.૧૬/૧૨/૨૦૧૪ ના રોજ તથા તે મુજબ તૃતિય પસંદગી નો ડ્રો તા.૧૮/૧૨/૨૦૧૪ ના રોજ,ચતૃથ પસંદગીનો ડ્રો તા.૨૦/૧૨/૨૦૧૪ ના રોજ તથા પાંચમી પસંદગી નો ડ્રો તા.૨૨/૧૨/૨૦૧૪ ના રોજ તબકકાવાર કરવામાં આવનાર છે.ડ્રો માં સફળ થયેલ લાભાર્થીઓનું લીસ્ટ ડ્રો ના સ્થળે પ્રસિધ્ધ કરવામાં આવશે.ત્યારબાદ સુરત મહાનગરપાલિકાની વેબ સાઈટ ઉપર પ્રસિધ્ધ કરવામાં આવશે.તેમજ તેનું સુચનાપત્ર વેબ સાઈટ પરથી મેળવી શકાશે.**

## સુરત મહાનગરપાલિકા – સાઉથ વેસ્ટ (અઠવા) ઝોન – અખબારી યાદી

શહેર સુરતનાં સાઉથ વેસ્ટ(અઠવા)ઝોન વિસ્તારમાં તા.૧૫/૧૨/૨૦૧૪ ના રોજ નીચે મુજબની કામગીરી કરવામાં આવેલ છે.

(૧) ડ્રા.ટી.પી.સ્કીમ નં.૪૨ (ભીમરાડ)ફા.પ્લોટ નં.૨૫ થી ફા.પ્લોટ નં.૭૨ ને લાગુ ૧૨.૦૦ મી.ના ટી.પી.રસ્તાનો ૮૯૦.૦૦ મી.લંબાઈમાં ૧૦૬૮૦.૦૦ ચો.મી.નો કબજો મેળવવામાં આવેલ છે. સદરહુ રસ્તો પૂરી પહોળાઈમાં ખુલ્લો થવાથી જાહેર જનતા માટે ટ્રાફિકની સમસ્યા દૂર થશે.

ઉપરોકત કામગીરી ડે.કમિશનરશ્રીની સુચના અન્વયે કાર્યપાલક ઈજનેરશ્રીનાં માર્ગદર્શન તેમજ સીધી દેખરેખ હેઠળ અઠવા ઝોનનાં શહેર વિકાસ વિભાગ તેમજ દબાણ વિભાગ તથા સીકયોરીટી સ્ટાફ સાથે રાખી સદરહું કામગીરી કરવામાં આવેલ છે.

વધુમાં મા.કમિશનરશ્રીની સુચના / હુકમ અન્વયે પાર્કિંગ તેમજ ટ્રાફિકની સમસ્યાને હલ કરવા માટે ઝોન વિસ્તારના "૦" દબાણ રૂટ ઉપર આવેલ મિલ્કતોના માર્જીનમાં જે કોઈ દબાણ / ગેરાકાયદેસર બાંધકામો હોય, તે તાકીદે દૂર કરી માર્જીન / પાર્કિંગની જગ્યા ખુલ્લી કરવા જણાવેલ. જે અન્વયે અત્રેના સા.વે.(અઠવા)ઝોન વિસ્તારમાં તા.૧૭/૧૨/૧૪ ના રોજથી સીટીલાઈટ મેઈન રોડ(સાયન્સ સેન્ટર થી અણુવ્રત દ્વાર સુધી)ના રસ્તાની બંને બાજુ આવેલ તમામ મિલ્કતમાં આગળના માર્જીનવાળા / પાર્કિંગવાળા ભાગમાં અનઅધિકૃત દબાણ / પાર્કિંગમાં અવરોધરૂપ દિવાલ / ફેન્સીંગ / આડસ / હોર્ડીંગ્સ–બોર્ડ બેનર વિગેરે તમામ બાંધકામ દબાણ, જેનાથી જાહેર જનતાને વાહન પાર્કિંગના અગવડો ઉત્પન્ન થતી હોય, તેવા દબાણ / બાંધકામ, મિલ્કતદાર / કબ્જેદારના ખર્ચે અને જોખમે દૂર કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. તેમજ સા.વે.(અઠવા)ઝોનના અન્ય વિસ્તારોના પણ "૦" દબાણરૂટ ઉપર આ પ્રકારની કાર્યવાહી ટૂંક સમયમાં હાથ ધરવામાં આવશે.

## પ્રેસનોટ – નોર્થ ઝોન (કતારગામ) – સુરત મહાનગરપાલિકા

નોર્થ ઝોન (કતારગામ) વિસ્તારમાં તા.૧૨/૧૨/૨૦૧૪ થી તા.૧૪/૧૨/૨૦૧૪ સુધી કરવામાં આવેલ કામગીરીની વિગત નીચે મુજબ છે.

આરોગ્ય વિભાગ દ્વારા ૭૯૬ મે.ટન કચરાનો નિકાલ કરવામાં આવેલ. ૧૫૨ ઈસમોને નોટીસ આપવામાં આવેલ તેમજ વહીવટી ચાર્જ પેટે રૂા.૧૫,૩૦૦/– વસુલ લેવામાં આવેલ છે. વી.બી.ડી.સી. વિભાગ દ્વારા ૧૮૪૦૬ ઘરનો સર્વે કરવામાં આવેલ. જે પૈકી ૨૪૦૦ વ્યકિતની સ્લાઈડ લેવામાં આવેલ છે. ઘરોના સર્વે દરમ્યાન ૭૬ જગ્યાએ માલુમ પડેલ બ્રિડીંગનો નાશ કરવામાં આવેલ છે. ૬૪ ઈસમોને નોટીસ આપવામાં આવી તેમજ સ્થળ ઉપર વહીવટી ચાર્જ પેટે રૂા.૧૧૦૦/– વસુલ લેવામાં આવેલ છે.

આકારણી અને વસુલાત વિભાગ દ્વારા વેરા પેટે રૂા.૧૫,૩૮,૮૬૫/– વસુલાત કરવામાં આવેલ છે. તેમજ વ્યવસાય વેરા વિભાગ દ્વારા કતારગામ વિસ્તારમાંથી રૂા.૧૩,૧૨,૦૦૦/– વસુલ કરવામાં આવેલ છે.

ઈમ્પેકટ ફીની ૬૦ અરજી મંજુર કરવામાં આવેલ છે. ઈમ્પેકટ ફી પેટે રૂા.૭,૨૭,૦૮૧/– ની વસુલાત કરવામાં આવેલ છે. ભધક આવાસમાંથી રૂા.૧,૦૮,૬૪૦/– હપ્તાની વસુલાત કરવામાં આવેલ છે. તેમજ દબાણ ખાતા દ્વારા ૧૩ લારી જપ્ત કરવામાં આવેલ છે.

## અખબારી યાદી

સુરતઃ–"સ્વચ્છ ભારત અભિયાન" અંતર્ગત આજરોજ સુરત મહાનગરપાલિકાના લિંબાયત ઝોન દ્વારા ઉમરવાડા–૧ વોર્ડ વિસ્તારના (૧) વાડીવાળા દરગાહ જંકશન હોટલ થી ભાઠેના–૧૮૧ ની મસ્જીદ થઈ કન્ટેઈનર સુધી તથા આજુ બાજુની તમામ ગલીઓ,(૨) ભાઠેના–૧૮૧ પંપીગ સ્ટેશન ટેકરા થી અનમોલ સોડા ફેકટરી થઈ ખાડી કિનારા વાળો ભાગ તથા આજુ બાજુની તમામ ગલીઓ, (૩) ભાઠેના–૧૮૪ ઉમીયા માતાના મંદીરથી પંચશીલનગર થઈ ખાડી કિનારાવાળો ભાગ તથા આજુ બાજુની તમામ ગલીઓ, (૪) ભાઠેના–૧૮૪ ખાડી પુલથી નગમા બેકરી થઈ મોચીવાળથી ખાડી કિનારા સુધી તેમજ આજુબાજુની તમામ ગલીઓ વિગેરે વિસ્તારમાં સફાઈ અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું. જેમાં સ્લમ સમિતિના અધ્યક્ષા શ્રીમતી મીતાબેન ચૌહાણ તેમજ મ્યુ. સભ્યશ્રી દીપીકાબેન સોલંકી, શ્રીમતી રશ્મિકાબેન પટેલ હાજર રહી જાહેર જનતાને પોતાનું આગણું, ઘર, દુકાન, શેરી તેમજ માર્કેટમાં જાતે જ સ્વચ્છ રાખવા માટે અપીલ કરી હતી. તેમજ કચરાનો નિકાલ ડસ્ટબીન મારફતે ઘરે ઘરે કચરો લેવા આવતી કચરાગાડીમાં આપવા માટેની સુચના આપી હતી.

આ કામગીરી એડી.સીટી ઈજનેર(સીવીલ) શ્રીજે.કે.શાહ સાહેબના સીધા માગદર્શન હેઠળ, આસી.કમિશ્નર શ્રીમતી ગાયત્રી આર. જરીવાલા, કાર્યપાલક ઈજનેરશ્રી રાજેશ સી.જરીવાલાની આગેવાની હેઠળ ઝોનનાં નાયબ આરોગ્ય અધિકારીશ્રી ડો.પી.એચ.ઉમરીગર, આસી.જંતુનાશક અધિકારી, ડે.ઈજનેર, મુખ્ય આરોગ્ય નિરીક્ષક, જુ./આસી.ઈજનેર તેમજ સુપરવાઈઝર સ્ટાફ, સફાઈ કામદાર/ બેલદાર દ્વારા કરવામાં આવેલ હતી.

જેમાં ઉપરોકત વિસ્તારમાં રસ્તા પર પડેલ બિલ્ડીંગ મટીરીયલ (રેતી, કપચી, ઈંટ,) તેમજ કચરો અને કચરા મિશ્રિત માટી ટ્રેકટર અને ટ્રક દ્વારા કુલ–૨૦ ફેરા કરી કુલ –૪૬.૨૭૦ મેટ્રિક ટન નિકાલ કરાવવામાં આવ્યો હતો. આરોગ્ય વિભાગ દ્વારાઃ– ૧૪ હોટલ/રેસ્ટોરન્ટ/લારી ગલ્લા ચેક કરી–૦૪ કિલોગ્રામ અખાદ્ય પદાર્થનો નાશ કરવામાં આવેલ છે. તેમજ જાહેરમાં ન્યુસન્સ કરતી સંસ્થા / ઈસમોને –૫૦ નોટીસ ફટકારી રૂા.૩૫,૮૦૦/– વહીવટીચાર્જ વસુલ કરવામાં આવેલ છે.

## પૂર્વઝોન (વરાછા) માં સમાવિષ્ટ  કરંજ વિસ્તારમાં જર્જરીત બિલ્ડીંગને સીલ મારવાની તથા પુણા વિસ્તારમાં ટી.પી. રોડનો કબજો મેળવવાની કામગીરી

પૂર્વ(વરાછા)ઝોનમાં ટી.પી. સ્કીમ નં. ૩ (કરંજ)ના ફા.પ્લોટ નં. ૧૮ પૈકીમાં આવેલ ''ચંદ્રકોલોની'' ના નામથી ઓળખાતી બિલ્ડીંગ/એપાર્ટમેન્ટ જે વર્ષો જુની જર્જરીત હાલતમાં હોય, વસવાટ યોગ્ય ન હોય, તેને ખાલી કરાવવા અંગે અત્રેથી જરૂરી કાર્યવાહી કર્યા બાદ અંતે રહેવાસીઓનો સહકાર ન મળતા પોલીસ બંદોબસ્ત મેળવી વરાછા પોલીસ સ્ટેશનના સ્ટાફની હાજરીમાં કુલ ૧૦૦(સો ) ફલેટ તથા ૨૯ (ઓગણત્રીસ) દુકાનોમાં વસવાટકર્તાઓને બળપૂર્વક ખાલી કરાવવામાં આવેલ છે. પૂર્વ(વરાછા)ઝોનના  શહેરી વિકાસ તથા દબાણ ખાતાના તમામ સ્ટાફ દ્વારા કાર્યપાલક ઈજનેરશ્રીની હાજરીમાં સીલ મારવાની કામગીરી કરવામાં આવેલ છે.  જો કે શરૂઆતના તબકકામાં સ્થાનીક રહેવાસીઓ તરફથી સ્થળ પર  ટોળા જમાવી ઉગ્ર વાંધો/વિરોધ નોંધાવી કામગીરીમાં  અવરોધ ઉભો  કરેલ, તેઓની કોઈ રજુઆત અત્રેથી ગ્રાહય  ન રાખી  ઉકત કામગીરી પાર પાડવામાં આવેલ છે.

પૂર્વ(વરાછા)ઝોનના કાર્યક્ષેત્રમાં સમાવિષ્ટ  મોજે : પુણા , ડ્રા.ટી.પી. સ્કીમ નં. ૨૦(પુણા), બ્લોક નં. ૪૨૧ થી ૪૩૮ માં ભગવતી સોસાયટીની સામે  થી બાલમુકુંદ સોસાયટીના ૧૨.૦૦  ટી.પી. રોડ ને જોડતો ૧૫.૦૦ મી. ના ટી.પી. રોડનો આશરે  ૩૫૦૦૦.૦૦ ચો.ફુટ રોડનો કબજો આજરોજ લેવામાં આવેલ છે. જે મેળવવાથી પાણીની લાઈનની, ડ્રેનેજ લાઈનની તથા રોડની કામગીરી હાથ ધરવામાં આવશે. ઉપરોકત કામગીરી એડી.સીટી ઈજનેરશ્રીની સૂચના તથા માર્ગદર્શન હેઠળ તથા વરાછા ઝોનના શહેરી વિકાસનો સ્ટાફ, દબાણ ખાતાના સ્ટાફ તથા સીકયુરીટી સ્ટાફની મદદથી પાર પાડવામાં આવેલ છે.

# પ્રેસનોટ

આજરોજ સાઉથ ઈસ્ટ ઝોન(લિંબાયત)વિસ્તારમાં સમાવિષ્ટ ટી.પી.સ્કીમ નં.૭(આંજણા)ફા.પ્લોટ નં.૧૮૧(સુરત મહાનગરપાલિકાના અનામત) પ્લોટમાં પ્રવેશના માર્ગ ઉપર વાડીવાલા દરગાહને લાગુ આંતરીક રસ્તા ઉપર વર્ષોથી ગેરકાયદેસર દબાણ કરતા કાટપીટીયા,લારી ગલ્લા,ટેમ્પો વિગેરેની ફરીયાદો વર્ષોથી મળેલ જેનો આજરોજ ઝોન મારફત હાથ ધરવામાં આવેલ સફાઈ અભિયાન સાથે આ દબાણો દુર કરી આશરે ૩૦૦૦ ચો.ફુટ રસ્તો ખુલ્લો કરી તાકીદે આ ભાગ ઉપર મેટલ ગ્રાઉન્ટીંગ હાથ ધરી પાકા રસ્તો બનાવવાની કામગીરી શરૂ કરવામાં આવેલ છે. જેના કારણે સ્થાનીકોમાં ખુશીની ભાવના ફેલાયેલ.

વધુમાં સદર રસ્તામાં આવેલ મ્યુ.શાળા નં. ૨૯ અને ૭૫ નેલાગુ આશરે ૩૫૦૦ ચો.ફુટ વિસ્તારમાં બનેલ ભંગાર તથા પુઠાના ગોડાઉનો દુર કરવાની કામગીરી હાથ ધરવામાં આવેલ છે.જે કામગીરીમાં માટે ૩ નંગ જે.સી.બી. મશીન,૦૧ બુલડોઝર , ૦૪ – ટ્રક અને ૦૨– ટ્રેકટર અને ૫૦ થી વધુ બેલદારોએ આ કામગીરીમાં ભાગ લીધો. તેમજ રહેણાંક મકાનોનો ઝોન દ્વારા સર્વે શરૂ કરી આવાસ ફાળવણીની કાર્યવાહી હાથ ધરવામાં આવનાર છે.

## સુરત મહાનગરપાલિકા – જાહેર આરોગ્ય વિભાગ – સ્વચ્છ ભારત અભિયાન

મહાત્મા ગાંધીજીની સને ૨૦૧૯માં ઉજવવામાં આવનાર ૧૫૦ મી જન્મજયંતિ અંતર્ગત, ''સ્વચ્છ ભારત અભિયાન'' હેઠળ તા.૧૫/૧૨/૨૦૧૪નાં રોજ શહેરમાં આવેલ શાકભાજી માર્કેટોમાં ઘનિષ્ઠ સાફ–સફાઈ, જંતુનાશક દવાનો છંટકાવ તેમજ પ્રતિબંધિત પ્લાસ્ટિકની થેલીઓના ઉપયોગ અટકાવવા બાબતે કરવામાં આવેલ કામગીરી નીચે જણાવ્યાનુસાર છે.

| અ. નં. | ઝોનનું નામ | સફાઈ કામગીરી કરવામાં આવેલમાર્કેટોની કુલ સંખ્યા | જપ્ત કરેલ પ્લાસ્ટીકની થેલી (કિ.ગ્રા.) | વસુલ કરેલ વહીવટી ખર્ચ (રૂા.) | ઈસમોની સંખ્યા | નાશ કરેલ અખાદ્ય શાકભાજી / ફ્રુટ તથા અન્ય પદાર્થોનો જથ્થો (કિ.ગ્રા.) |
|---|---|---|---|---|---|---|
| 1 | સેન્ટ્રલઝોન | 10 | 14.400 | 18700 | 143 | -- |
| 2 | ઈસ્ટઝોન | 08 | 16.000 | 4700 | 64 | 19.200 |
| 3 | સાઉથઝોન | 08 | 6.500 | 2300 | 24 | -- |
| 4 | નોર્થઝોન | 09 | 5.000 | 3200 | 29 | -- |
| 5 | સાઉથ–વેસ્ટ | 03 | 6.500 | 4200 | 32 | 21.000 |
| 6 | વેસ્ટઝોન | 08 | 7.000 | 10850 | 63 | 32.000 |
| 7 | સાઉથ–ઈસ્ટ | 16 | -- | 3200 | 22 | -- |
| કુલ ..... | | **62** | **55.400** | **47150** | **377** | **72.200** |

આમ, આ અભિયાન દરમ્યાન શહેરમાં કુલ ૬૨ માર્કેટોમાં ઘનિષ્ઠ સાફ–સફાઈની કામગીરી કરી, કુલ ૭૨.૨૦૦ કિ.ગ્રા. અખાદ્ય પદાર્થોનો જથ્થો નાશ કરવામાં આવેલ છે. આ ઉપરાંત કુલ ૫૫.૪૦૦ કિ.ગ્રા. પ્રતિબંધિત પ્લાસ્ટિકનો જપ્ત કરી, સફાઈ – સ્વચ્છતા વિરુધ્ધની પ્રવૃત્તિ આચરતા ૩૭૭ ઈસમો પાસેથી કુલ રૂા.૪૭,૧૫૦/– વહીવટી ખર્ચ વસુલ કરી, માર્કેટમાં વેચાણ કરતા વેપારી / ફેરીયાઓને તેઓના ધંધાકીય સ્થળ પર નિયમિત સાફ–સફાઈ રાખવા તથા પ્રતિબંધિત પ્લાસ્ટીકની થેલીનો ઉપયોગ ન કરવા તથા અખાદ્ય શાકભાજી / ફળોનું વેચાણ ન કરવા અંગે વિસ્તૃત સમજણ આપવામાં આવેલ છે.

## પ્રેસ નોટ – સુરત શહેરમાં રાષ્ટ્રીય હાથીપગાની ઉજવણીરૂપે તા.૧૪મી ડિસેમ્બરથી ૨૦મી ડિસેમ્બર સુધી DEC અને આલ્બેન્ડેઝોલ ગોળીઓ ગળાવવામાં આવશે.

ભારત સરકાર દ્વારા ૨૦૧૫ માં હાથીપગાને દેશમાંથી નિકાલ કરવાનું આયોજન કરવામાં આવેલ છે. જેના અનુસંધાને ગુજરાત સરકારના આદેશાનુસાર તમામ સુરત શહેરને તા.૧૪ ડિસેમ્બરથી ૨૦ ડિસેમ્બર સુધી ફાઈલેરીયાની દવા રૂબરૂ ગળાવવાનું આયોજન કરવામાં આવેલ છે. જેના ભાગ રૂપે સુરત મહાનગરપાલિકાના તમામ ઝોનના નાયબ/આસી. આરોગ્ય અધિકારીઓ અને આસી. જંતુનાશક અધિકારીઓના કોઓર્ડિનેશનમાં કુલ ૩૪ શહેરી આરોગ્યકેન્દ્રોના કોઓર્ડિનેટરો,૧૬૦ સુપરવાઈઝરો તથા ૧૭૩૦ જેટલી ટીમો રૂબરૂ દવા ગળાવવા માટે કાર્યરત કરવામાં આવેલ છે. આ કાર્યક્રમમાં જેમાં પ્રથમ દિવસે શહેરનાં ૧૬% લોકોએ રૂબરૂમાં ગોળી ગળેલ છે. આમ સુરત શહેરની ૮૧૮૦૪૪ વસ્તી આવરી લેવામાં આવેલ હતી, જેમાંથી ૭૯૦૭૬૨ લોકોને કુલ ૨૧૯૫૨૦૧ ડી.ઈ.સી. અને ૭૯૦૭૬૨ આલ્બેન્ડેઝોલ ફાઈલેરીયાની ગોળીઓ ગળાવવામાં આવી હતી.

તમામ કાર્યક્રમનું આયોજન મ્યુનિ.કમિશ્નરશ્રી મિલીન્દ તોરવણે, ડેપ્યુટી કમિશ્નરશ્રી(હેલ્થ અને હોસ્પિટલ) ડો. હેમંતભાઈ દેસાઈ અને ઈ.ચા.જંતુનાશક અધિકારી ડો.કેશવ વૈષ્ણવના ટેકનીકલ માર્ગદર્શન હેઠળ મોનીટરીંગ અને ઈમ્પલીમેન્ટેશન કરવામાં આવી રહયું છે. શહેરની તમામ પ્રજાએ રૂબરૂમાં દવા ગળીને હાથીપગાને સુરત શહેરમાંથી નાબૂદ કરવા માટે લોકોને સુરત મહાનગરપાલિકા દ્વારા અપીલ કરવામાં આવે છે.

# પ્રેસ નોટ

સુરત મહાનગરપાલિકા વિસ્તારના સોસાયટીઓ / એપાર્ટમેન્ટ / સંકુલો વિ.ના માલિકો / પ્રમુખશ્રીઓને જણાવવાનું કે આધાર નોંધણી કાર્યક્રમ અંતર્ગત આપની સોસાયટી / એપાર્ટમેન્ટ / સંકુલોના રહીશોની નોંધણી (આધાર કાર્ડ) બાકી હોય તો અત્રેના ઈલેકશન એન્ડ સેન્સસ વિભાગ, રૂમ નં.–૧૩, મુગલીસરા મુખ્ય કચેરી, સુરત (ટેલીફોન નં. ૨૪૨૩૭૫૧–૫૪ / ૨૪૨૨૨૮૫–૮૭ એક્ષ્ટેનશન નંબર ૩૦૬) ખાતે આધાર કેન્દ્ર માટે જગ્યાની વ્યવસ્થા સહિતની અરજી કરવા જણાવવામાં આવે છે. જેથી આપની સોસાયટી / એપાર્ટમેન્ટ / સંકુલ ખાતે આધાર નોંધણી કેન્દ્ર શરૂ કરી શકાય.

# પ્રેસનોટ

સુરત મહાનગરપાલિકા દ્વારા યોજાયેલ મુખ્યમંત્રી ગૃહ યોજના (Gujarat Rural Urban Housing ) અંતર્ગત સાકારિત થનાર EWS તથા LIG આવાસ ફાળવણીનો દ્વિતીય પસંદગી માટેનો કોમ્પ્યુટરાઈઝડ્ ડ્રો આજરોજ ગાંધી સ્મૃતિ ભવન ,નાનપુરા સુરત ખાતે સવારે ૧૦:૦૦ કલાકે માનનીય મેયરશ્રી નિરંજનભાઈ ઝાંઝમેરાના વરદ્ હસ્તે યોજાયો હતો. દરેક અરજદારને આવાસ લોકેશનના પાંચ વિકલ્પ આપવામાં આવ્યા હતા. જે પૈકી ૨૨૯૬ EWS આવાસ તથા ૮૭૨૧ LIG આવાસ માટે પ્રથમ કોમ્પ્યુટરાઈઝડ્ ડ્રો તા. ૦૧/૧૨/૨૦૧૪  વેસુખાતે યોજાયેલ હતો કુલ અરજીઓના જે લાભાર્થીઓ ૦૧/૧૨/૨૦૧૪ ના રોજ પ્રથમ પસંદગી માટે થયેલ કોમ્પ્યુટરાઈઝડ્ ડ્રો માં સફળ થયેલ નથી, તેઓ માટે દ્વિતિય પસંદગી માટેનો ડ્રો આજ રોજ યોજાયો હતો જેમાં કુલ ૩૦૭ આવાસોનો ડ્રો થયેલ જે પૈકી ૧૦૫ EWS તથા ૨૦૨ LIG આવાસોનો ડ્રો કરી ફાળવવામાં આવેલ હતા.

ડ્રો માં સફર થયેલ લાભાર્થીઓનું લિસ્ટ ડ્રો ના સ્થળે પ્રસિધ્ધ કરવામાં આવેલ ત્યારબાદ એક કલાક બાદ સુરત મહાનગરપાલિકાની વેબસાઈટ ઉપર પ્રસિધ્ધ કરવામાં આવેલ તેમજ તેનું સુચનાપત્ર વેબસાઈટ પરથી મેળવી શકાશે.

ઉપરોકત કાર્યક્રમમાં શાસક પક્ષના નેતાશ્રી કિશોરભાઈ બિંદલ, જાહેર બાંધકામ સમિતિના ચેરમેનશ્રી વિનોદભાઈ મોરડીયા, ગટર સમિતિના ચેરમેનશ્રી વિનોદભાઈ મોહનભાઈ પટેલ, સ્લમ ઈમ્પ્રુવમેન્ટ સમિતિના શ્રીમતિ મીતાબેન ચૌહાણ ,અધિકારીશ્રીઓ અને લાભાર્થીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી કાર્યક્રમને સફળ બનાવેલ હતો.




તા. ૧૬/૧૨/૨૦૧૪ ના રોજ સવારે ૧૦ કલાકે ગાંધી સ્મૃતિભવન, નાનપુરા, સુરત ખાતે સુ.મ.પા. દ્વારા યોજાયેલ મુખ્યમંત્રી ગૃહયોજના અંતર્ગત સાકારિત થનાર EWS તથા LIG આવાસ ફાળવણીનો દ્વિતીય પસંદગી માટેનો કોમ્પ્યુટરાઈઝ્ડ ડ્રો કરતાં માન. મેયરશ્રી નિરંજન ઝાંઝમેરા ,શાશક પક્ષના નેતાશ્રી કિશોરભાઈ બિંદલ ,જાહેર બાંધકામ સમિતિના અધ્યક્ષશ્રી વિનોદભાઈ મોરડીયા ,ગટર સમિતિના અધ્યક્ષશ્રી વિનોદભાઈ પટેલ , સ્લમ ઈમ્પ્રુવમેન્ટ સમિતિના અધ્યક્ષા શ્રીમતી મીતાબેન ચૌહાણ , પાણી સમિતિના ઉપાધ્યક્ષશ્રી વિજયભાઈ માસ્તર વિગેરે દ્રશ્યમાન થાય છે.

પ્રેસનોટ નં. ૮૫૦

## પ્રેસનોટ – નોર્થ ઝોન (કતારગામ) – સુરત મહાનગરપાલિકા

નોર્થ ઝોન (કતારગામ) વિસ્તારમાં તા.૧૫/૧૨/૨૦૧૪ ના રોજ કરવામાં આવેલ કામગીરીની વિગત નીચે મુજબ છે.

આરોગ્ય વિભાગ દ્વારા ૨૬૮ મે.ટન કચરાનો નિકાલ કરવામાં આવેલ. ૪૮ ઈસમોને નોટીસ આપવામાં આવેલ તેમજ વહીવટી ચાર્જ પેટે રૂા.૩,૦૦૦/– વસુલ લેવામાં આવેલ છે. વી.બી.ડી.સી. વિભાગ દ્વારા ૨૧૨ ઘરનો સર્વે કરવામાં આવેલ. જે પૈકી ૧૦ વ્યકિતની સ્લાઈડ લેવામાં આવેલ છે. ઘરોના સર્વે દરમ્યાન ૦૨ જગ્યાએ માલુમ પડેલ બ્રિડીંગનો નાશ કરવામાં આવેલ છે. ૦૩ ઈસમોને નોટીસ આપવામાં આવી.

આકારણી અને વસુલાત વિભાગ દ્વારા વેરા પેટે રૂા.૧૯,૬૧,૨૧૫/– વસુલાત કરવામાં આવેલ છે. તેમજ વ્યવસાય વેરા વિભાગ દ્વારા કતારગામ વિસ્તારમાંથી રૂા.૧૩,૫૪,૪૦૫/– વસુલ કરવામાં આવેલ છે.

ઈમ્પેકટ ફીની ૨૩ અરજી મંજુર કરવામાં આવેલ છે. ઈમ્પેકટ ફી પેટે રૂા.૧૧,૧૨,૫૭૧/– ની વસુલાત કરવામાં આવેલ છે. ભધક આવાસમાંથી રૂા.૪,૧૨,૦૨૬/– હપ્તાની વસુલાત કરવામાં આવેલ છે. તેમજ દબાણ ખાતા દ્વારા ૦૮ લારી જપ્ત કરવામાં આવેલ છે.

## પૂર્વ(વરાછા)ઝોનમાં ડીમોલીશન તથા ઈ.ડબલ્યુ. એસ. આવાસના માસિક હપ્તા વસુલ કરવાની કામગીરી.

(૧) પૂર્વ(વરાછા)ઝોન વિસ્તારમાં આવેલ ટી.પી.સ્કીમ નં. ૩ (કરંજ), ફા.પ્લોટ નં. ૩૮ માં રેણુકા ભવન પાસે ઈ.ડબલ્યુ.એસ.આવાસના કુલ –પ૨૮ ફલેટ આવેલ છે. સુરત મહાનગરપાલિકા દ્વારા ઝુંપડપટ્ટીના રહીશોને સ્થળાંતર કરી ઈ.ડબલ્યુ.એસ. આવાસ ફાળવવામાં આવેલ. જેનો માસિક હપ્તો રૂા.૪૨૭/– છે. આ રકમ નિયમિતપણે ભરી જવા અત્રેની કચેરી તરફથી પ્રચારગાડી દ્વારા જાગૃત કરવામાં આવેલ હોવા છતાં આવાસના લાભાર્થીઓ દ્વારા આ હપ્તાની રકમ નિયમિત ભરવામાં આવતી ન હોય, જેથી આજરોજ મહાનગરપાલિકાના વરાછા ઝોનનો સ્ટાફ તથા પોલીસ બંદોબસ્ત સાથે કડક હાથે કાર્યવાહી કરી કુલ – ૩૨૮ આવાસોને સીલ કરવામાં આવેલ. જે અભિયાનમાં આજ રોજ સુરત મહાનગરપાલિકા દ્વારા સ્થળ ઉપર કુલ રૂા.૧૧,૦૦,૦૦૦/– ની વસુલાત કરવામાં આવેલ છે. બાકી રહેલ રકમની વસુલાત સંબંધે મહાનગરપાલિકા વધુ કડક પગલાં ભરશે.

(૨) પૂર્વ (વરાછા)ઝોનમાં મોજેઃ ફુલપાડામાં અશ્વનીકુમાર રોડ ઉપર આવેલ ''લક્ષ્મીનગર સોસાયટી'' માં પ્લોટ નં.૧૫ માં મિલકતદાર દ્વારા પરવાનગી વગરનું કરવામાં આવેલ બીજા માળનું આશરે ૩૫૦.૦૦ ચો. ફુટ માપ વિસ્તારમાં આર.સી.સી., કોલમ, ચણતરનું બાંધકામ તથા પ્રથમ માળે આશરે ૧૧૦.૦૦ ચો.ફુટ આર.સી.સી. સ્લેબનું રોડ પૈકીમાં કરવામાં આવેલ બાંધકામ જે આજ રોજ વરાછા ઝોનનાં સ્ટાફ દ્વારા દુર કરવામાં આવેલ. જે અંગે મિલકતદાર પાસેથી કુલ રૂા.૧૦,૦૦૦/– ડીમોલીશન ચાર્જ પેટે વસુલ લેવામાં આવેલ.

ઉકત કામગીરી એડી.સીટી. ઈજનેરશ્રીની સૂચના તથા કાર્યપાલક ઈજનેરશ્રીના સીધા માર્ગદર્શન હેઠળ કરવામાં આવેલ.

**પ્રેસનોટ**

સુરત મહાનગરપાલિકાના સદસ્યશ્રીઓ ધ્વારા તેમના વોર્ડની લોકોપયોગી સમસ્યા, સુચનો અને રજુઆતોનો ઝડપી નિકાલ થાય તે માટે કમિશનરશ્રી મિલિન્દ તોરવણે દ્વારા અઠવા ઝોનમાં તા.૨૦/૧૨/૨૦૧૪ના રોજ, ઉધના ઝોનમાં ૨૨/૧૨/૨૦૧૪ના રોજ, લિંબાયત ઝોનમાં ૨૩/૧૨/૨૦૧૪ના રોજ અને રાંદેર ઝોનમાં તા.૨૪/૧૨/૨૦૧૪ના રોજ માન. મેયરશ્રી નિરંજન ઝાંઝમેરાના અધ્યક્ષ સ્થાને વોર્ડવાઈઝ મીટીંગનું આયોજન કરવામાં આવેલ છે.

અઠવા ઝોનમાં તા.૨૦/૧૨/૨૦૧૪ના રોજ વોર્ડ નં. ૨૩(અઠવા–નાનપુરા)માં મ્યુ.સદસ્ય શ્રીમતિ રંજનબેન પટેલ, શ્રી રાજેન્દ્ર દેસાઈ, શ્રી વિજય માસ્તર સવારે ૧૦:૦૦ કલાકે ઉપસ્થિત રહેશે. વોર્ડ નં. ૩૧(મજુરા–ખટોદરા)માં મ્યુ.સદસ્ય શ્રીમતિ કિશોરીબેન કાપડીયા, શ્રી અરવિંદભાઈ મારૂ અને શ્રી રાજેશભાઈ દેસાઈ સવારે ૧૦:૩૦ કલાકે ઉપસ્થિત રહેશે. વોર્ડ નં. ૩૨(ઈચ્છાનાથ–ડુમસ)માં મ્યુ. સદસ્ય શ્રીમતિ સુચિત્રાબેન પટેલ, શ્રી હિતેન્દ્રભાઈ ગામીત અને શ્રી કિશોરભાઈ બિંદલ સવારે ૧૧:૦૦ કલાકે ઉપસ્થિત રહેશે. વોર્ડ નં.૩૩ (અલથાણ–ભટાર)માં મ્યુ. સદસ્ય શ્રીમતિ કલ્પનાબેન અટોદરીયા, શ્રી બળવંતભાઈ પટેલ અને શ્રી રમેશભાઈ જોરાભાઈ પટેલ સવારે ૧૧:૩૦ કલાકે ઉપસ્થિત રહેશે.

ઉધના ઝોનમાં તા. ૨૨/૧૨/૨૦૧૪ના રોજ વોર્ડ નં. ૩૦ ઉધના(ઉત્તર)માં મ્યુ. સદસ્ય શ્રીમતિ લક્ષ્મીબેન ચોપારે , શ્રી મુળજીભાઈ ઠકકર અને શ્રી પ્રકાશકુમાર દેસાઈ સવારે ૧૦:૦૦ કલાકે ઉપસ્થિત રહેશે. વોર્ડ નં.૩૪ (બમરોલી)માં મ્યુ.સદસ્ય શ્રીમતિ લીલાબેન ગવઈ, શ્રી ધનસુખભાઈ રાજપુત અને શ્રી બાબુભાઈ રાયકા સવારે૧૦:૩૦ કલાકે ઉપસ્થિત રહેશે. વોર્ડ નં. ૩૫ ઉધના (દક્ષિણ)માં મ્યુ.સદસ્ય શ્રીમતિ રોહિણીબેન પાટીલ, શ્રી સોમનાથભાઈ મરાઠે અને શ્રી દિનેશભાઈ પટેલ સવારે ૧૧:૦૦ કલાકે ઉપસ્થિત રહેશે. વોર્ડ નં. ૩૬(પાંડેસરા)માં મ્યુ. સદસ્ય શ્રીમતિ રંજનાસિંહ રાજપુત, ડાં. ઈ.કે. પાટીલ અને શ્રી વિનોદભાઈ પટેલ સવારે ૧૧:૩૦ કલાકે ઉપસ્થિત રહેશે. વોર્ડ નં. ૩૮ (ભેસ્તાન)માં મ્યુ. સદસ્ય શ્રીમતિ બસંતીબેન રાઉત, શ્રી સતીષભાઈ પટેલ અને શ્રીમુસ્તાક સોની બપોરે ૧૨:૦૦ કલાકે ઉપસ્થિત રહેશે.

લિંબાયત ઝોનમાં તા. ૨૩/૧૨/૨૦૧૪ના રોજ વોર્ડ નં. ૨૬(આંજણા)માં મ્યુ.સદસ્ય શ્રીમતિ મીતાબેન ચૌહાણ, શ્રી જયેશભાઈ જરીવાલા અને શ્રીમતિ દિપીકાબેન સોલંકી સવારે ૧૦:૦૦ કલાકે ઉપસ્થિત રહેશે. વોર્ડ નં. ૨૭ (ડુંભાલ)માં મ્યુ. સદસ્ય શ્રીમતિ રશ્મિકાબેન પટેલ, શ્રી પી.વી.એસ.શર્મા અને શ્રી અકરમ અન્સારી સવારે ૧૦:૩૦ કલાકે ઉપસ્થિત રહેશે. વોર્ડ નં. ૨૮(પરવટ–ગોદાડરા)માં મ્યુ.સદસ્ય શ્રીમતિ સુમનબેન પાટીલ, શ્રી ગેમરભાઈ દેસાઈ અને શ્રી રાવસાહેબ પાટીલ સવારે ૧૧:૦૦ કલાકે ઉપસ્થિત રહેશે. વોર્ડ નં. ૨૯(લિંબાયત)માં મ્યુ.સદસ્ય શ્રીમતિ લક્ષ્મીબેન રાપોલુ, ડાં. રવિન્દ્ર પાટીલ અને શ્રી ઈકબાલ બેલીમ સવારે ૧૧:૩૦ કલાકે ઉપસ્થિત રહેશે. વોર્ડ નં. ૩૭(ડિંડોલી)માં મ્યુ. સદસ્ય શ્રીમતિ નયનાબેન નાયક , શ્રી સુભાષ પાટીલ અને શ્રી દયાશંકર સિંહ બપોરે ૧૨:૦૦ કલાકે ઉપસ્થિત રહેશે.

રાંદેર ઝોનમાં તા. ૨૪/૧૨/૨૦૧૪ના રોજ વોર્ડ નં. ૧(રાંદેર)માં મ્યુ. સદસ્ય શ્રીમતિ લક્ષ્મીબેન રાંદેરીયા, શ્રીભીખુભાઈ રાઠોડ અને શ્રી હિતેષભાઈ પટેલ સવારે ૧૦:૦૦ કલાકે ઉપસ્થિત રહેશે. વોર્ડ નં. ૧૦(રાંદેર–ગોરાટ રોડ)માં મ્યુ. સદસ્ય શ્રીમતિ જશુબેન રાઠોડ , શ્રી અનિલભાઈ બિસ્કીટવાલા અને શ્રી જીગીશભાઈ દવે સવારે ૧૦:૩૦ કલાકે ઉપસ્થિત રહેશે. વોર્ડ નં. ૧૧અડાજણ(પશ્ચિમ)માં મ્યુ. સદસ્ય કુ. પારૂલ ભારતી, શ્રી મુકેશભાઈ દલાલ અને શ્રી પ્રવિણભાઈ પટેલ સવારે ૧૧:૦૦ કલાકે ઉપસ્થિત રહેશે. વોર્ડ નં. ૧૨ અડાજણ(પૂર્વ)માં મ્યુ. સદસ્ય શ્રીમતિ વિણાબેન નાણાવટી, શ્રી નિરવ શાહ અને શ્રી અનિલભાઈ પટેલ સવારે ૧૧:૩૦ કલાકે ઉપસ્થિત રહેશે.

સદર મીટીંગમાં કમિશનરશ્રી મિલિન્દ તોરવણે, જે તે ઝોનના ઝોનલચીફશ્રી, ઝોનલ ઓફિસરશ્રી અને તે ઝોનના તમામ અધિકાશ્રીઓ તેમજ લાગત તમામ ખાતાના ડે.ઈજનેર કક્ષાના અધિકારીશ્રીઓ સાથે દરેક ઝોનમાં સદસ્યશ્રીઓ ઉપસ્થિત રહેશે.

## વરાછારોડ, મીની બજર વિસ્તારમાં આવેલ સ્કંગ ટાવર તથા કરંજ વિસ્તારમાં આવેલ ભગીરથનગરની ૪૧ મિલકતો સીલ કરતું વરાછાઝોન

સુરત મહાનગરપાલિકાના પૂર્વઝોન (વરાછા) કાર્યક્ષેત્ર હેથળના વોર્ડનં. ૧૮ઈ વરાછા રોડ મીનીબજાર વિસ્તારમાં આવેલ ભગીરથનગર સોસાયટીમાં ડાયમંડ/એમ્બ્રોડરી યુનિટનાં ૪૧જેટલા ઈ.સી./આર.સી. વ્યવસાયકાળો લાંબા સમયથી વ્યવસાયવેરો ભરપાઈ ન કરતાં હોવાથી તેઓને સમયાંતરે નોટીસો આપવામાં આવેલ. તેમછતાં પણ તેઓ તરફથી વ્યવસાયવેરો ન ભરાતાં અત્રે ના વ્યવસાયવેરા તથા આકારણી અને વસુલાત વિભાગ દ્વારા સામુહિક ઝુંબેશ હાથ ધરી ૪૧ મિલકતો ટાંચમાં લેતાં વ્યવસાયકારો તરફથી સ્થળ પર વ્યવસાયવેરાની રૂા. ૭.૫૦ લાખથી વધુ વ્યવસાયવેરો ભરપાઈ કરવામાં આવેલ તથા રૂા. ૨૨ લાખનો મિલકતવેરો વસૂલવામાં આવેલ છે.

પૂર્વઝોન (વરાછા) કાર્યક્ષેત્રમાં આવેલ કોમર્રીયલ કોમ્પલેક્ષ તથા ધંધાકીય સંસ્થાઓ /નગરોમાંઆવેલ ડાયામંડ યુનિટો/ટેક્ષટાઈલ યુનિટોની મિલકતોનો વ્યવસાયવેરો બાકી પડે છે, તેવી મિલકતો સીલકરી વ્યવસાયવેરો વસુલ કરવાની કામગીરી શરૂ કરવામાં આવેલ છે. જેથી આપણો બાકી વ્યવસાયવેરો સમયસર ભરપાઈ કરવા વ્યવસાયવેરા વિભાગ, વરાછાઝોન ઓફિસનો સંપર્ક કરવા જાહેર જનતાને અનુરોધ છે.

## સુરત મહાનગરપાલિકા – જાહેર આરોગ્ય વિભાગ – સ્વચ્છ ભારત અભિયાન

મહાત્મા ગાંધીજીની સને ૨૦૧૯માં ઉજવવામાં આવનાર ૧૫૦ મી જન્મજયંતિ અંતર્ગત, "સ્વચ્છ ભારત અભિયાન" હેઠળ તા.૧૬/૧૨/૨૦૧૪નાં રોજ શહેરમાં આવેલ સરકારી / અર્ધસરકારી / મહાનગરપાલિકાના તેમજ ખાનગી માલિકીના ઓપન પ્લોટની સાફ–સફાઈ કરી, જંતુનાશક દવાના છંટકાવ કરવામાં આવેલ. જેની માહિતી નીચે જણાવ્યાનુસાર છે.

| અ. નં. | ઝોનનું નામ | સફાઈની કામગીરી કરવામાં આવેલ પ્લોટોની સંખ્યા | | વસુલ કરેલ વહીવટી ખર્ચ (રૂા.) | ઈસમોની સંખ્યા | આપવામાં આવેલ નોટીસની સંખ્યા |
|---|---|---|---|---|---|---|
| | | સરકારી / અર્ધસરકારી / મહાનગરપાલિકાના પ્લોની સંખ્યા | ખાનગી પ્લોટોની સંખ્યા | | | |
| 1 | સેન્ટ્રલઝોન | 46 | -- | 3800 | 15 | 09 |
| 2 | વેસ્ટઝોન | 36 | 31 | 2300 | 05 | 16 |
| 3 | સાઉથઝોન | 12 | 38 | 2700 | 14 | 23 |
| 4 | સાઉથ–ઈસ્ટ ઝોન | 10 | 19 | 4000 | 15 | 15 |
| 5 | સાઉથ–વેસ્ટ ઝોન | 13 | 35 | -- | -- | 13 |
| 6 | નોર્થઝોન | 02 | 42 | 6800 | 28 | 28 |
| 7 | ઈસ્ટઝોન | 23 | 45 | 12300 | 34 | 18 |
| કુલ ..... | | **142** | **210** | **31900** | **111** | **122** |

આમ, આ અભિયાન દરમ્યાન સરકારી / અર્ધસરકારી / મહાનગરપાલિકાના–૧૪૨ તેમજ ખાનગી માલિકીના–૨૧૦ મળી કુલ–૩૫૨ ઓપન પ્લોટોની ઘનિષ્ઠ સાફ–સફાઈ કરવામાં આવેલ છે તેમજ સફાઈ – સ્વચ્છતા વિરુધ્ધની પ્રવૃત્તિ કરતા જણાયેલ–૧૧૧ ઈસમો પાસેથી કુલ રૂા.૩૧,૯૦૦/– વહીવટી ખર્ચ વસુલ કરી, પ્લોટોની સફાઈ – સ્વચ્છતા નિયમિત જાળવી રાખવા પ્લોટ ધારકોને વિસ્તૃત સમજણ આપવામાં આવી.

# પ્રેસનોટ

સુરત મહાનગરપાલિકા સંચાલિત મસ્કતિ ધર્માર્થ હોસ્પિટલ ખાતે ડાયાલીસીસની સુવિધા કાર્યરત છે. ડાયાલીસીસનો ચાર્જ રૂા.૪૫૦/— છે. જે સક્ષમસત્તાની મંજુરીથી અડધી માફી સાથે રૂા.૨૨૫/— ચાર્જ થાય છે. આ ચાર્જ સાથે બીજો અન્ય કોઈ પણ વસ્તુનો ચાર્જ લેવામાં આવતો નથી. તો જરૂરિયાતમંદ દર્દીઓને મસ્કતિ ધર્માર્થ હોસ્પિટલ ખાતે ડાયાલીસીસનો સગવડનો લાભ લેવા માટે અપીલ કરવામાં આવે છે.

# સુરત મહાનગરપાલિકા – સાઉથ વેસ્ટ (અઠવા) ઝોન – અખબારી યાદી

સાઉથ વેસ્ટ (અઠવા) ઝોનનાં ઝોનલ ચીફ શ્રી ડે. કમિશ્નર શ્રી સી. વાય ભટ્ટ તથા આસી. કમિશ્નર શ્રી કમલેશ નાયક ની સૂચના અને માર્ગદર્શન તેમજ સીધી દેખરેખ હેઠળ સાઉથ વેસ્ટ (અઠવા) ઝોનનાં વોર્ડ નં. ૮૩–એ મોજે – વેસુનાં વિસ્તારમાં આવેલ કોર્મશીયલ મિલ્કતોમાં મિલ્કત વેરા વસુલાત માટે આજ રોજ સ્થળ ઉપર ઝુંબેશ હાથ ધરવામાં આવેલ. જેમાં સ્થળ ઉપર સીલ મારવાની કાર્યવાહી કરતાં કુલ ૫૨ જેટલી મિલ્કતોનાં બાકી મિલ્કત વેરો અંદાજે રૂા. ૩૧,૦૦,૦૦૦/– (અંકે રૂપિયા એકત્રીસ લાખ પૂરાં) સ્થળ ઉપર જ વસુલ કરવામાં આવેલ છે અને ૯ (નવ) જેટલી મિલ્કતો ને વેરો ભરવાનો બાકી હોય સીલ મારવામાં આવેલ છે.

આગામી દિવસોમાં વેસુ વિસ્તારમાં આવેલ કોર્મશીયલ મિલ્કતો જેવી કે રાજમંદિર પ્લાઝા, આગમ આર્કેડ, આગમ શોપીંગ વર્લ્ડ, વેસ્ટર્ન બિઝનેશ પાર્ક, રાજમહલ કોમ્પલેક્ષ, કેનાલ વોક શોપર્સ, રીચમોન્ડ પ્લાઝા અને મહાલક્ષ્મી ડ્રીમ્સ વિગેરે કોર્મશીયલ મિલ્કતોમાં તબકકા વાર સ્થળ ઉપર વેરો વસુલ કરવાની તેમજ સાઉથ વેસ્ટ (અઠવા) ઝોન હેઠળ આવેલ મિલ્કતદારો જેઓ વેરા ભરપાઈ ન કરે તેને સીલ મારવાની કાર્યવાહી હાથ ધરવામાં આવનાર છે.

# સુરત મહાનગરપાલિકા – સાઉથ વેસ્ટ (અઠવા) ઝોન – અખબારી યાદી

મે.કમિશ્નરશ્રીની સુચના / હુકમ અન્વયે ઝોન વિસ્તારના "૦" દબાણ રૂટ ઉપર આવેલ મિલ્કતોનાં માર્જીનમાં જે કોઈ દબાણ / ગેરકાયદેસર બાંધકામો હોય તે તાકીદે દૂર કરી માર્જીન / પાર્કિંગની જગ્યા ખુલ્લી કરવા જણાવેલ. જેના ભાગરૂપે અગાઉ અત્રેના સાઉથ વેસ્ટ(અઠવા)ઝોન વિસ્તારના ઘોડદોડ મેઈન રોડ ઉપર આ પ્રકારની કામગીરી કરવામાં આવેલ. જે પ્રમાણેની કામગીરી સીટીલાઈટ મેઈન રોડ પર હાથ ધરવા સીટીલાઈટ મેઈન રોડ ઉપરના તમામ કોમ્પલેક્ષને અઠવા ઝોન તરફથી લેખિત નોટીસ આપી દિન–૨ (બે)માં સદર દબાણો દૂર કરવા જણાવવામાં આવેલ. તેમજ દૈનિક વર્તમાન પત્રમાં અખબારી યાદી પ્રસિધ્ધ કરવામાં આવેલ. જે ધ્યાને લઈ કેટલીક મિલ્કતના મિલ્કતદારો તરફથી સ્વૈચ્છિક રીતે દબાણો દૂર કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ. જયારે બાકી રહેલ મિલ્કતોમાં આ પ્રકારની કામગીરી આજરોજ તા.૧૭/૧૨/૧૪ ના સીટીલાઈટ મેઈન રોડ, સાયન્સ સેન્ટર થી અણુવ્રત દ્વાર સુધીના રસ્તા પૈકી સાયન્સ સેન્ટર થી અશોકપાન હાઉસ સુધીના રસ્તા ઉપર આવેલ મિલ્કતો જેવી કે સ્ક્વેર પોઈન્ટ, ભગવતી આશિષ, સીટીલાઈટ શોપીંગ સેન્ટર, મહેશ્વરી ભવન, હીરાપન્ના કોમ્પલેક્ષ વિગેરેમાં અત્રેના સાઉથ વેસ્ટ(અઠવા)ઝોનના શહેર વિકાસ વિભાગ, દબાણ વિભાગ, રસ્તા વિભાગના સ્ટાફ દ્વારા કામગીરી હાથ ધરવામાં આવેલ. જેમાં અંદાજે ૩૦ બેલદાર, ૨ જેસીબી, ૪ ટ્રક તેમજ સુપરવાઈઝરી સ્ટાફ દ્વારા સંયુકતપણે કામગીરી કરવામાં આવેલ. જેમાં બપોર સુધીમાં નીચે મુજબની કામગીરી કરવામાં આવેલ છે.

| અ.નં. | કામગીરીનો પ્રકાર | સંખ્યા / નંગ | ફુટ | રીમાર્કસ |
|---|---|---|---|---|
| ૧ | બેરીકેડીંગ / ગ્રીલ | – | ૩૭૫ રનીંગ ફુટ | સદર કામગીરી દરમ્યાન અંદાજે રૂા. ૬૫,૦૦૦/– ચાર્જીસ / દંડ વસુલ લેવામાં આવેલ છે. જયારે અન્યનો માલસામાન જપ્ત કરવામાં આવેલ છે. |
| ૨ | હોર્ડીંગ્સ / કિયોસ્ક બોર્ડ | ૪૨ | – | |
| ૩ | ઓટલા | – | ૩૪૦૦ ચો.ફુટ | |
| ૪ | લારી ગલ્લા / કાઉન્ટર | ૧૫ | – | |

વધુમાં સાઉથ વેસ્ટ(અઠવા)ઝોનના અન્ય વિસ્તારનાં પણ "૦" દબાણ રૂટ ઉપર આ પ્રકારની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

સદર કામગીરી ડે.કમિશ્નરશ્રીની સુચના અન્વયે કાર્યપાલક ઈજનેરશ્રીના માર્ગદર્શન તેમજ સીધી દેખરેખ હેઠળ સાઉથ વેસ્ટ(અઠવા)ઝોનના સંયુકત સ્ટાફ દ્વારા સીકયુરીટી સ્ટાફની મદદથી કરવામાં આવેલ છે.


STUDIO


JCB

## પ્રેસનોટ – નોર્થ ઝોન (કતારગામ) – સુરત મહાનગરપાલિકા

નોર્થ ઝોન (કતારગામ) વિસ્તારમાં તા.૧૬/૧૨/૨૦૧૪ ના રોજ કરવામાં આવેલ કામગીરીની વિગત નીચે મુજબ છે.

આરોગ્ય વિભાગ દ્વારા ૨૭૦ મે.ટન કચરાનો નિકાલ કરવામાં આવેલ. ૬૧ ઈસમોને નોટીસ આપવામાં આવેલ તેમજ વહીવટી ચાર્જ પેટે રૂા.૫,૨૦૦/– વસુલ લેવામાં આવેલ છે.

આકારણી અને વસુલાત વિભાગ દ્વારા વેરા પેટે રૂા. ૧૪,૮૭,૫૦૫/– વસુલાત કરવામાં આવેલ છે. તેમજ વ્યવસાય વેરા વિભાગ દ્વારા કતારગામ વિસ્તારમાંથી રૂા.૧,૯૪,૬૪૫/– વસુલ કરવામાં આવેલ છે.

ઈમ્પેકટ ફીની ૭૭ અરજી મંજુર કરવામાં આવેલ છે. ઈમ્પેકટ ફી પેટે રૂા. ૪,૯૦,૩૪૪/– ની વસુલાત કરવામાં આવેલ છે. ભધક આવાસમાંથી રૂા.૧,૭૧,૦૭૬/– હપ્તાની વસુલાત કરવામાં આવેલ છે. દબાણ ખાતા દ્વારા ૧૭ લારી જપ્ત કરવામાં આવેલ છે.

## પૂર્વ(વરાછા)ઝોન વિસ્તારમાં ઘનિષ્ઠ દબાણ હટાવ ઝુંબેશ – અંગે અખબાર યાદી

(૧) પૂર્વ(વરાછા)ઝોન વિસ્તારના કાર્યક્ષેત્ર હેઠળ ટી.પી. સ્કીમ નં. ૧૬(કપાદ્રા) માં સ્પીનીંગ મીલની પાછળ ફા.પ્લોટ નં. ૬૦, ૬૨ પૈકી મમતા પાર્ક સોસાયટી પાછળ આવેલ દિનદયાળનગર, શ્રીરામનગર વસાહતના વસાહતીઓ દ્વારા ગેરકાયદેસર મચ્છી, ઈંડા, મટન વિગેરેનો ધંધો રસ્તા/ફુટપાથ પૈકીની જગ્યામાં અડ્ડો જમાવીને કરતા હોય, આ અંગે અત્રેની કચેરીએ વારંવાર ફરિયાદો મળતી હોય, આ દબાણો અત્રેથી વારંવાર દુર કરવા તથા માલ સમાન જપ્ત કરવા છતાં ફરી ફરીને અડીંગો જમાવી આવી ગેરકાયદેસર પ્રવૃતિ ચાલુ રાખતાં હોય, આજરોજ અત્રેની કચેરી દ્વારા પોલીસની મદદ લઈ આશરે ૨૦૦ કિ.ગ્રા. માછલી, ૪૦૦ નંગ ઈંડા, ૧૦૦ કિ.ગ્રા. મટન, લાકડાના કટ્ટા, લોખંડના પાંજરા, ડ્રમ, બકેટ, કેરેટ જેવો સામાન મોટા પાયે જપ્ત કરવામાં આવેલ. જો કે સ્થળ પર લોક ટોળા જમા થઈ મોટા પાયે વાંધો / વિરોધ કરેલ પરંતુ સ્થળ પર હાજર રહેલ પોલીસે પરિસ્થિતિને નિયંત્રણમાં લીધેલ.

(૨) ટી.પી. સ્કીમ નં. ૮(ઉમરવાડા) માં સુરત મહાનગરપાલિકાના રીઝર્વેશન માટેના ફા.પ્લોટ નં.૩૦ માં ઝુંપડાવાસીઓ દ્વારા કરેલ અનઅધિકૃત દબાણ દુર કરવા તથા સ્થળ ઉપર માંસ/મચ્છી વેચતા ઈસમોનો સામાન જપ્ત કરવામાં આવેલ. સદર કામગીરી અંતર્ગત કુલ ૧૦ નંગ ઝુંપડા દુર કરી આશરે ૧૦૦ કિ.ગ્રા. માંસ/મચ્છી જપ્ત કરેલ.

(૩) ટી.પી. સ્કીમ નં. ૩(કરંજ), ઈશ્વરકૃપા, ડાહયાપાર્ક નજીકના મુખ્ય અતિ ટ્રાફીક ભારણવાળા રોડ પર દબાણો ઉભા કરી ધંધો કરતાં ઈસમોને બળપૂર્વક ખસેડવામાં આવેલ તથા સ્થળ પરથી ૨૫ નંગ લારીઓ જપ્ત કરવામાં આવેલ. વધુમાં આ કામગીરી સાંજ બાદ રાત્રી દરમ્યાન પણ ચાલુ રાખવામાં આવશે. તેમજ આગામી દિવસોમાં પણ દબાણ હટાવ ઝુંબેશ વધુ ઘનિષ્ટ રીતે કરવામાં આવશે.

વધુમાં સ્થળ પર જ દંડ પેટે રૂા. ૨૦,૦૦૦/– વસુલવામાં આવેલ છે.

ઉકત કામગીરી એડી.સીટી ઈજનેરશ્રીની સૂચના અને કાર્યપાલક ઈજનેરશ્રીના માર્ગદર્શન હેઠળ શહેર વિકાસ ખાતાના સ્ટાફ તથા દબાણ ખાતાનો સ્ટાફ દ્વારા કરવામાં આવેલ છે.

## સુરત મહાનગરપાલિકા – જાહેર આરોગ્ય વિભાગ – સ્વચ્છ ભારત અભિયાન

મહાત્મા ગાંધીજીની સને ૨૦૧૯માં ઉજવવામાં આવનાર ૧૫૦ મી જન્મજયંતિ અંતર્ગત, ''સ્વચ્છ ભારત અભિયાન'' હેઠળ તા.૧૭/૧૨/૨૦૧૪નાં રોજ શહેરમાં આવેલ હોસ્પિટલો / દવાખાનાઓ / લેબોરેટરીઓમાંથી જીપીસીબી ગાઈડ લાઈન મુજબ નિકાલ કરવામાં આવતા બાયોમેડીકલ વેસ્ટના નિકાલ અંગેનું ચેકીંગ કરવામાં આવેલ છે. જેની માહિતી નીચે જણાવ્યાનુસાર છે.

| અ. નં. | ઝોનનું નામ | ચેક કરેલ હોસ્પિટલ / કલીનીક / લેબોરેટીર વિગેરેની સંખ્યા | મહાનગરપાલિકા દ્વારા નિયત કરેલ એજન્સી મારફતે બાયો–મેડીકલ વેસ્ટનો નિકાલ કરતી સંસ્થાની સંખ્યા | નિકાલ કરેલ બાયોમેડિકલ વેસ્ટનો જથ્થો (કિ.ગ્રા.) | વસુલ કરેલ વહીવટી ખર્ચ (રૂા.) | આપવામાં આવેલ નોટીસની સંખ્યા |
|---|---|---|---|---|---|---|
| 1 | સેન્ટ્રલઝોન | 159 | 159 | -- | -- | -- |
| 2 | વેસ્ટઝોન | 193 | 193 | -- | -- | -- |
| 3 | સાઉથઝોન | 125 | 121 | -- | 500 | 04 |
| 4 | સાઉથ–ઈસ્ટ ઝોન | 80 | 69 | -- | 12300 | 11 |
| 5 | સાઉથ–વેસ્ટ ઝોન | 56 | 56 | -- | -- | -- |
| 6 | નોર્થઝોન | 299 | 299 | -- | -- | -- |
| 7 | ઈસ્ટઝોન | 193 | 193 | 198.985 | -- | -- |
| કુલ..... | | **1105** | **1090** | **198.985** | **12800** | **15** |

આમ, આ અભિયાન દરમ્યાન હોસ્પિટલો / દવાખાનાઓ / લેબોરેટરીઓ મળી કુલ ૧૧૦૫ સંસ્થાઓમાં બાયોમેડીકલ વેસ્ટના નિકાલ સંબંધિત ચકાસણી કરવામાં આવેલ. જે દરમ્યાન કુલ ૧૦૯૦ સંસ્થાઓ જીપીસીબી ગાઈડ લાઈન મુજબ, મહાનગરપાલિકા દ્વારા નિયત કરેલ એજન્સી મારફત બાયોમેડીકલ વેસ્ટનો નિકાલ કરતા હોવાનું જણાયેલ છે.

## પ્રેસનોટ – સુરત મહાનગરપાલિકા – જાહેર આરોગ્ય વિભાગ

સુરત શહેરના સાત ઝોન વિસ્તારોમાં આવેલ વિવિધ કોમર્શીયલ સંસ્થા / દુકાનો પૈકી ઘણી સંસ્થાઓ દ્વારા તેઓની પ્રિમાઈસીસમાંથી ઉત્પન્ન થતો કચરો એકત્રિત કરવા ડસ્ટબીન રાખતા ન હોવાનું કે ડસ્ટબીનમાં કચરો એકત્રિત ન કરી, જાહેર માર્ગ ઉપર સરેઆમ કચરો ફેંકતા હોવાનું ધ્યાને આવેલ છે. જેથી ''સ્વચ્છ સુરત, સુંદર સુરત'' ની છબી બગડવા ન પામે તે હેતુસર, ''સ્વચ્છ ભારત અભિયાન'' અંતર્ગત આગામી તા.૧૩ ઓકટોબર ૨૦૧૪ થી ૧૮ ઓકટોબર ૨૦૧૪ સુધીના સમયગાળા દરમ્યાન સુરત શહેરના તમામ ઝોન વિસ્તારોમાં આવેલ કોમર્શીયલ સંસ્થા / દુકાનોનું ચેકીંગ હાથ ધરી ડસ્ટબીન રાખવામાં આવેલ છે કે નહીં? તે અંગેની દિવાળી પહેલાંની પ્રથમ તબકકાની ચકાસણી કરવાની ઝુંબેશ મહાનગરપાલિકા દ્વારા હાથ ધરવામાં આવનાર છે. જે અન્વયે દરેક ઝોન દીઠ ૨૦ ટીમ (દરેક ટીમમાં ૦૨ સભ્યો) દ્વારા દરરોજ સવારે ૧૧:૦૦ કલાક થી ૧:૦૦ કલાક તથા સાંજે ૫:૦૦ કલાક થી ૭:૦૦ કલાક દરમ્યાન કોમર્શીયલ સંસ્થા / દુકાનોનું ચેકીંગ કરવામાં આવનાર છે. દશાર્વેલ સમયગાળા દરમ્યાન અંદાજીત ૦૨(બે) લાખ કોમર્શીયલ સંસ્થા / દુકાનોનું ચેકીંગ કરવાનું આયોજન મહાનગરપાલિકા દ્વારા કરવામાં આવેલ છે. આ ચેકીંગ દરમ્યાન જે સંસ્થાઓ / દુકાનોમાં ડસ્ટબીન ન હશે તો, તેવી સંસ્થાઓ / દુકાન ધારકો પાસેથી નિયમોનુસાર વહીવટી ચાર્જની રકમ વસુલાત કરવામાં આવશે. આ કામગીરી અંગે સુરત મહાનગરપાલિકાને પુરતો સહકાર આપવા, જાહેર જનતા તથા તમામ કોમર્શીયલ સંસ્થા / દુકાન ધારકોને નમ્ર અપીલ છે.

# પ્રેસનોટ

પશ્ચિમ ઝોન (રાંદેર) વિસ્તારમાં સમાવિષ્ટ મહાદેવનગર ઝુંપડપટ્ટીના માન્ય યાદીના–૭૦, ભગવતીનગર ઝુંપડપટ્ટીના માન્ય યાદીના–૦૧ તથા ગોરાટ અંબાનગર સોસાયટી પાસેની ઝુંપડપટ્ટીના માન્ય યાદીના–૦૪ લાભાર્થીઓ મળીને કુલ ૭૫ લાભાર્થીઓને ટી.પી.સ્કીમ નં. ૩૧(અડાજણ), ફા.પ્લોટ નં. ૧૯૧ ખાતે ૭૧ લાભાર્થીઓને તથા ટી.પી.સ્કીમ નં. ૧૪(પાલ), ફા.પ્લોટ નં. ૧૬૫ ખાતે ૦૪ લાભાર્થીઓને સંપૂર્ણ સુવિધાયુકત બે રૂમ, રસોડુ, સંડાશ, બાથરૂમની સગવડવાળા વઘદગચોઢખકગ. અંતર્ગતના આવાસોમાં સ્થળાંતર કરવાની કાર્યવાહીના ભાગરૂપે આવાસો ફાળવવાનો ડ્રો તા. ૧૭.૧૨.૨૦૧૪ ના રોજ સાંજે ૪.૦૦ કલાકે સીનીયર સીટીઝન હોલ, ઈશિતાપાર્કની બાજુમાં, અડાજણ ખાતે પશ્ચિમ ઝોન (રાંદેર) ના તથા સ્લમ અપગ્રેડેશન વિભાગના અધિકારી / કર્મચારીઓની તેમજ સ્લમ ઈમ્પ્રુવમેન્ટ સમિતિના ચેરપર્સન શ્રીમતિ મીતાબેન અનિલભાઈ ચૌહાણની ઉપસ્થિતિમાં કરવામાં આવેલ છે. સંપૂર્ણ સુવિધાયુકત આવાસોમાં સ્થળાંતર થયેથી સદર ઝુંપડાવાસીઓનું જીવનધોરણ ઉંચુ લાવી શકાશે.

# પ્રેસ નોટ – સાઉથ ઈસ્ટ ઝોન(લિંબાયત) દ્વારા – ફકત ૨ જ દિવસમાં રૂા.૧૭,૩૦,૭૩૬/– ની વેરા વસુલાત

સાઉથ ઈસ્ટ ઝોન (લિંબાયત)ના ઝોનલ ચીફશ્રી જે.કે. શાહ તથા આસી. કમિશ્નરશ્રી શ્રીમતિ ગાયત્રી આર.જરીવાલાના સીધા દોરવણી હેઠળ સને ૨૦૧૪–૧૫ ના વેરાબીલો કરદાતાઓને પહોંચાડવામાં આવેલ હોવા છતાં કરદાતાઓ તરફથી મિલ્કતનો વેરો સમય મર્યાદામાં ભરપાઈ કરવામાં નહી આવતા લિંબાયત ઝોનના આસી.કમિશ્નરશ્રી તથા એઆરઓશ્રી તથા આકારણી વિભાગના સ્ટાફ દ્વારા તા.૧૫/૧૨/૧૪ અને ૧૬/૧૨/૧૪ ના રોજ સામુહિક ઝુંબેશ ડુંભાલ વિસ્તારમાં કરી બાકી ૪૮ કરદાતાઓ પાસેથી રૂા.૧૭,૩૦,૭૩૬/– જેટલી રકમ વસુલાત કરી લેવામાં આવેલ છે.તેમજ ૧૪ જેટલી મિલ્કતોને વેરા ભરવા માટેની નોટીસ બજાવવામાં આવેલ છે.

સદર કામગીરી આક્રમક રીતે વધુ અસરકારક રીતે વસુલાત કરવાની હોય ભાગરૂપે વધુ આકરા પગલા ભરવામાં આવનાર હોય, તમામ કરદાતાઓને તેમનો મિલ્કત વેરો તથા બાકી વ્યવસાય વેરો ભરવા માટે જાણ કરવામાં આવે છે.

## સુરત મહાનગરપાલિકા – સાઉથ વેસ્ટ (અઠવા) ઝોન –અખબારી યાદી

મે.કમિશનરશ્રીની સુચના/હુકમ અન્વયે ઝોન વિસ્તારના "૦" દબાણ રૂટ ઉપર આવેલ મિલ્કતોનાં માર્જીનમાં જે કોઈ દબાણ / ગેરકાયદેસર બાંધકામો હોય તે તાકીદે દૂર કરી માર્જીન / પાર્કિંગની જગ્યા ખુલ્લી કરવા જણાવેલ. જેના ભાગરૂપે અગાઉ અત્રેના સાઉથ વેસ્ટ(અઠવા)ઝોન વિસ્તારના ઘોડદોડ મેઈન રોડ ઉપર આ પ્રકારની કામગીરી કરવામાં આવેલ. જે પ્રમાણેની કામગીરી તા.૧૭/૧૨/૧૪ ના રોજ સીટીલાઈટ મેઈન રોડ પર શરૂ કરવામાં આવેલ. જે પૈકી બાકી રહેલ કામગીરી આજરોજ તા.૧૮/૧૨/૧૪ ના હાથ ધરી સીટીલાઈટ મેઈન રોડ, સાયન્સ સેન્ટર થી અણુવ્રત દ્વાર સુધીના રસ્તા તથા તેના આજુબાજુના વિસ્તારમાં આવેલ મિલ્કતોમાં અત્રેના સાઉથ વેસ્ટ(અઠવા)ઝોનના શહેર વિકાસ વિભાગ, દબાણ વિભાગ, રસ્તા વિભાગના સ્ટાફ દ્વારા કામગીરી હાથ ધરવામાં આવેલ. જેમાં અંદાજે ૩૦ બેલદાર, ૨ જેસીબી, ૪ ટ્રક તેમજ સુપરવાઈઝરી સ્ટાફ દ્વારા સંયુકતપણે કામગીરી કરવામાં આવેલ. જેમાં બપોર સુધીમાં નીચે મુજબની કામગીરી કરવામાં આવેલ છે.

| અ.નં. | કામગીરીનો પ્રકાર | સંખ્યા / નંગ | ફુટ | રીમાર્કસ |
|---|---|---|---|---|
| ૧ | કોર્નર પોઈન્ટવાળી મિલ્કતના બેઝમેન્ટમાં ગેરકાયદેસર દબાણ દૂર કરી પાર્કિંગની જગ્યા ખુલ્લી કરેલ છે. | | ૪૦૦૦ ચો.ફુટ | સદર કામગીરી દરમ્યાન રૂા.૩,૦૦,૦૦૦/– ચાર્જીસ / દંડ વસુલ લેવામાં આવેલ છે. |
| ૨ | બેરીકેડીંગ / ગ્રીલ | – | ૧૨૦૦ રનીંગ ફુટ | સદર કામગીરી દરમ્યાન અંદાજે રૂા.૩૮,૫૦૦/– ચાર્જીસ / દંડ વસુલ લેવામાં આવેલ છે. જયારે અન્યનો માલસામાન જપ્ત કરવામાં આવેલ છે. |
| ૩ | હોર્ડીંગ્સ / કિયોસ્ક બોર્ડ | ૨૬૦ | – | |
| ૪ | પતરાના શેડ | – | ૧૪૦૦ ચો.ફુટ | |
| | લારી ગલ્લા / કાઉન્ટર | ૧૫ | – | |


તેમજ ડ્રા.ટી.પી.સ્કીમ નં.૨૯(રૂંઢ–વેસુ–મગદલ્લા)માં આવેલ ફા.પ્લોટ નં.૮૫/૩ માં મિલ્કતદાર /કબ્જેદારશ્રી બનારસીદાસ રામકુમાર અગ્રવાલ તથા અન્યો દ્વારા આશરે ૧૨૦.૦૦ મી. લંબાઈની ૨૪.૦૦ મી.ના ટી.પી.રસ્તામાં આવતી કમ્પાઉન્ડ વોલ દૂર કરતાં ૫૦૦૦.૦૦ ચો.ફુટની જગ્યાનાં રસ્તાનો કબ્જો લેવામાં આવેલ છે.

વધુમાં સાઉથ વેસ્ટ(અઠવા)ઝોનના અન્ય વિસ્તારનાં પણ "૦" દબાણ રૂટ ઉપર આ પ્રકારની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

સદર કામગીરી ડે.કમિશનરશ્રીની સુચના અન્વયે કાર્યપાલક ઈજનેરશ્રીના માર્ગદર્શન તેમજ સીધી દેખરેખ હેઠળ સાઉથ વેસ્ટ(અઠવા)ઝોનના સંયુકત સ્ટાફ દ્વારા સીકયુરીટી સ્ટાફની મદદથી કરવામાં આવેલ છે.






Corner Point

## સુરત મહાનગરપાલિકા દ્વારા યોજાયેલ મુખ્યમંત્રી ગૃહ યોજના (Gujarat Rural Urban Housing )

**અંતર્ગત સાકારિત થનાર** EWS **તથા** LIG **આવાસ ફાળવણીનો ત્રીજો પસંદગી માટેનો કોમ્પ્યુટરાઈઝડ્ ડ્રો આજરોજ ગાંધી સ્મૃતિ ભવન ,નાનપુરા સુરત ખાતે સવારે ૧૦:૦૦ કલાકે માનનીય મેયરશ્રી નિરંજનભાઈ ઝાંઝમેરાના વરદ્ હસ્તે યોજાયો હતો. દરેક અરજદારને આવાસ લોકેશનના પાંચ વિકલ્પ આપવામાં આવ્યા હતા. જે પૈકી ૨૨૯૬** EWS **આવાસ તથા ૮૭૨૧** LIG **આવાસ માટે પ્રથમ કોમ્પ્યુટરાઈઝડ્ ડ્રો તા. ૦૧/૧૨/૨૦૧૪ વેસુખાતે યોજાયેલ હતો કુલ અરજીઓના જે લાભાર્થીઓ ૦૧/૧૨/૨૦૧૪ ના રોજ પ્રથમ પસંદગી માટે થયેલ કોમ્પ્યુટરાઈઝડ્ ડ્રો માં સફળ થયેલ નથી, તેઓ માટે દ્વિતિય પસંદગી માટેનો ડ્રો ૧૬/૧૨/૨૦૧૪ યોજાયો હતો જેમાં કુલ ૩૦૭ આવાસોનો ડ્રો થયેલ જે પૈકી ૧૦૫** EWS **તથા ૨૦૨** LIG **આવાસોનો ડ્રો કરી ફાળવવામાં આવેલ હતા આજરોજ આવાસોની ડ્રોમાં ૭૫** EWS **તથા** LIG **૮૯ મળી કુલ ૧૬૪ આવાસોનો ડ્રો કરી આવાસોમાં ફાળવવામાં આવેલ હતા.**

**ડ્રો માં સફળ થયેલ લાભાર્થીઓનું લિસ્ટ ડ્રો ના સ્થળે પ્રસિધ્ધ કરવામાં આવેલ ત્યારબાદ એક કલાક બાદ સુરત મહાનગરપાલિકાની વેબસાઈટ ઉપર પ્રસિધ્ધ કરવામાં આવેલ તેમજ તેનું સુચનાપત્ર વેબસાઈટ પરથી મેળવી શકાશે.**

**ઉપરોકત કાર્યક્રમમાં માન.કમિશનરશ્રી મિલિન્દ તોરવણે, શાસક પક્ષના નેતાશ્રી કિશોરભાઈ બિંદલ, જાહેર બાંધકામ સમિતિના અધ્યક્ષશ્રી વિનોદભાઈ મોરડીયા, ગટર સમિતિના અધ્યક્ષશ્રી વિનોદભાઈ મોહનભાઈ પટેલ, સ્લમ ઈમ્પ્રુવમેન્ટ સમિતિના અધ્યક્ષા શ્રીમતિ મીતાબેન ચૌહાણ, રૂગ્ણાલયો,વૈદિકયરાહત અને તંદુરસ્તીવર્ધક સમિતિના અધ્યક્ષશ્રી રવિન્દ્ર પાટીલ, પાણી સમિતિના ઉપાધ્યક્ષશ્રી વિજયભાઈ ઈશ્વરલાલ માસ્ટર તેમજ અધિકારીશ્રીઓ અને લાભાર્થીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી કાર્યક્રમને સફળ બનાવેલ હતો.**

**ચોથી પસંદગી માટે નો કાર્યક્રમ ડ્રો તા.૨૦/૧૨/૨૦૧૪ના રોજ ગાંધીસ્મૃતિ ભવન નાનપુરા સુરત ખાતે સવારે ૧૦:૦૦ કલાકે યોજવામાં આવશે. જેમાં લાભાર્થીઓને ઉપસ્થિત રહેવા વિનતી.**

## પ્રેસનોટ – નોર્થ ઝોન (કતારગામ) – સુરત મહાનગરપાલિકા

નોર્થ ઝોન (કતારગામ) વિસ્તારમાં તા.૧૭/૧૨/૨૦૧૪ ના રોજ કરવામાં આવેલ કામગીરીની વિગત નીચે મુજબ છે.

આરોગ્ય વિભાગ દ્વારા ૨૬૯ મે.ટન કચરાનો નિકાલ કરવામાં આવેલ. ૬૮ ઈસમોને નોટીસ આપવામાં આવેલ તેમજ વહીવટી ચાર્જ પેટે રૂા.૪,૫૦૦/– વસુલ લેવામાં આવેલ છે.

આકારણી અને વસુલાત વિભાગ દ્વારા વેરા પેટે રૂા. ૨૩,૦૫,૦૯૨/– વસુલાત કરવામાં આવેલ છે. તેમજ વ્યવસાય વેરા વિભાગ દ્વારા કતારગામ વિસ્તારમાંથી રૂા.૨,૩૯,૫૬૭/– વસુલ કરવામાં આવેલ છે.

ઈમ્પેકટ ફીની ૭૦ અરજી મંજુર કરવામાં આવેલ છે. ઈમ્પેકટ ફી પેટે રૂા. ૧૦,૦૮,૬૨૦/– ની વસુલાત કરવામાં આવેલ છે. ભધક આવાસમાંથી રૂા.૧,૨૨,૪૦૭/– હપ્તાની વસુલાત કરવામાં આવેલ છે. દબાણ ખાતા દ્વારા ૧૯ લારી જપ્ત કરવામાં આવેલ છે.

## વરાછારોડ, મીનીબજાર વિસ્તારમાં આવેલ સનરાઈઝ ચેમ્બર્સ, પ્રિન્સેસ પ્લાઝા તથા કરંજ વિસ્તારમાં આવેલ સંતોષીનગરની પર મિલકતો સીલ કરતું વરાછાઝોન

સુરત મહાનગરપાલિકાના પૂર્વ ઝોન (વરાછા) કાર્યક્ષેત્ર હેઠળનાં વોર્ડ નં.૧૮ઈ વરાછારોડ મીનીબજાર વિસ્તારમાં આવેલ સનરાઈઝ ચેમ્બર્સ, પ્રિન્સેસ પ્લાઝા તથા કરંજ વિસ્તારમાં આવેલ સંતોષીનગર સોસાયટીમાં ડાયમંડ/એમ્બ્રોઈડરી યુનિટનાં ૧૩૪ ત્ર ૧૩૦ જેટલા ઈ.સી./આર.સી. વ્યવસાયકારો લાંબા સમયથી વ્યવસાયવેરો ભરપાઈ કરતાં ન હોવાથી તેઓને સમયાંતરે નોટીસો આપવામાં આવેલ. તેમછતાં પણ તેઓ તરફથી વ્યવસાયવેરો ન ભરાતાં અત્રેનાં વ્યવસાયવેરા તથા આકારણી અને વસુલાત વિભાગ ધ્વારા સામુહિક ઝુંબેશ હાથ ધરી પર મિલકતો ટાંચમાં લેતાં વ્યવસાયકારો તરફથી સ્થળ પર વ્યવસાયવેરાની રૂા. ૮.૯૦ લાખથી વધુ વ્યવસાય વેરો ભરપાઈ કરવામાં આવેલ તથા રૂા.૭.૮૫ લાખનો મિલકત વેરો વસૂલવામાં આવેલ છે.

પૂર્વઝોન (વરાછા) કાર્યક્ષેત્રમાં આવેલ કોમર્શીયલ કોમ્પલેક્ષ તથા ધંધાકીય સંસ્થાઓ / નગરોમાં આવેલ ડાયમંડ યુનિટો / ટેક્ષટાઈલ યુનિટોની મિલકતોનો વ્યવસાયવેરો બાકી પડે છે, તેવી મિલકતો સીલ કરી વ્યવસાયવેરો વસૂલ કરવાની કામગીરી શરૂ કરવામાં આવેલ છે. જેથી આપનો બાકી વ્યવસાયવેરો સમયસર ભરપાઈ કરવા વ્યવસાયવેરા વિભાગ, વરાછાઝોન ઓફીસનો સંપર્ક કરવા જાહેર જનતાને અનુરોધ છે.

## સુરત મહાનગરપાલિકા – સાઉથ વેસ્ટ (અઠવા) ઝોન – અખબારી યાદી

મે.કમિશ્નરશ્રીની સુચના/હુકમ અન્વયે ઝોન વિસ્તારના "૦" દબાણ રૂટ ઉપર આવેલ મિલ્કતોનાં માર્જીનમાં જે કોઈ દબાણ / ગેરકાયદેસર બાંધકામો હોય તે તાકીદે દૂર કરી માર્જીન / પાર્કિંગની જગ્યા ખુલ્લી કરવા જણાવેલ. જેના ભાગરૂપે અગાઉ અત્રેના સાઉથ વેસ્ટ(અઠવા)ઝોન વિસ્તારના ઘોડદોડ મેઈન રોડ ઉપર આ પ્રકારની કામગીરી કરવામાં આવેલ. જે પ્રમાણેની કામગીરી તા.૧૭/૧૨/૧૪ ના રોજ સીટીલાઈટ મેઈન રોડ પર શરૂ કરવામાં આવેલ. જે પૈકી બાકી રહેલ કામગીરી આજરોજ તા.૧૮/૧૨/૧૪ ના હાથ ધરી સીટીલાઈટ મેઈન રોડ, સાયન્સ સેન્ટર થી અણુવ્રત દ્વાર સુધીના રસ્તા તથા તેના આજુબાજુના વિસ્તારમાં આવેલ મિલ્કતો જેવી કે કોર્નર પોઈન્ટ, શિવા પૂજા કોમ્પલેક્ષ, પ્રાચી કોમ્પલેક્ષમાં બપોર બાદ અત્રેના સાઉથ વેસ્ટ(અઠવા)ઝોનના શહેર વિકાસ વિભાગ, દબાણ વિભાગ, રસ્તા વિભાગના સ્ટાફ દ્વારા કામગીરી હાથ ધરવામાં આવેલ. જેમાં અંદાજે ૩૦ બેલદાર, ૨ જેસીબી, ૪ ટ્રક તેમજ સુપરવાઈઝરી સ્ટાફ દ્વારા સંયુકતપણે કામગીરી કરવામાં આવેલ.

| અ.નં. | કામગીરીનો પ્રકાર | સંખ્યા / નંગ | ફુટ | રીમાર્કસ |
|---|---|---|---|---|
| ૧ | શિવાકૃપા કોમ્પલેક્ષ (બેંક ઓફ બરોડા) વાળીમાં માર્જીનમાં ગેરકાયદેસર દબાણ દૂર કરી જગ્યા ખુલ્લી કરેલ છે. | | ૧૧૦૦ ચો.ફુટ | સદર કામગીરી દરમ્યાન રૂા.૧,૯૦,૦૦૦/– ચાર્જીસ / દંડ વસુલ લેવામાં આવેલ છે. જયારે અન્યનો માલસામાન જપ્ત કરવામાં આવેલ છે. |
| ૨ | બેરીકેડીંગ / ગ્રીલ | – | ૫૦ રનીંગ ફુટ | |
| ૩ | હોર્ડીંગ્સ / કિયોસ્ક બોર્ડ | ૨૦ | – | |
| ૪ | લારી ગલ્લા / કાઉન્ટર | ૦૫ | – | |

વધુમાં સાઉથ વેસ્ટ(અઠવા)ઝોનના અન્ય વિસ્તારનાં પણ "૦" દબાણ રૂટ ઉપર આ પ્રકારની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

સદર કામગીરી ડે.કમિશ્નરશ્રીની સુચના અન્વયે કાર્યપાલક ઈજનેરશ્રીના માર્ગદર્શન તેમજ સીધી દેખરેખ હેઠળ સાઉથ વેસ્ટ(અઠવા)ઝોનના સંયુકત સ્ટાફ દ્વારા સીકયુરીટી સ્ટાફની મદદથી કરવામાં આવેલ છે.

## સાઉથ ઈસ્ટ ઝોન(લિંબાયત)માં વેરા વસુલાત ઝુંબેશ વધુ ઘનિષ્ઠ બનાવાઈ –ફકત એક જ દિવસમાં રૂા.૫,૦૦,૧૫૦/– ની વેરા વસુલાત

સાઉથ ઈસ્ટ ઝોન (લિંબાયત) દ્વારા વેરા વસુલાત ઝુંબેશ પુર જોશ માં શરૂ કરવામાં આવેલ છે. વેરા ભરપાઈ કરવામાં વિલંબ કરતા કરદાતાઓ સામે આકરા પગલા લેવામાં આવી રહયા છે.

વેરા વસુલાતની ઝુંબેશના ભાગરૂપે તા.૧૮/૧૨/૧૪ ના રોજ સહારા દરવાજા પુણા કડોદરા રોડ ખાતે આવેલ એમ.જી. ફ્રુટ માર્કેટમાં વેરા વસુલાત અભિયાન હાથ ધરવામાં આવેલ હતું. જેમાં લિંબાયત ઝોનના એડી. સીટી.ઈજનેરશ્રી જે.કે. શાહ તથા આસી. કમિશ્નરશ્રી શ્રીમતી ગાયત્રી આર.જરીવાલા તથા આકારણી વિભાગના સ્ટાફે વેરા વસુલાત ઝુંબેશ વધુ આક્રમક બનાવી હતી.જેમાં મિલ્કત વેરો બાકી હોય તેવા સ્ટોલ ધારકો પર કડકાઈથી ઉઘરાણી કરતા સ્ટોલ ધારકોએ સ્થળ પર જ રૂા.૫,૦૦,૧૫૦/– ચુકવી દીધા હતા.

વેરા વસુલાત વધુ ઘનિષ્ઠ બનાવવા માટે તમામ બાકી દારોનું લિસ્ટ બનાવી વોર્ડ વાઈઝ તેની ફાળવણી કરી ડોર–ટુ–ડોર વસુલાત અભિયાન શરૂ કરવામાં આવનાર છે. આથી તમામ બાકી કરદાતાઓને તાતકાલિક વેરો ભરી જવા સુચના આપવામાં આવે છે.

# પ્રેસ નોટ

તા.૧૮–૧૨–૨૦૧૪ નાં રોજ સ્મીમેર મેડીકલ કોલેજ ખાતે એકઝીકયુટીવ કમિટિની મીટીંગમાં મેયરશ્રી નિરંજન ઝાંઝમેરા, કમિશ્નરશ્રી મિલિંદ તોરવણે, સ્થાયી સમિતિ અધ્યક્ષશ્રી નિરવ શાહ તેમજ પદાધિકારીશ્રીઓ, ડીન ડો.કલ્પના દેસાઈ, મેડીકલ સુપ્રિન્ટેન્ડન્ટ ડો.વંદના દેસાઈ તેમજ અન્ય અધિકારીશ્રીઓ અને મેડીકલ એક્ષ્પર્ટસ હાજર રહેલ. સ્મીમેર હોસ્પિટલનું હાઉસ કીપીંગનું કામ દફતરે કરી ટેન્ડરમાં જરૂરી સુધારા વધારા કરી રીટેન્ડર કરવાનુ, સ્મીમેર ખાતે પીપીપી ધોરણે અપોલો હોસ્પિટલ્સ દ્વારા કાર્યરત સીટી સ્કેન અને એમ.આર.આઈ. સેન્ટરમાં હાલનાં ભાવોમાં વધારો કરવા માટે અપોલો હોસ્પિટલ દ્વારા કરેલ માંગણી બાબતે કંપનીનાં અધિકારીઓ સાથે રૂબરૂમાં નેગોશીએશન કરી જાહેર જનતાનું હિત ધ્યાનમાં રાખી ભાવ મંજુર કરવામાં આવ્યા. સ્મીમેર હોસ્પિટલનું એક્ષ્પાન્શન મુલ્તવી રાખવામાં આવ્યુ તેમજ હયાત સ્ટ્રકચરમાં એક્ષ્ટેન્શન કરવા માટે નવો પ્લાન રજુ કરવા જણાવવામાં આવ્યુ તેમજ જાહેર જનતાના હિતને ધ્યાને રાખી મેડીકલ સુવિધા મળી રહે તે માટે ઝોનમાં આવેલ હેલ્થ સેન્ટરને અપગ્રેડ કરવા ચર્ચા વિચારણા કરવામાં આવી. આ અંગે મેયરશ્રી દ્વારા પણ સૂચન કરવામાં આવ્યુ. સ્મીમેરમાં કોન્ટ્રાકટ ઉપર ફીકસ અવેજથી ફરજ બજાવતા સીનીયર અને જુનીયર રેસીડેન્ટનાં હાલનાં પગારમાં ૪૦% જેટલો વધારો કરવાનું નકકી કરવામાં આવ્યુ.

# પ્રેસ નોટ

સુરત મહાનગરપાલિકાના પશ્ચિમ ઝોન(રાંદેર)ના શહેર વિકાસ ખાતા ધ્વારા તા.૧૮/૧૨/૨૦૧૪ ને ગુરૂવાર તથા તા.૧૯/૧૨/૨૦૧૪ને શુક્રવારના રોજ, ટી.પી.૩૦(રાંદેર)ખાતે મોરાભાગળ ચાર રસ્તા જંકશન પાસે ૪૫.૦૦ મી. પહોળાઈનાં ટી.પી.રસ્તામાં નડતર રૂપ કાચાં–પાકાં સ્ટ્રકચર તથા ઓટલાનું બાંધકામ દૂર કરી આશરે૮૫૦૦.૦૦ ચો.ફૂટ વિસ્તારનો રસ્તાનો પ્રતયક્ષ કબ્જો મેળવવાની કામગીરી કરવામાં આવતાં બી.આર.ટી.એસ.નાં સર્વિસ રોડની કામગીરી પૂર્ણ થયેથી વર્ષો જુની ટ્રાફિકની સમયાનો હલ થશે.

# પ્રેસનોટ – નોર્થ ઝોન (કતારગામ) – સુરત મહાનગરપાલિકા

નોર્થ ઝોન (કતારગામ) વિસ્તારમાં તા.૧૮/૧૨/૨૦૧૪ ના રોજ કરવામાં આવેલ કામગીરીની વિગત નીચે મુજબ છે.

આરોગ્ય વિભાગ દ્વારા ૨૫૧ મે.ટન કચરાનો નિકાલ કરવામાં આવેલ. ૫૮ ઈસમોને નોટીસ આપવામાં આવેલ તેમજ વહીવટી ચાર્જ પેટે રૂા.૩,૭૦૦/– વસુલ લેવામાં આવેલ છે.

આકારણી અને વસુલાત વિભાગ દ્વારા વેડ રોડ પંડોળ ઈન્ડ. વિસ્તાર, કુબેરનગર, જેરામમોરારની વાડી વિગેરે વિસ્તારમાંથી વેરા પેટે રૂા.૨૩,૫૦,૨૫૭/– વસુલાત કરવામાં આવેલ છે. તેમજ વ્યવસાય વેરા વિભાગ દ્વારા કતારગામ વિસ્તારમાંથી રૂા.૧,૨૭,૯૬૦/– વસુલ કરવામાં આવેલ છે.

ઈમ્પેકટ ફીની ૨૪ અરજી મંજુર કરવામાં આવેલ છે. ઈમ્પેકટ ફી પેટે રૂા.૧૦,૪૨,૧૬૬/– ની વસુલાત કરવામાં આવેલ છે. ભધક આવાસમાંથી રૂા.૧,૮૫,૬૦૨/– હપ્તાની વસુલાત કરવામાં આવેલ છે. દબાણ ખાતા દ્વારા ૯ લારી જપ્ત કરવામાં આવેલ છે.

## સુરત મહાનગરપાલિકા – જાહેર આરોગ્ય વિભાગ – સ્વચ્છ ભારત અભિયાન

મહાત્મા ગાંધીજીની સને ૨૦૧૯માં ઉજવવામાં આવનાર ૧૫૦ મી જન્મજયંતિ અંતર્ગત, "સ્વચ્છ ભારત અભિયાન" હેઠળ તા.૧૮/૧૨/૨૦૧૪નાં રોજ શહેરમાં આવેલ મુખ્ય રસ્તાઓ / સર્કલ / શેરીઓની સાફ–સફાઈ કરવામાં આવેલ છે. જેની માહિતી નીચે જણાવ્યાનુસાર છે.

| અ. નં. | ઝોનનું નામ | સફાઈ કરેલ સર્કલ / રસ્તાઓ / શેરીઓ ની સંખ્યા | નિકાલ કરેલ અખાદ્ય પદાર્થોનો જથ્થો (કિ.ગ્રા.) | વસુલ કરેલ વહીવટી ચાર્જ (રૂા.) | આપવામાં આવેલ નોટીસની સંખ્યા |
|---|---|---|---|---|---|
| 1 | સેન્ટ્રલઝોન | 19 | 1.500 | 5100 | 76 |
| 2 | વેસ્ટઝોન | 38 | -- | -- | -- |
| 3 | સાઉથઝોન | 93 | -- | -- | -- |
| 4 | સાઉથ–ઈસ્ટ ઝોન | 10 | 10.000 | 6500 | 12 |
| 5 | સાઉથ–વેસ્ટ ઝોન | 11 | 16.000 | 25200 | 18 |
| 6 | નોર્થઝોન | 19 | -- | -- | -- |
| 7 | ઈસ્ટઝોન | 22 | -- | 5600 | 27 |
| કુલ..... | | **212** | **27.500** | **42400** | **133** |

આમ આ અભિયાનમાં શહેરના સાત ઝોન વિસ્તારોમાં આવેલ કુલ–૨૧૨ રૂટો (મુખ્ય રસ્તાઓ / સર્કલો / આંતરિક રસ્તાઓ) પર ઘનિષ્ઠ સફાઈની કામગીરી કરવામાં આવી, જે દરમ્યાન ૨૭.૫૦૦ કિ.ગ્રા. અખાદ્ય પદાર્થોનો નાશ કરી, સ્વચ્છતા વિરુધ્ધ પ્રવૃત્તિ આચરતા ઈસમો પાસેથી કુલ રૂા.૪૨,૪૦૦/– વહીવટી ચાર્જ વસુલ કરવામાં આવ્યો.

## પ્રેસનોટ

સુરત મહાનગરપાલિકા દ્વારા યોજાયેલ મુખ્યમંત્રી ગૃહ યોજના (Gujarat Rural Urban Housing ) અંતર્ગત સાકારિત થનાર EWS તથા LIG આવાસ ફાળવણીનો ચોથો પસંદગી માટેનો કોમ્પ્યુટરાઈઝડ્ ડ્રો આજરોજ ગાંધી સ્મૃતિ ભવન ,નાનપુરા સુરત ખાતે સવારે ૧૦:૦૦ કલાકે માનનીય મેયરશ્રી નિરંજનભાઈ ઝાંઝમેરાના વરદ્ હસ્તે યોજવામાં આવશે દરેક અરજદારને આવાસ લોકેશનના પાંચ વિકલ્પ આપવામાં આવ્યા હતા. જે પૈકી ૨૨૯૬ EWS આવાસ તથા ૮૭૨૧ LIG આવાસ માટે પ્રથમ કોમ્પ્યુટરાઈઝડ્ ડ્રો તા. ૦૧/૧૨/૨૦૧૪ વેસુખાતે યોજાયેલ હતો કુલ અરજીઓના જે લાભાર્થીઓ ૦૧/૧૨/૨૦૧૪ ના રોજ પ્રથમ પસંદગી માટે થયેલ કોમ્પ્યુટરાઈઝડ્ ડ્રો માં સફળ થયેલ નથી, તેઓ માટે દ્વિતિય પસંદગી માટેનો ડ્રો ૧૬/૧૨/૨૦૧૪ યોજાયો હતો જેમાં કુલ ૩૦૭ આવાસોનો ડ્રો થયેલ જે પૈકી ૧૦૫ EWS તથા ૨૦૨ LIG આવાસોનો ડ્રો કરી ફાળવવામાં આવેલ હતા તા.૧૮/૧૨/૨૦૧૪ ના રોજ યોજાયેલ કોમ્પ્યુટરાઈઝડ્ ડ્રો માં ૭૫ EWS તથા LIG ૮૯ મળી કુલ ૧૬૪ આવાસોનો ડ્રો કરી આવાસોમાં ફાળવવામાં આવેલ હતા.

ચોથી પસંદગી માટે નો કાર્યક્રમ ડ્રો તા.૨૦/૧૨/૨૦૧૪ના રોજ ગાંધીસ્મૃતિ ભવન નાનપુરા સુરત ખાતે સવારે ૧૦:૦૦ કલાકે યોજવામાં આવશે. જેમાં લાભાર્થીઓને ઉપસ્થિત રહેવા વિનતી.

## સાઉથ (ઉધના ) ઝોન ધ્વારા મિલકત વેરા તથા વ્યવસાય વેરાની વસુલાત

સાઉથ (ઉધના) ઝોનના આકારણી અને વસુલાત વિભાગ તેમજ વ્યવસાયવેરા વિભાગે તા. ૧૫/૧૨/૨૦૧૪ થી તા. ૧૯/૧૨/૨૦૧૪ એમ પાંચ (૦૫) દિવસ દરમ્યાન સઘન વેરા વસૂલાત હાથ ધરેલ છે. જેમાં બાકી વેરા મિલકતદારોનો રૂબરૂ સંપર્ક કરી સીલ મારવા તથા જોડાણ કાપી નાંખવાની ચેતવણી આપી વેરાની સખત વસૂલાત કરતાં તા. ૧૫/૧૨/૨૦૧૪ થી તા. ૧૯/૧૨/૨૦૧૪ એમ પાંચ દિવસ માં મિલકત વેરા પેટે રૂા. ૨ કરોડ ૪૨ લાખ અને વ્યવસાયવેરા ની વસૂલાત પેટે રૂા. ૩૫ લાખ મળી કુલ રકમ રૂા. ૭૭ લાખ ની વસૂલાત કરેલ છે. સદર પ્રકારની વસૂલાત ઝૂંબેશ ચાલુ રાખવામાં આવનાર છે.

# સુરત મહાનગરપાલિકા – જાહેર આરોગ્ય વિભાગ – સ્વચ્છ ભારત અભિયાન

મહાત્મા ગાંધીજીની સને ૨૦૧૯માં ઉજવવામાં આવનાર ૧૫૦ મી જન્મજયંતિ અંતર્ગત, ''સ્વચ્છ ભારત અભિયાન'' હેઠળ તા.૧૯/૧૨/૨૦૧૪નાં રોજ શહેરમાં આવેલ મુખ્ય રસ્તાઓ / સર્કલ / શેરીઓની સાફ–સફાઈ કરવામાં આવેલ છે. જેની માહિતી નીચે જણાવ્યાનુસાર છે.

| અ. નં. | ઝોનનું નામ | સફાઈ કરેલ સર્કલ / રસ્તાઓ / શેરીઓ ની સંખ્યા | નિકાલ કરેલ અખાદ્ય પદાર્થોનો જથ્થો (કિ.ગ્રા.) | વસુલ કરેલ વહીવટી ચાર્જ (રૂા.) | આપવામાં આવેલ નોટીસની સંખ્યા |
|---|---|---|---|---|---|
| ક્ષ | સેન્ટ્રલઝોન | 12 | 15.00 | 4600 | 92 |
| 2 | વેસ્ટઝોન | 12 | -- | -- | -- |
| 3 | સાઉથઝોન | 35 | -- | 800 | -- |
| 4 | સાઉથ–ઈસ્ટ ઝોન | 12 | - | 7000 | 12 |
| 5 | સાઉથ–વેસ્ટ ઝોન | 09 | 13.00 | 2400 | 29 |
| 6 | નોર્થઝોન | 17 | -- | -- | -- |
| 7 | ઈસ્ટઝોન | 12 | -- | 4900 | 12 |
| કુલ..... | | **119** | **28.00** | **19700** | **145** |

આમ આ અભિયાનમાં શહેરના સાત ઝોન વિસ્તારોમાં આવેલ કુલ–૧૧૯ રૂટો (મુખ્ય રસ્તાઓ / સર્કલો / આંતરિક રસ્તાઓ) પર ઘનિષ્ઠ સફાઈની કામગીરી કરવામાં આવી, જે દરમ્યાન ૨૮.૦૦ કિ.ગ્રા. અખાદ્ય પદાર્થોનો નાશ કરી, સ્વચ્છતા વિરુધ્ધ પ્રવૃત્તિ આચરતા ઈસમો પાસેથી કુલ રૂા.૧૯,૭૦૦/– વહીવટી ચાર્જ વસુલ કરવામાં આવ્યો.

# પ્રેસનોટ

સુરત મહાનગરપાલિકા દ્વારા યોજાયેલ મુખ્યમંત્રી ગૃહ યોજના (Gujarat Rural Urban Housing ) અંતર્ગત સાકારિત થનાર EWS તથા LIG આવાસ ફાળવણીનો ચતુર્થ ડ્રો પસંદગી માટેનો કોમ્પ્યુટરાઈઝડ્ ડ્રો આજરોજ ગાંધી સ્મૃતિ ભવન ,નાનપુરા સુરત ખાતે સવારે ૧૦:૦૦ કલાકે માનનીય શાસક પક્ષના નેતા શ્રી કિશોરભાઈ બિંદલના વરદ્ હસ્તે યોજાયો હતો. જેમાં ૬૭ EWS તથા ૭૮ LIG આવાસો મળી કુલ ૧૪૫ આવાસોનો ડ્રો કરવામાં આવ્યો હતો. ડ્રો માં સફળ થયેલ લાભાર્થીઓનું લિસ્ટ ડ્રો ના સ્થળે પ્રસિધ્ધ કરવામાં આવેલ ત્યારબાદ એક કલાક બાદ સુરત મહાનગરપાલિકાની વેબસાઈટ ઉપર પ્રસિધ્ધ કરવામાં આવેલ તેમજ તેનું સુચનાપત્ર વેબસાઈટ પરથી મેળવી શકાશે.

દરેક અરજદારને આવાસ લોકેશનના પાંચ વિકલ્પ આપવામાં આવ્યા હતા. જે પૈકી પાંચમાં વિકલ્પની પસંદગી માટે તા.૨૨/૧૨/૨૦૧૪ના રોજ ગાંધીસ્મૃતિ ભવન, નાનપુરા ખાતે ડ્રો યોજવામાં આવશે. જેમાં લાભાર્થીઓને ઉપસ્થિત રહેવા વિનંતી.

# પ્રેસનોટ – નોર્થઝોન (કતારગામ) – સુરત મહાનગરપાલિકા

નોર્થઝોન (કતારગામ) વિસ્તારમાં તા.૧૯/૧૨/૨૦૧૪ ના રોજ એડી.સીટી ઈજનેરશ્રી (સીવીલ) ની સુચના તથા કાર્યપાલક ઈજનેરશ્રીના માર્ગદર્શન હેઠળ ડે.ઈજનેરશ્રીઓ, શહેર વિકાસ વિભાગના જુની.ઈજનેરશ્રીઓ તથા દબાણ ખાતાના સ્ટાફ તથા આશરે ૨૦ બેલદારો સહિત સ્થળે જઈ કરેલ ડીમોલીશનની કામગીરીની વિગત નીચે મુજબ છે.

(૧) ટી.પી.સ્કીમ નં.૦૩ (કતારગામ) ના રેલ્વે લાઈનને સમાંતર શાંતિનગર ઝુંપડપટ્ટીના કુલ ૨૬ ઝુંપડા ૦૯.૦૦ મીટર પહોળાઈના રસ્તાની અસરમાં આવેલ ઝુંપડાવાસીઓને વૈકલ્પીક આવાસ આપીને સ્થળાંતરીત કરાવવાની કામગીરી પૂર્ણ કરવામાં આવેલ છે. સદર સ્થળાંતરને કારણે અંદાજે કુલ ૪૦૦૦ ચો.ફુટ જગ્યા ખુલ્લી થયેલ છે.

# પ્રેસનોટ – નોર્થ ઝોન (કતારગામ) – સુરત મહાનગરપાલિકા

નોર્થ ઝોન (કતારગામ) વિસ્તારમાં તા.૧૯/૧૨/૨૦૧૪ ના રોજ કરવામાં આવેલ કામગીરીની વિગત નીચે મુજબ છે.

આરોગ્ય વિભાગ દ્વારા ૨૪૯ મે.ટન કચરાનો નિકાલ કરવામાં આવેલ. ૬૫ ઈસમોને નોટીસ આપવામાં આવેલ તેમજ વહીવટી ચાર્જ પેટે રૂા.૨,૪૦૦/– વસુલ લેવામાં આવેલ છે.

આકારણી અને વસુલાત વિભાગ દ્વારા સુમુલ ડેરી રોડ, વસ્તાદેવડી રોડ,કતારગામ દરવાજાથી બાળાશ્રમ, કુબેરનગર, પારસ સોસાયટી,વેડરોડથી પ્રાણનાથ, વિજયનગર, પ્રભુનગર વેડ રોડ પંડોળ ઈન્ડ. વિગેરે વિસ્તારમાંથી વેરા પેટે રૂા.૧૬,૨૩,૬૩૮/– વસુલાત કરવામાં આવેલ છે. તેમજ વ્યવસાય વેરા વિભાગ દ્વારા કતારગામ વિસ્તારમાંથી રૂા.૨,૩૫,૯૪૬/– વસુલ કરવામાં આવેલ છે.

ઈમ્પેકટ ફીની ૫૦ અરજી મંજુર કરવામાં આવેલ છે. ઈમ્પેકટ ફી પેટે રૂા.૪૮,૭૫,૮૫૪/– ની વસુલાત કરવામાં આવેલ છે. ભધક આવાસમાંથી રૂા.૧,૮૨,૮૨૫/– હપ્તાની વસુલાત કરવામાં આવેલ છે. દબાણ ખાતા દ્વારા ૩ લારી જપ્ત કરવામાં આવેલ છે.

## સુરત મહાનગરપાલિકા – સાઉથ વેસ્ટ (અઠવા) ઝોન– અખબારી યાદી

સાઉથ વેસ્ટ (અઠવા) ઝોનનાં ઝોનલ ચીફ શ્રી ડે. કમિશ્નર શ્રી સી. વાય ભટ્ટ તથા આસી. કમિશ્નર શ્રી કમલેશ નાયક ની સૂચના અને માર્ગદર્શન તેમજ સીઘી દેખરેખ હેઠળ સાઉથ વેસ્ટ (અઠવા) ઝોનનાં વોર્ડ નં. ૩૫–એ મોજે – ભટાર ચાર રસ્તા વિસ્તારમાં આવેલ કોર્મશીયલ મિલ્કત કદક યદતભચયફ માં આવેલ દુકાનોમાં મિલ્કત વેરા વસુલાત માટે આજ રોજ સ્થળ ઉપર ઝુંબેશ હાથ ધરવામાં આવેલ. જેમાં કુલ ૨૪ દુકાનોનો બાકી મિલ્કત વેરો અંદાજે રૂા. ૮,૫૪,૫૦૦/– (અંકે આઠ લાખ ચોપ્પન હજાર પાંચસો) હોવાથી ૨૪ (ચોવીસ) દુકાનો ને સીલ મારવાની કાર્યવાહી કરવામાં આવેલ છે.

આગામી દિવસોમાં સાઉથ વેસ્ટ (અઠવા) ઝોનમાં આવેલ કોર્મશીયલ, ઈન્ડસ્ટ્રીયલ તેમજ ઓપન પ્લોટોનાં બાકી મિલ્કતવેરો જે મિલ્કતદારો વેરો ભરપાઈ ન કરે તેને સીલ મારવાની કાર્યવાહી હાથ ધરવામાં આવનાર છે.

## પ્રેસનોટ – નોર્થઝોન (કતારગામ) – સુરત મહાનગરપાલિકા

નોર્થઝોન (કતારગામ) વિસ્તારમાં તા.૧૯/૧૨/૨૦૧૪ ના બપોર બાદ તથા તા.૨૦/૧૨/૨૦૧૪ ના રોજ મે.એડી.સીટી ઈજનેરશ્રીની સુચના અન્વયે આસી/જુની.ઈજનેર શહેર વિકાસ વિભાગ, તથા દબાણ વિભાગના સ્ટાફને સાથે રાખીને કરેલ કામગીરીની વિગત નીચે મુજબ છે.

સીંગણપોર ચાર રસ્તાથી વેજી.માર્કેટ સુધી રોડની બંને બાજુ ૧૦ (દસ) લારી, ૧૫ (પંદર) જેટલા પતરાના શેડ, અને ૫૦ (પચાસ) જેટલા પાથરણાનું દબાણ દુર કરવાની કામગીરી કરવામાં આવેલ છે. તેમજ રૂા.૨૫,૦૦૦/– વહીવટી ચાર્જ વસુલ લેવામાં આવેલ છે.

## : પ્રે સ નો ટ :

## વરાછારોડ, મીનીબજાર વિસ્તારમાં છેલ્લા બે દિવસમાં રાજહંસ ટાવર તથા કરંજ વિસ્તારની સંતોષીનગર સોસાયટીની વ્યવસાયકારોની મિલકતો સીલ કરતું વરાછાઝોન

સુરત મહાનગરપાલિકાના પૂર્વ ઝોન (વરાછા) કાર્યક્ષેત્ર હેઠળનાં વોર્ડ નં.૧૮ઈ વરાછારોડ મીનીબજાર વિસ્તારમાં આવેલ રાજહંસ ટાવર તથા કરંજ વિસ્તારમાં આવેલ સંતોષીનગર સોસાયટીમાં ડાયમંડ/એમ્બ્રોઈડરી યુનિટનાં ૧૯૩ જેટલા ઈ.સી./આર.સી. વ્યવસાયકારો લાંબા સમયથી વ્યવસાયવેરો ભરપાઈ કરતાં ન હોવાથી તેઓને સમયાંતરે નોટીસો આપવામાં આવેલ. તેમછતાં પણ તેઓ તરફથી વ્યવસાયવેરો ન ભરાતાં અત્રેનાં વ્યવસાયવેરા તથા આકારણી અને વસુલાત વિભાગ ધ્વારા સામુહિક ઝુંબેશ હાથ ધરી ૫૨ મિલકતો ટાંચમાં લેતાં વ્યવસાયકારો તરફથી સ્થળ પર વ્યવસાયવેરાની રૂા.૯ લાખથી વધુ વ્યવસાય વેરો ભરપાઈ કરવામાં આવેલ તથા રૂા.૨૫ લાખનો મિલકત વેરો વસૂલવામાં આવેલ છે.

પૂર્વઝોન (વરાછા) કાર્યક્ષેત્રમાં આવેલ કોમર્શીયલ કોમ્પલેક્ષ તથા ધંધાકીય સંસ્થાઓ / નગરોમાં આવેલ ડાયમંડ યુનિટો / ટેક્ષટાઈલ યુનિટોની મિલકતોનો વ્યવસાયવેરો બાકી પડે છે, તેવી મિલકતો સીલ કરી વ્યવસાયવેરો વસૂલ કરવાની કામગીરી શરૂ કરવામાં આવેલ છે. જેથી આપનો બાકી વ્યવસાયવેરો સમયસર ભરપાઈ કરવા વ્યવસાયવેરા વિભાગ, વરાછાઝોન ઓફીસનો સંપર્ક કરવા જાહેર જનતાને અનુરોધ છે

## સ્વચ્છ ભારત અભિયાન

મહાત્મા ગાંધીજીને સને ૨૦૧૯માં ઉજવવામાં આવનાર ૧૫૦મી જયંતિ એતર્ગત, ''સ્વચ્છ ભારત અભિયાન'' હેથળ તા. ૨૦/૧૨/૨૦૧૪નાં રોજ શહેરમાં આવેલ માર્કેટો, બાગ–બગીચાઓ તથા બસ સ્ટેન્ડ અને અન્ય જાહેર સ્થળોએ ઘનિષ્ઠ સાફ–સફાઈની કામગીરી કરવામાં આવેલ છે. જેની માહિતી નીચે જણાવ્યા અનુસાર છે.

| ઝોનનુંનામ | સફાઈ કરેલ માર્કેટોની સંખ્યા | સફાઈ કરેલ બાગ–બગીચાની સંખ્યા | સફાઈ કરેલ અન્ય જાહેર સ્થળો/માર્ગોની સંખ્યા | નાશ કરેલ અખાધ પદાર્થોનો જથ્થો (કિ.ગ્રા) | જપ્ત કરેલ પ્રતિબંધિત પ્લાસ્ટીકનો જથ્થો (કિ.ગ્રા) | વસુલ કરેલ વહીવટી (ચાર્જ રૂા.) | આપવામાં આવેલ નોટીસની સંખ્યા |
|---|---|---|---|---|---|---|---|
| સેન્ટ્રલ ઝોન | ૧૦ | - | ૧૯ | ૩.૫૦૦ | ૧૪.૩૦૦ | ૫૧૦૦ | ૧૨૯ |
| વેસ્ટ ઝોન | ૧૧ | ૧૦ | ૫ | - | - | - | - |
| સાઉથ ઝોન | ૧૪ | ૮ | ૧૪ | ૩૮.૦૦૦ | ૭.૩૦૦ | ૬૦૦ | - |
| સાઉથ–ઈસ્ટ ઝોન | ૦૭ | - | - | - | ૧૯.૪૦૦ | ૯૨૫૦ | ૦૮ |
| સાઉથ–વેસ્ટ ઝોન | ૦૩ | - | ૨૦ | ૧૨.૦૦૦ | - | ૧૪૦૦ | ૨૮ |
| નોર્થ ઝોન | ૦૫ | - | ૦૯ | ૬૯.૦૦૦ | ૬.૦૦૦ | ૨૪૦૦ | ૬૦ |
| ઈસ્ટ ઝોન | ૨૨ | - | ૧૦૭ | ૩૬.૦૦૦ | ૨૪.૦૦૦ | ૮૯૫૦ | ૩૧ |
| કુલ | ૭૨ | ૧૮ | ૧૭૪ | ૧૫૮.૫૦૦ | ૭૧.૦૦૦ | ૨૭૭૦૦ | ૨૫૬ |

આમ આ અભિયાનમાં શહેરના સાત ઝોન વિસ્તારોમાં આવેલ ૭૨–માર્કેટો, ૧૮–બાગબગીચા અને ૧૭૪– અન્ય જાહેર સ્થળોએ ,ઘનિષ્ઠ સફાઈની કામગીરી કરવામાં આવી, જે દરમ્યાન ૧૫૮.૫૦૦ કિ.ગ્રા. અખાધ પદાર્થોનો નાશ કરવામાં આવ્યો, ૭૧,૦૦૦ કિ.ગ્રા. પ્રતિબંધિત પ્લાસ્ટીકનો જથ્થો જપ્ત કરવામાં આવ્યો અને સ્વચ્છતા વિરુધ્ધ પ્રવૃતિ આચરતા ઈસમોને ૨૫૬ નોટીસ પાઠવી કુલ રૂા.૨૭,૭૦૦/– વહીવટી ચાર્જ વસુલ કરવામાં આવ્યો.

# સુરત મહાનગરપાલિકા – સાઉથ વેસ્ટ (અઠવા) ઝોન – અખબારી યાદી

સુરત મહાનગરપાલિકાના સાઉથ વેસ્ટ(અઠવા)ઝોન વિસ્તારમાં આવતાં વિવિધ ૪ (ચાર) ઈલેકશન વોર્ડ જેવા કે વોર્ડ નં.૨૩ (અઠવા–નાનપુરા), વોર્ડ નં.૩૧ (મજુરા–ખટોદરા), વોર્ડ નં.૩૨ (ઈચ્છાનાથ–ડુમસ), વોર્ડ નં.૩૩ (અલથાણ–ભટાર) વિસ્તારની લોકો ઉપયોગી સમસ્યા, સુચન અને રજુઆતનો ઝડપી નિકાલ માટે મા.મેયરશ્રીની અધ્યક્ષતામાં તા.૨૦.૧૨.૧૪ ના રોજ સવારે ૧૦.૩૦ કલાકથી અઠવા ઝોનના કોન્ફરન્સ રૂમમાં મીટીંગ રાખવામાં આવેલ. જેમાં મા.મેયરશ્રી, ડે.મેયરશ્રી, અધ્યક્ષશ્રી સ્થાયી સમિતિ, મે.કમિશ્નરશ્રી, શાસકપક્ષના નેતાશ્રી તથા સંબંધિત વોર્ડના મ્યુ.સભ્યશ્રીઓ અને સાઉથ વેસ્ટ (અઠવા) ઝોનના ઝોનલ ચીફશ્રી તથા સુરત મહાનગરપાલિકાના વિવિધ વિભાગના વિભાગીય વડાશ્રીઓ, ખાતાઅધિકારીશ્રીઓ હાજર રહેલ. જેમાં જે તે ઈલેકશન વોર્ડના મ્ય.સભ્યશ્રીઓએ એમના વિવિધ પ્રશ્નોની રજુઆત કરેલ. જેમાં ડ્રેનેજ, સ્ટ્રોમ, લાઈટ, દબાણ વિવિધ નવા પ્રોજેકટો, ટાઉન પ્લાનીંગ સ્કીમને લગતા સંલગ્ન રજુઆત /સુચન કરેલ. જે બાબતે મે.કમિશ્નરશ્રી દ્વારા તેઓશ્રીની રજુઆત /સુચનને અનુરૂપ સંબંધિત વિભાગ/ખાતાને નિયત સમય મર્યાદામાં વિવિધ સંકલન કાર્યો બાબતે વિગતો મેળવી જે તે સરકારી /અર્ધસરકારી/ખાનગી સંસ્થા સાથે સંકલન સાંધી ઝડપી નિકાલ કરવાની સુચના /હુકમ કરવામાં આવેલ તથા ડી.પી. સંપાદન તેમજ સુડાના અન્ય કાર્યો અંગે પણ સુડા સાથે સંકલન સાંધી રજુઆત કરવા જણાવવામાં આવેલ. ઝોન વિસ્તારમાં આવેલ તમામ વોર્ડના જરૂરીયાત મુજબના રસ્તા કારપેટ/રીકારપેટ કરવા, ડ્રેનેજ/સ્ટ્રોમના ઢાંકણા રોડ લેવલે વ્યવસ્થિત લેવલીંગ કરવા, ખાડાઓનું પેચકામ વ્યવસ્થિત આકારમાં કરવા, એલ.ઈ.ડી. લાઈટની કામગીરી ઝડપથી હાથ ધરવા, આઈલેન્ડને સાફ સફાઈ કરી રંગરોગાન કરવા જેવા મુદ્દાઓની રજુઆત કરવામાં આવેલ જેમાં મા.મેયરશ્રી તથા મે.કમિશ્નરશ્રી તરફથી આ મુજબનું અમલીકરણ કરવા હાજર તમામને સુચના આપવામાં આવેલ. મીટીંગમાં જે તે સંબંધિત ઈલેકશન વોર્ડના મુખ્ય મુદ્દાઓની કરવામાં આવેલ સૂચનની વિગત નીચે મુજબ છે.

(અ) વોર્ડ નં.૨૩ (અઠવા–નાનપુરા)

(૧) વોર્ડ તેમજ સુરત મહાનગરપાલિકાના વિવિધ વિસ્તારના મુખ્ય રસ્તાઓ ઉપર એકસરખા બમ્પ બનાવવા કાર્યવાહી કરવી જોઈએ/ફાઈબરના બમ્પ બનાવવા યોગ્ય કાર્યવાહી કરવી.

(૨) સેન્ટ્રલ ઝોન વિસ્તારમાં અને સાઉથ વેસ્ટ(અઠવા) ઝોન વિસ્તારમાં તાપી નદી કિનારે બનાવવામાં આવેલ વોક–વે ને સરદાર બ્રીજની નીચે એકબીજા સાથે જોડવા સુચન કરવામાં આવેલ. જે અન્વયે મા.મેયરશ્રી તથા મે.કમિશ્નરશ્રીએ આ જોડાણની કામગીરી અઠવા ઝોન તરફથી કરવા સુચના આપવામાં આવેલ.

(૩) સદર વોર્ડ વિસ્તારમાં આવેલ વિવિધ ખાનગી /સંસ્થાની શાળાઓમાં પાર્કીગ યોગ્ય થતુ ન હોવા /પાર્કીગના અભાવ બાબતે રજુઆત કરવામાં આવેલ જેમાં સાઉથ વેસ્ટ (અઠવા) ઝોનના ઝોનલ ચીફશ્રી તરફથી જે તે શાળાના સંચાલકશ્રી /પ્રિન્સીપાલશ્રી તેમજ પોલીસ ખાતાના ટ્રાફીક વિભાગના સંબંધિત અધિકારીશ્રી સાથે તા.૦૫.૦૧.૧૫ ના રોજ સંયુકત સંકલન મીટીંગ રાખવાના આયોજન માટે મા.મેયરશ્રી તથા મે.કમિશ્નરશ્રી તરફથી સૂચના આપવામાં આવેલ.

(૪) જે તે એજન્સીઓ તરફથી વિવિધ સર્વિસ લાઈનો નાંખવા માટે ખોદાણ કરવા સુરત મહાનગરપાલિકા પાસે મંજુરી મેળવવામાં આવે છે તેમાં સમય મર્યાદા નકકી કરવી જોઈએ તેમજ કામ ચાલુ કરી પુર્ણ કરવામાં આવે તેની જાણ સંબંધિત ઝોન /ખાતાને કરવામાં આવે તેમજ સર્વિસ અંગે જે ચાર્જ વસુલ લેવામાં આવે છે તેમાં નિયત સમય મર્યાદામાં કામ પુરુ ન કરે વિગેરે મુદ્દાઓ ધ્યાને લઈ જે બાબતે ચોકકસ નીતી તૈયાર કરવા મા.મેયરશ્રી તરફથી સૂચના આપવામાં આવેલ. વધુમાં જે તે એજન્સી તરફથી ખોદાણ કરવામાં આવે ત્યારે સુરક્ષાના સાધનોનો અમલ કરવામાં આવતો નથી જેના કારણે જાહેર જનતામાં સુરત મહાનગરપાલિકાની

છબી ખરડાય છે. જેથી સંબંધિત એજન્સી પાસે કામગીરી દરમ્યાન સુરક્ષાના સાધનોનો કડક અમલ કરાવવો જોઈએ.

(૫) અઠવાલાઈન્સ મેઈન રોડ પર આવેલ નાગરીક સુવિધા કેન્દ્ર ઉપર પાર્કીંગનો પ્રશ્ન છે જે યોગ્ય રીતે હલ કરવો.

(બ) વોર્ડ નં.૩૧ (મજુરા–ખટોદરા)

(૧) વોર્ડ વિસ્તારમાં વિવિધ લોકેશન પર ડ્રેનેજની લાઈનોનું નેટવર્ક ઘણું જુનું હોય, તેમજ વધુ સમય થયો હોય અને વસ્તિમાં પણ વધારો થવાથી અગાઉની જુની લાઈનોમાં ડ્રેનેજ ચોકીંગની સમસ્યા વધુ હોય, તેમજ વારંવાર ઉભરાતી હોય, સદરહુ વિસ્તારોમાં સર્વે કરી નવી લાઈનો નાંખવાનું આયોજન સમય મર્યાદામાં તૈયાર કરી કામગીરી કરાવવા સુચના આપવામાં આવેલ.

(૨) વોર્ડ વિસ્તારમાં જે તે જગ્યાએ સ્ટ્રોમ લાઈનની જરૂરીયાત હોય, ત્યાં સ્ટ્રોમ લાઈન નાંખવા અંગે આયોજન હાથ ધરવું.

(૩) ખટોદરા ખાતે આવેલ તળાવનો વિકાસ કરવા સુચન કરવામાં આવેલ.

(૪) ઉધના મગદલ્લા રોડ પર સર્વીસ રોડમાં આવેલ પોલીસ ચોકી ટ્રાફીકને નડતરરૂપ હોય, પોલીસ ચોકીને શીફટ કરવા સુચન કરવામાં આવેલ.

(ક) વોર્ડ નં.૩૨ (ઈચ્છાનાથ–ડુમસ)

(૧) વોર્ડ વિસ્તારમાં તાપી નદીના કિનારે બનાવવામાં આવેલ વોક–વે ના ફેસ–ર નું કામ સિંચાઈ વિભાગની કચેરીમાં ઘણાં સમયથી પેન્ડીંગ છે તેમજ અંબિકા નિકેતન ખાતે જે તે ધાર્મિક પ્રસંગો માટે કાયમી ધોરણે આર.સી.સી. ઓવારા બનાવવાનું કામ પણ સિંચાઈ વિભાગની કચેરીમાં પેન્ડીંગ છે તેમજ ડુમસ ખાતે દરીયા કિનારે સી–વ્યુ બનાવવાનું તથા ડુમસ ખાતે દરીયા કિનારે બીચ ડેવલપ કરવાનું કામ હાથ ધરવા સુચન કરવામાં આવેલ. જેમાં આ સમગ્ર તથા સુરત શહેર વિસ્તારના તાપી પાળા વિભાગને સ્પર્શતા અન્ય પ્રશ્નોનું સંકલન કરી ઝડપથી નિરાકરણ માટે સરકારશ્રીના સિંચાઈ વિભાગના સંબંધિત અધિકારીશ્રીને જાણ કરી સુરત મહાનગરપાલિકાની મધ્યસ્થ કચેરી ખાતે મે.કમિશનરશ્રીની સાથે સંકલિત મીટીંગ કરવાનું આયોજન કરવા જણાવામાં આવેલ.

(૨) વોર્ડ વિસ્તારમાં વિવિધ રસ્તાઓ ઉપર સ્ટ્રીટલાઈટ તેમજ બમ્પને કલર કામગીરી કરવા સુચન કરવામાં આવેલ.

(ડ) વોર્ડ નં.૩૩ (અલથાણ–ભટાર)

(૧) વોર્ડ વિસ્તારમાં બમરોલી બ્રીજ પાસે ટી.પી.સ્કીમ નં.૨૮ (અલથાણ–ભટાર) તથા ટી.પી.સ્કીમ નં.૩૬ (અલથાણ) ના રીઝર્વેશન પ્લોટમાં સ્પોટસ કોમ્પલેક્ષ તથા તેને સંલગ્ન અન્ય ડેવલપ કરવા સુચન કરવામાં આવેલ.

(૨) અલથાણ ટેનામેન્ટ તેમજ પોલીસ ટેનામેન્ટને રીડેવલપ કરવા સરકારશ્રીમાં યોગ્ય રજુઆત કરી નિતી વિષયક નિર્ણય બાબતે ઝડપી કાર્યવાહી કરવા જણાવતા મા.મેયરશ્રીએ આ અંગે ગાંધીનગર ખાતે સરકારશ્રીમાં ટુંક સમયમાં રજુઆત કરવામાં આવશે એમ જણાવેલ.

(૩) વોર્ડ વિસ્તારમાં નવા સમાવિષ્ટ વિસ્તાર માટે અલગથી નવા ફાયર સ્ટેશનનું આયોજન કરવાનું સુચન કરવામાં આવેલ.

(૪) વોર્ડ વિસ્તારમાં સરસાણા, ભરથાણા તેમજ અન્ય તમામ વિસ્તારના તળાવનો વિકાસ કરવાનું સુચન કરવામાં આવેલ.

(૫) સરદાર મંદિરનું આયોજન વેસુ વિસ્તારમાં હાથ ધરવા જણાવવામાં આવેલ જેમાં સાથે ઓડીટોરીયમનું આયોજન પણ હાથ ધરવા જણાવવામાં આવેલ.

ઉપર મુજબ આયોજન કરવામાં આવેલ વોર્ડ સંકલનની મીટીંગમાં મે.કમિશનરશ્રી તરફથી વિવિધ ઈલેકશન વોર્ડના મ્યુ.સભ્યશ્રીઓ તરફથી કરવામાં આવેલ વિવિધ સુચનો/રજુઆતોને ધ્યાને લઈ મીટીંગ દરમ્યાન યોગ્ય નિરાકરણ ઝડપથી હાથ ધરી પુરૂ કરવા અને આ અંગે ચોકકસ સમય મર્યાદા નકિક કરી એ અંગેનું શીડયુલ બનાવી જરૂરી આયોજન કરી કાર્યવાહી કરવા તેમજ આ અંગે આગોતરી તમામ સંબધિતોને જાણ કરવા જણાવેલ તેમજ ખુબ જ હકારાત્મક રીતે મીટીંગનું સમાપન થયેલ.

# પ્રેસ નોટ ૨૧-૧૨-૨૦૧૪

સુરતના આંગણે 42મું રાજ્ય કક્ષાનું વિજ્ઞાન-ગણિત-પર્યાવરણ પ્રદર્શન જી.સી.ઇ.આર.ટી., ગાંધીનગર અને જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનના માર્ગદર્શન હેઠળ તા.29.12.2014 થી 31.12.2014 દરમિયાન યોજાય રહેલ છે. સૌ પ્રથમ વખત નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ, સુરતને યજમાનપદ સ્વીકારવાનું ગૌરવ પ્રાપ્ત થયેલ છે. આ પ્રદર્શનમાં સમગ્ર રાજ્યના જિલ્લાઓમાંથી પસંદ થયેલ 255 શ્રેષ્ઠ કૃતિઓ, ઇન્સ્પાયર એવોર્ડ મેળવનાર 50 કૃતિઓ મળીને કુલ 345 શાળાઓ ભાગ લઈ રહેલ છે. ગુજરાતનાં કુલ 27 જિલ્લા અને 6 મહાનગરપાલિકા આમાં જોડાનાર છે. આ પ્રદર્શનમાં 620 જેટલા બાળવૈજ્ઞાનિકો અને 346 જેટલા માર્ગદર્શક શિક્ષકો સુરત શહેરને અને સમગ્ર રાજયમાં વૈજ્ઞાનિક અભિગમ કેળવાય તે માટે ઉપસ્થિત રહેનાર છે. આ સમયે સુરત શહેર અને રાજ્યની અલગ-અલગ સ્વૈચ્છિક સંસ્થાઓ ભાગીદાર બની સમાજનું ઋણ અદા કરવા ઉત્સુક છે, ત્યારે સમગ્ર રાજયમાથી 26 જેટલા વિજ્ઞાન સલાહકારો અને 30 જેટલા નિર્ણાયકશ્રીઓ બાળવૈજ્ઞાનિકોને પ્રોત્સાહિત કરવા આવી રહ્યા છે.

આ પ્રસંગને બિરદાવવા અને રાજ્યના વિકાસ માટે પોતાનું યોગદાન આપી રહેલા બાળકોને અભિપ્રેરિત કરવા માટે ગુજરાત રાજ્યના શિક્ષણમંત્રીશ્રી ચુડાસમા સાહેબ, રાજ્યકક્ષાના મંત્રીશ્રી વાનાણી સાહેબ, સાંસદશ્રીઓ, ધારાસભ્યશ્રીઓ, મેયરશ્રી અને અન્ય પદાધિકારીશ્રીઓ તેમજ ગુજરાત રાજ્યના શિક્ષણ વિભાગ સાથે જોડાયેલા અધિકારીશ્રીઓ પણ જોડાવાના હોય નગર પ્રાથમિક શિક્ષણ સમિતિનું સમગ્ર તંત્ર આ કાર્યક્રમને સફળ બનાવવા માટે દિન-રાત એક કરી રહ્યું છે.

આ સમયે સુરત મહાનગરપાલિકાનું સમગ્ર તંત્ર આ પ્રદર્શનને યશસ્વી બનાવવા માટે કમર કસી રહ્યુ છે. બાળવૈજ્ઞાનિકો, સારસ્વતમિત્રો, સુરત નગરજનો અને રાજ્યના વિજ્ઞાનરસિકો આ પ્રદર્શનને નિહાળવા ઉત્સુક છે એ વખતે ઇસરો દ્વારા મંગળયાન અને ઘણી કૂતુહલ બાબતો સાથે સુરતના આંગણે પધારી રહ્યાં છે.

સુરત મહાનગરપાલિકાના સહયોગથી ભાગ લેનાર શાળાઓ માટે ડોમ ધરાવતા ઉત્તમ સ્ટોલ, સાનુકૂળ નિવાસ વ્યવસ્થા અને સુરતના સ્વાદિષ્ટ જમણ સાથે બાળકો અને શિક્ષકોને સુરતનું નજરાણું એવું સાયન્સ સેન્ટર અને સર્વશ્રેષ્ઠ એકવેરિયમ વિના મૂલ્યે નિહાળી શકે તે માટે અલાયદી વ્યવસ્થા ઊભી કરી છે. આ અવસરે સુરત શહેરના શ્રેષ્ઠીઓ પણ બાળવૈજ્ઞાનિકોને ઇનામો દ્વારા પ્રોત્સાહિત કરવા આતુર છે. આ સમયે 28.12.2014 થી 30.12.2014 દરમિયાન જુદા-જુદા લોક-સંગીત, સાંસ્કૃતિક તેમજ મનોરંજન કાર્યક્રમોનું રાત્રિ સમય દરમિયાન આયોજન કરવામાં આવેલ છે. સુરત શહેરના વિજ્ઞાનપ્રેમી અને સૌ નગરજનોને તા.29.12.2014ના રોજ 11 કલાકથી 31.12.2014ના રોજ 13 કલાક સુધી પ્રદર્શન નિહાળી રાજ્યના બાળવૈજ્ઞાનિકોને પ્રોત્સાહિત કરવા અમારું હાર્દિક નિમંત્રણ છે.

# પ્રેસનોટ

સુરત મહાનગરપાલિકા દ્વારા યોજાયેલ મુખ્યમંત્રી ગૃહ યોજના (Gujarat Rural Urban Housing ) અંતર્ગત સાકારિત થનાર EWS તથા LIG આવાસ ફાળવણીનો પાંચમો  કોમ્પ્યુટરાઈઝડ્ ડ્રો આજરોજ ગાંધી સ્મૃતિ ભવન ,નાનપુરા સુરત ખાતે સવારે ૧૦:૦૦ કલાકે માનનીય ડે.મેયર શ્રીમતિ રંજનબેન વેકરીયા તથા શાસકપક્ષના નેતાશ્રી કિશોરભાઈ બિંદલના વરદ્ હસ્તે યોજાયો હતો. જેમાં ૨૭ EWS તથા૩૩ LIG આવાસો મળી કુલ ૬૦ આવાસોનો ડ્રો કરવામાં આવ્યો હતો. ડ્રો માં સફળ થયેલ લાભાર્થીઓનું લિસ્ટ ડ્રો ના સ્થળે પ્રસિધ્ધ કરવામાં આવેલ ત્યારબાદ એક કલાક બાદ સુરત મહાનગરપાલિકાની વેબસાઈટ ઉપર પ્રસિધ્ધ કરવામાં આવેલ તેમજ તેનું સુચનાપત્ર વેબસાઈટ પરથી મેળવી શકાશે.


Mukhya Mantri GRUH Yojana

## સુરત મહાનગરપાલિકા – સાઉથ વેસ્ટ (અઠવા) ઝોન – અખબારી યાદી

મે.કમિશ્નરશ્રીની સુચના / હુકમ અન્વયે ઝોન વિસ્તારના "૦" દબાણ રૂટ ઉપર આવેલ મિલ્કતોનાં માર્જીનમાં જે કોઈ દબાણ / ગેરકાયદેસર બાંધકામો હોય તે તાકીદે દૂર કરી માર્જીન / પાર્કિંગની જગ્યા ખુલ્લી કરવા જણાવેલ. જેના ભાગરૂપે અગાઉ અત્રેના સાઉથ વેસ્ટ(અઠવા)ઝોન વિસ્તારના ઘોડદોડ મેઈન રોડ ઉપર આ પ્રકારની કામગીરી કરવામાં આવેલ. તેમજ જે પ્રમાણેની કામગીરી સીટીલાઈટ મેઈન રોડ પર તા. ૧૭/૧૨/૧૪ અને તા. ૧૯/૧૨/૧૪ ના રોજ સાયન્સ સેન્ટર થી અણુવ્રત દ્વાર સુધીના રસ્તા ઉપર આવેલ મિલ્કતોમાં અત્રેના સાઉથ વેસ્ટ(અઠવા)ઝોનના શહેર વિકાસ વિભાગ, દબાણ વિભાગ, રસ્તા વિભાગના સ્ટાફ દ્વારા કામગીરી હાથ ધરવામાં આવેલ. જેમાં અંદાજે ૫૦ બેલદાર, ૪ જેસીબી, ટ્રક તેમજ સુપરવાઈઝરી સ્ટાફ દ્વારા સંયુકતપણે કામગીરી કરવામાં આવેલ. જેમાં નીચે મુજબની કામગીરી કરવામાં આવેલ છે.

| અ.નં. | કામગીરીનો પ્રકાર | સંખ્યા / નંગ | માપ(યુનિટ) | રીમાર્કસ |
|---|---|---|---|---|
| ૧ | બેરીકેડીંગ / ગ્રીલ | – | ૧૬૨૫ રનીંગ ફુટ | સદર કામગીરી દરમ્યાન અંદાજે રૂા.૫,૯૩,૫૦૦/– ચાર્જીસ / દંડ વસુલ લેવામાં આવેલ છે. જયારે અન્યનો માલસામાન જપ્ત કરવામાં આવેલ છે. |
| ૨ | હોર્ડીંગ્સ / કિયોસ્ક બોર્ડ | ૩૨૨ | – | |
| ૩ | ઓટલા | – | ૩૪૦૦ ચો.ફુટ | |
| ૪ | લારી ગલ્લા / કાઉન્ટર | ૩૫ | – | |
| ૫ | પતરાના શેડ | – | ૬૫૦૦ ચો.ફુટ | |

સદર કામગીરી ડે.કમિશ્નરશ્રીની સુચના અન્વયે કાર્યપાલક ઈજનેરશ્રીના માર્ગદર્શન તેમજ સીધી દેખરેખ હેઠળ સાઉથ વેસ્ટ(અઠવા)ઝોનના સંયુકત સ્ટાફ દ્વારા સીકયુરીટી સ્ટાફની મદદથી કરવામાં આવેલ છે.

વધુમાં અત્રેના સા.વે.(અઠવા)ઝોન વિસ્તારમાં તા.૩૦/૧૨/૧૪ ના રોજથી ભટાર મેઈન રોડ(મજુરા ફાયર સ્ટેશન થી ભટાર ચાર રસ્તા)ની બંને બાજુ આવેલ તમામ મિલ્કતમાં આગળના માર્જીનવાળા / પાર્કિંગવાળા ભાગમાં અનઅધિકૃત દબાણ / પાર્કિંગમાં અવરોધરૂપ દિવાલ / ફેન્સીંગ / આડસ / હોર્ડીંગ્સ–બોર્ડ બેનર વિગેરે તમામ બાંધકામ દબાણ, જેનાથી જાહેર જનતાને વાહન પાર્કિંગના અગવડો ઉત્પન્ન થતી હોય, તેવા દબાણ / બાંધકામ, મિલ્કતદાર / કબ્જેદારના ખર્ચે અને જોખમે દૂર કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. તેમજ સા.વે.(અઠવા)ઝોનના અન્ય વિસ્તારોના પણ "૦" દબાણરૂટ ઉપર આ પ્રકારની કાર્યવાહી ટૂંક સમયમાં હાથ ધરવામાં આવશે.

## પ્રેસનોટ – સેન્ટ્રલ ઝોન – સુરત મહાનગરપાલિકા

આથી જણાવવાનું કે, સેન્ટ્રલ ઝોનના કાર્યક્ષેત્રના વોર્ડ નં.૧/એ નાનપુરા વિભાગીય કચેરી વિસ્તારમાં આવેલ ટ્રેડ હાઉસ, નાનપુરા, સ્ટેટ બેંકની સામેની ગલીમાં નિયમિત અને સંતોષકારક રીતે સાફ–સફાઈ કરાવવામાં આવતી ન હોતી. જેથી ન્યુસન્સ થતુ હોવાથી અને જે બાબતે અત્રેના વિભાગ તરફથી વારંવાર સુચનાઓ આપવા છતાં સુચનાનું પાલન કરવામાં આવતુ ન હોવાથી તેમને કાયમી ધોરણે નિયમિત સાફ–સફાઈ થાય તે માટે અત્રેના વિભાગ તરફથી ચેતવણી આપવામાં આવેલ છે અને તાકીદ કરી સંપુર્ણપણે સાફ–સફાઈ નિયમિત ધોરણે કરવા જણાવેલ છે અને ટ્રેડ હાઉસમાં ન્યુસન્સ કરવા બાબતે રૂા.૨૫,૦૦૦/– વહીવટી ખર્ચ વસુલ લેવામાં આવેલ છે.

# પ્રેસનોટ – નોર્થ ઝોન (કતારગામ) – સુરત મહાનગરપાલિકા

નોર્થ ઝોન (કતારગામ) વિસ્તારમાં તા.૨૦/૧૨/૨૦૧૪ ના રોજ કરવામાં આવેલ કામગીરીની વિગત નીચે મુજબ છે.

આરોગ્ય વિભાગ દ્વારા ૪૬૯ મે.ટન કચરાનો નિકાલ કરવામાં આવેલ. ૯૪ ઈસમોને નોટીસ આપવામાં આવેલ તેમજ વહીવટી ચાર્જ પેટે રૂા.૧,૯૦૦/– વસુલ લેવામાં આવેલ છે.

આકારણી અને વસુલાત વિભાગ દ્વારા સુમુલ ડેરી રોડ, વસ્તાદેવડી રોડ,કતારગામ દરવાજાથી બાળાશ્રમ, કુબેરનગર, પારસ સોસાયટી,વેડરોડથી પ્રાણનાથ, વિજયનગર, પ્રભુનગર વેડ રોડ પંડોળ ઈન્ડ. વિગેરે વિસ્તારમાંથી વેરા પેટે રૂા.૧૬,૭૬,૯૨૪/– વસુલાત કરવામાં આવેલ છે. તેમજ વ્યવસાય વેરા વિભાગ દ્વારા કતારગામ વિસ્તારમાંથી રૂા.૧,૧૫,૨૨૦/– વસુલ કરવામાં આવેલ છે.

ઈમ્પેકટ ફીની ૭૦ અરજી મંજુર કરવામાં આવેલ છે. ઈમ્પેકટ ફી પેટે રૂા.૨,૭૯,૩૯૯/– ની વસુલાત કરવામાં આવેલ છે. ભધક આવાસમાંથી રૂા.૬૮,૧૦૦/– હપ્તાની વસુલાત કરવામાં આવેલ છે. દબાણ ખાતા દ્વારા ૦૫ લારી જપ્ત કરવામાં આવેલ છે.

## ગેરકાયદેસર બાંધકામ દૂર કર્યાની વિગત :-

સેન્ટ્રલ ઝોનનાં ઝોનલ ચીફ/સીટી ઈજનેરશ્રી તથા ટાઉન પ્લાનર(બી) અને કાર્યપાલક ઈજનેરશ્રીની સીધી સૂચના અને માર્ગદર્શન હેઠળ સેન્ટ્રલ ઝોન વિસ્તારમાં સમાવિષ્ટ વોર્ડ નં.૧૨, ચમેલી મસ્જીદની સામે, સૈયદપુરા, સુરત ખાતે આવેલ નોંધ નં.૨૪૯૨ થી ૨૪૯૯ તથા ૨૫૦૦ થી ૨૫૦૪ વાળી મિલ્કતમાં અત્રેથી તા.૧૪/૧૦/૧૪ થી વિકાસ પરવાનગી આપવામાં આવેલ, જે અન્વયે મિલ્કતના હિત ધરાવનારાઓ તરફથી મંજુર પ્લાન વિરુધ્ધ છઠ્ઠા માળનું આશરે ૮૭૦ ચો.ફુટ માપ વિસ્તારમાં કરવામાં આવેલ આર.સી.સી. બીમ, સ્લેબ તથા ચણતર સહિતનું બાંધકામ અત્રેથી તા.૨૨/૧૨/૧૪ ના રોજ તોડી દૂર કરવામાં આવેલ છે.

# પ્રેસ નોટ

## સુરત મહાનગરપાલિકા દ્વારા રાષ્ટ્રીય હાથીપગા નાબૂદી કાર્યક્રમમાં લોકોએ રૂબરૂ દવા ગળી સહકાર આપ્યો

ભારત સરકાર દ્વારા ૨૦૧૫ માં હાથીપગાને દેશમાંથી નિકાલ કરવાનું આયોજન કરવામાં આવેલ છે. જેના અનુસંધાને ગુજરાત સરકારના આદેશાનુસાર તમામ સુરત શહેરને તા.૧૪ ડિસેમ્બરથી ૨૦ ડિસેમ્બર સુધી ફાઈલેરીયાની દવા (ડી.ઈ.સી. અનેઆલ્બેન્ડેઝોલ) રૂબરૂ ગળાવવાનું આયોજન કરવામાં આવેલ હતું. કયુલેકસ માદા મચ્છરો દ્વારા ફેલાતા આ રોગમાં એક વાર મનુષ્યમાં આ રોગના લીધે શરીર ઉપરના સોજા ચાલુ થાય, ત્યાર બાદ તેને સંપુર્ણ સાજો કરવો શકય નથી, આથી સમયસર ફકત પરિક્ષણ અને માસ ડ્રગ એડમીનીસ્ટ્રેશન (MDA) પ્રોગ્રામ હેઠળ વર્ષમાં એક જ વાર આ દવા ગળી આ રોગ સામે સ્વયંપણે રક્ષિત થઈ શકે છે, અને અન્યોને પણ આના ચેપથી બચાવી શકાય છે.

આ આયોજનના ભાગ રૂપે સુરત મહાનગરપાલિકાના તમામ ઝોનના નાયબ/આસી. આરોગ્ય અધિકારીઓ અને આસી. જંતુનાશક અધિકારીઓના કોઓર્ડિનેશનમાં કુલ ૩૪ શહેરી આરોગ્યકેન્દ્રોના કોઓર્ડિનેટરો, ૧૬૦ સુપરવાઈઝરો તથા ૧૭૩૦ જેટલી ટીમો રૂબરૂ દવા ગળાવવા માટે કાર્યરત કરવામાં આવેલ હતી. આ સમગ્ર કાર્યક્રમમાં સુરત શહેરની તમામ વસ્તીને આવરી લેવામાં આવેલ હતી, જેમાંથી ૫૧૭૬૬૦૬ લોકોને કુલ ૧૪૨૮૩૮૧૯ ડી.ઈ.સી. અને ૫૧૭૬૬૦૬ આલ્બેન્ડેઝોલની ગોળીઓ ગળાવવામાં આવી હતી. આમ આ કાર્યક્રમમાં સુરત મહાનગરપાલિકાએ ૧૦૫ % સફળતા મેળવી હતી. આ કાર્યક્રમમાં ખાનગી તબીબોને પણ સામેલ કરવામાં આવેલ હતાં.

તમામ કાર્યક્રમનું આયોજન, મોનીટરીંગ અને ઈમ્પલીમેન્ટેશન મ્યુનિ.કમિશ્નરશ્રી મિલીન્દ તોરવણે, ડેપ્યુટી કમિશ્નરશ્રી(હેલ્થ અને હોસ્પિટલ) ડો. હેમંતભાઈ દેસાઈ અને ઈ.ચા.જંતુનાશક અધિકારી ડો.કેશવ વૈષ્ણવના ટેકનીકલ માર્ગદર્શન હેઠળ કરવામાં આવેલ હતું. શહેરની તમામ પ્રજાએ રૂબરૂમાં દવા ગળીને હાથીપગાને સુરત શહેરમાંથી નાબૂદ કરવા માટે સુરત મહાનગરપાલિકાના આરોગ્ય કાર્યકરોને સંપુર્ણ સાથ–સહકાર આપેલ હતો.

# પ્રેસનોટ

સાઉથ ઈસ્ટ ઝોન(લિંબાયત)વિસ્તારમાં સમાવિષ્ટ ટી.પી.સ્કીમ નં.૭(આંજણા) માં સ્થિત માનદરવાજા ટેનામેન્ટ,ભાઠેના પાસેથી પસાર ૨૪.૦ મી. ટી.પી.રોડ ઉપર આવેલ ટ્રાન્સપોર્ટ ગોડાઉન તથા વિવિધ પ્રકારની દુકાનોના માર્જીનના ભાગમાં કાચા–પાકા બાંધકામ તથા પતરાના શેડના દબાણો કરવામાં આવેલ.જેના લીધે સદરહુ માર્ગ પર ખૂબ જ ટ્રાફિકની સમસ્યા રહેતી હોય તથા સ્થાનિક રહીશો દ્વારા પણ સદરહુ  બાંધકામો દુર કરવા વારંવાર માંગણી  કરવામાં આવેલ. જે અંતર્ગત  આજરોજ  ટ્રાફિકની સમસ્યા દુર કરવાના ભાગરૂપે ઝોન મારફત સદરહુ માર્જીનમાં બનાવવામાં આવેલ ગેરકાયદેસર કાચા–પાકા દિવાલો તથા ચણતરકામ તેમજ પતરાના શેડ દુર કરવાની ઝુંબેશ શરૂ કરવામાં આવેલ છે.  લિંબાયત ઝોન તરફથી આ કામગીરી માટે આજરોજ સવારથી કાર્યપાલક ઈજનેર,ડેપ્યુટી ઈજનેર,આસી./ જુની.ઈજનેર(શહેર વિકાસ ખાતુ) તરફથી સ્થળ પર હાજર રહી દબાણો દુર કરવા કાર્યવાહી કરવામાં આવેલ. આ કામગીરી માટે લિંબાયત ઝોન તરફથી મોટાપાયે મશીનરી તથા મેન પાવરનો ઉપયોગ કરવામાં આવેલ. આ કામગીરી માટે૦૨ નંગ જે.સી.બી. મશીન, ૦૨ – ટ્રક  અને  દબાણ સ્ટાફ અને ખાનગી કોન્ટ્રાકટરના માણસો મળી ૪૦ થી વધુ બેલદારો ઉપરોકત કામગીરીમાં રોકવામાં આવેલ. તથા આ કામગીરીના ભાગરૂપે ટ્રાન્સપોર્ટ ગોડાઉનના માર્જીનમાં બનાવવામાં આવેલ પતરાના શેડ તથા આશરે ૮ થી ૧૦ દુકાનોના માર્જીનમાં બનાવવામાં આવેલ દિવાલો તથા પતરાના શેડ દુર કરી ૫૦ નંગ પતરા,૧૦ નંગ લોખંડના રેમ્પ,૦૩ નંગ શટર તથા ૨૦ નંગ લોખંડના પાઈપ જપ્ત કરવામાં આવેલ છે. તથા આશરે ૩૦૦૦ ચો.ફુટ જગ્યા ખુલ્લી કરવાની કામગીરી શરૂ કરવામાં આવેલ છે. તદઉપરાંત સદરહુ મિલ્કતદારો / કબ્જેદારો પાસેથી હાલપર્યતં રૂા.૧૬,૫૦૦/– દંડ પણ વસુલવામાં આવેલ છે.લિંબાયત ઝોનની પ્રશંસનીય કામગીરીના કારણે વર્ષો જુનુ દબાણ દુર થતા સ્થાનીકોમાં આનંદની લાગણી પ્રસરી હતી અને સ્થાનિક મ્યુ.સભ્યશ્રીઓ / આગેવાનો પણ આ કામગીરીમાં સહકાર આપવા જોતરાયા હતા.લિંબાયત ઝોન દ્વારા શરૂ કરવામાં આવેલ આ પ્રકારની દબાણ દુર કરવાની ઝુંબેશ આગામી દિવસોમાં પણ ચાલુ રાખવામાં આવનાર છે.

## પ્રેસ નોટ

સાઉથ (ઉધના) ઝોનમાં તા.૨૨/૧૨/૨૦૧૪ નાં રોજ સવારે ૧૦:૦૦ કલાકે માન. મેયરશ્રીનાં અધ્યક્ષતા હેઠળ વોર્ડનાં મ્યુ. સદસ્યશ્રીઓ સાથે એક સંકલન મીટીંગનું અયોજન કરવામાં આવેલ હતું. જેમાં ડે. મેયરશ્રી, અધ્યક્ષશ્રી (સ્થાયી સમિતિ), શાસક પક્ષનાં નેતાશ્રી તથા મ્યુ. કમિશનરશ્રી, ઉધના ઝોનનાં વડાશ્રી તેમજ અધિકારીશ્રીઓ, જે તે ખાતાનાં વિભાગીય વડાશ્રીઓ તથા ખાતા અધિકારીશ્રીઓ હાજર રહેલ. જેમાં ઈલે. વોર્ડ નં. ૩૦,૩૪, ૩૫, ૩૬ તથા ૩૮ નાં મ્યુ. સભ્યશ્રીઓ તરફથી વોર્ડ કમિટિમાં થયેલ રજુઆતો તેમજ ઝોનની અન્ય રજુઆતો કરેલ. જે રજુઆતો સાંભળી તેનો હકારાત્મ નિકાલ કરવામાં આવેલ છે.

## સુરત મહાનગરપાલિકા – જાહેર આરોગ્ય વિભાગ – સ્વચ્છ ભારત અભિયાન

**મહાત્મા ગાંધીજીની સને ૨૦૧૯માં ઉજવવામાં આવનાર ૧૫૦ મી જન્મજયંતિ અંતર્ગત, ''સ્વચ્છ ભારત અભિયાન'' હેઠળ તા.૨૨/૧૨/૨૦૧૪નાં રોજ ઝોન વિસ્તારમાં આવેલ તમામ જાહેર માર્ગની રૂટીન ઉપરાંત મેઈન રોડ / આંતરીક રસ્તાઓ / શેરીઓ વિગેરે સ્થળોએ ઘનિષ્ઠ સાફ–સફાઈની કામગીરી કરાવવામાં આવેલ છે.**

**આ અભિયાનમાં શહેરના સાત ઝોનનાં જુદા જુદા વિસ્તારો / મુખ્ય માર્ગ / શેરી / આંતરીક રસ્તા / સર્કલો મળી ૧૩૯ સ્થળોએ ઘનિષ્ઠ સફાઈની કામગીરી કરવામાં આવી, જે દરમ્યાન ૧૦.૫૦૦ કિ.ગ્રા. અખાદ્ય પદાર્થોનો નાશ કરવામાં આવ્યો, ૧૮.૦૦૦ કિ.ગ્રા. પ્રતિબંધિત પ્લાસ્ટીકનો જથ્થો જપ્ત કરવામાં કરવામાં આવ્યો અને સ્વચ્છતા વિરુધ્ધ પ્રવૃત્તિ આચરતા ઈસમોને ૧૧૧ નોટીસ પાઠવી કુલ રૂા.૨૫,૧૦૦/– વહીવટી ચાર્જ વસુલ કરવામાં આવેલ છે.**

# પ્રેસનોટ

સાઉથ ઈસ્ટ ઝોન(લિંબાયત)વિસ્તારમાં સમાવિષ્ટ મંજુર ટી.પી.સ્કીમ નં.૬૧(પરવત–ગોડાદરા) મા કલ્પનાનગર સોસાયટી કે જે ફાયનલ પ્લોટ નં.૧૩૯/સી માં સમાવિષ્ટ છે.સદર સોસાયટીમાંથી પસાર થતા ૭.૫૦ મીટર ના ટી.પી.રોડને લાગુ સબ પ્લોટ નં. ૧૯/૨૦ ની બાજુમાં કેટલાક ઈસમો દ્વારા ગેરકાયદેસર બાંધકામ કરવાની શરૂઆત કરવામાં આવેલ.જે અત્રેની કચેરીના સ્ટાફ દ્વારા સદર બાંધકામ વારંવાર અટકાવવામાં આવેલ.તેથી મિલ્કતદાર દ્વારા ઘણા વખત સુધી બાંધકામ ચાલુ કરવામાં ન આવેલ .પણ ત્યારબાદ મિલ્કતદાર દ્વારા ગ્રા.ફલોર પર બે દુકાનો –પાર્કિંગ તથા પ્રથમમાળે ફલેટનું કર્મિશયલ આયોજન કરીને પ્રથમ માળનો આર.સી.સી. સ્લેબ ભરી ગ્રા.ફલોર પર શટર લગાવી દેવામાં આવેલ.સદર બાબતે કલ્પના સોસાયટીના રહીશો દ્વારા પણ ફરિયાદ કરવામાં આવેલ.સદર બાંધકામને આજરોજ તા.૨૩/૧૨/૨૦૧૪ના રોજ સાઉથ ઈસ્ટ ઝોન (લિંબાયત)ના શહેર વિકાસ સ્ટાફ, દબાણ સ્ટાફ તથા ખાનગી કોન્ટ્રાકટરના માણસોની મદદથી આશરે ૧૫૦૦ ચો.ફુટનો પ્રથમમાળ નો અ ાર.સી.સી. સ્લેબ નું ડિમોલીશન કરવામાં આવેલ છે.ેમજ ગ્રા.ફલોર પર લગાવેલ શટર નંગ–૦૨ દુર કરી જમા લેવામાં આવેલ છે.તદઉપરાંત દુકાન અર્થે કરેલ ગ્રા.ફલોર પરનું ચણતરકામ તથા પ્રથમમાળનું ચણતરકામ મળી આશરે ૧૦૦૦ ચો.ફુટ જેટલુ ચણતરકામ દુર કરી ડિમોલીશનની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે. તથા મિલ્કતદાર / કબ્જેદાર પાસેથી રૂા.૪૦,૦૦૦/– દંડ પેટે વસુલ કરવામાં આવેલ છે.

## પ્રેસનોટ

સાઉથ ઈસ્ટ ઝોન(લિંબાયત)વિસ્તારમાં સમાવિષ્ટ ટી.પી.સ્કીમ નં.૭(આંજણા)માં ભાઠેના નહેર ચાર રસ્તાથી કોયલીખાડી બ્રીજ તરફ જતા ૮૦' પહોળા ટી.પી. માર્ગ ઉપર ટ્રાફિકની જટીલ સમસ્યા હળવી કરવાના ભાગરૂપે અત્રેના ઝોન દ્વારા ગત તા.૨૨/૧૨/૧૪ થી વિવિધ પ્રકારના કાચા–પાકા દબાણો,લારી ગલ્લાઓ, હોર્ડિંગ્સ બોર્ડસ,માર્જીનના બાંધકામો દિવાલ વિગેરે દુર કરવાની કામગીરી અંતર્ગત ગતરોજ વિવિધ ટ્રાન્સપોર્ટ ગોડાઉનના માર્જીનમાં તાણી બાંધવામાં આવેલ પતરાના શેડ સહિત આશરે ૧૪ થી ૧૫ મિલ્કતના કાચા–પાકા બાંધકામો સહિત આશરે ૩૦૦૦ ચો.ફુટ માર્જીનલ સ્પેશ ખુલ્લી કરવામાં આવેલ. સદરહુ ઝુંબેશ આજરોજ પણ ચાલુ રહેલ જેમાં નસરવાનજી એસ્ટેટમાં બનેલ માર્જીનના બાંધકામો તથા કિષ્ણા કોમ્પ્લેક્ષમાં આવેલ અમરપુરી ફરસાણ માર્ટ તથા ભાટીયા મોબાઈલ શોપના માર્જીનમાં બનેલ પતરાનો શેડ,હોર્ડિંગ્સ બોર્ડ સહિતના કાયમી દબાણો દુર કરવામાં આવેલ તથા સદર રસ્તા ઉપર આવેલ યોગેશ્વર ડેરીનું દબાણ તેને અડીને આવેલ ખુલ્લા પ્લોટમાં બનેલ કાચા–પાકા દબાણો લારી ગલ્લા વિગેરે ધ્વસ્ત કરવાની કામગીરી આ લખાય છે. ત્યાં સુધી ચાલુ રહેવા પામેલ છે.

ઉકત કામગીરીમાં આજરોજ આશરે ૧૮ થી ૨૦ જેટલી મિલ્કતોમાં આશરે ૨૦૦૦ ચો.ફુટ માપવિસ્તારનું બિનઅધિકૃત બાંધકામ / ચણતરકામ વિગેરે સંપૂર્ણપણે દુર કરી માર્જીન સ્પેશ ખુલ્લુ કરવામાં આવેલ છે.સદર કામગીરીમાં લિંબાયત ઝોનના કાર્યપાલક ઈજનેરશ્રીના સીધા માર્ગદર્શન હેઠળ ઝોનના શહેર વિકાસ વિભાગ / દબાણ વિભાગની ટીમ દ્વારા શરૂ કરવામાં આવેલ છે. જે કામગીરી માટે ૪૦ થી વધુ બેલદારો, ૦૧ નંગ જે.સી.બી.મશીન, ૦૨ ટ્રક સહિતની મશીનરી રોકવામાં આવેલ છે. સદર કામગીરીના આરંભે શરૂઆતમાં દુકાનદારો / ટ્રાન્સપોર્ટ તેમજ કહેવાતા સ્થાનિક તત્વો દ્વારા વિક્ષેપ ઉભા કરી પાલિકા સ્ટાફને ડીમોલીશન કરતા રોકવામાં ચેષ્ટા કરવામાં આવેલ પરંતુ લિંબાયત ઝોન કચેરી દ્વારા મકકમતાથી દર્શાવી સપાટો બોલાવી ધાર્યુ કામ આગળ ધપાવવામાં આવેલ છે. ગઈકાલથી આજદિન સુધી રૂા. ૬૭૦૦૦/– જેવી માતબર રકમ દંડ પેટે વસુલાત કરતા ગેરકાયદેસર કામ કરાવનાર તથા તેને વર્ષો પર્યંત છાવરનારા તત્વોમાં સોપો પડી ગયેલ છે. જેને પરીણામે કાયદાપાલક નાગરીકોમાં હર્ષની લાગણી વ્યાપી ગયેલ છે.

## પ્રેસનોટ

પૂર્વ ઝોન (વરાછા) વિસ્તારમાં સમાવિષ્ટ પટેલનગર હળપતિવાસ ઝુંપડપટ્ટીના માન્ય યાદીના–૪૫ તથા શકિતવિજય ઝુંપડપટ્ટીના માન્ય યાદીના–૦૫ લાભાર્થીઓ મળીને કુલ–૫૦ લાભાર્થીઓને ટી.પી.સ્કીમ નં. ૬૯(ગોડાદરા–ડીંડોલી) ફા.પ્લોટ નં. ૧૮૩( આર–૯) ખાતે (૧૦ લાભાર્થીઓને ), ટી.પી.સ્કીમ નં. ૭(વેસુ) ફા.પ્લોટ નં. ૧૨૫ ખાતે(૯ લાભાર્થીઓને ), તથા ટી.પી.૧૪ (પાલ), ફા.પ્લોટ નં. ૧૬૫ ખાતે(૩૧ લાભાર્થીઓને) સંપૂર્ણ સુવિધાયુકત બે રૂમ, રસોડુ, સંડાશ, બાથરૂમની સગવડવાળા વઘ્દગચોઢખકગ. અંતર્ગતના આવાસોમાં સ્થળાંતર કરવાની કાર્યવાહીના ભાગરૂપે આવાસો ફાળવવાનો ડ્રો તા. ૨૦.૧૨.૨૦૧૪ ના રોજ સાંજે ૪.૩૦ કલાકે વરાછા ઝોન ઓફિસ ખાતે પૂર્વ ઝોન (વરાછા) ના તથા સ્લમ અપગ્રેડેશન વિભાગના અધિકારી / કર્મચારીઓની તેમજ સ્લમ ઈમ્પ્રુવમેન્ટ સમિતિના ચેરપર્સન શ્રીમતિ મીતાબેન અનિલભાઈ ચૌહાણની ઉપસ્થિતિમાં કરવામાં આવેલ છે. સંપૂર્ણ સુવિધાયુકત આવાસોમાં સ્થળાંતર થયેથી સદર ઝુંપડાવાસીઓનું જીવનધોરણ ઉંચુ લાવી શકાશ

## પ્રેસનોટ – નોર્થ ઝોન (કતારગામ) – સુરત મહાનગરપાલિકા

નોર્થ ઝોન (કતારગામ) વિસ્તારમાં તા.૨૨/૧૨/૨૦૧૪ ના રોજ કરવામાં આવેલ કામગીરીની વિગત નીચે મુજબ છે.

આરોગ્ય વિભાગ દ્વારા ૨૬૦ મે.ટન કચરાનો નિકાલ કરવામાં આવેલ. ૯૭ ઈસમોને નોટીસ આપવામાં આવેલ તેમજ વહીવટી ચાર્જ પેટે રૂા.૭,૨૦૦/– વસુલ લેવામાં આવેલ છે. વી.બી.ડી.સી. વિભાગ દ્વારા ૯૫૦૮ ઘરનો સર્વે કરવામાં આવેલ. જે પૈકી ૫૮૬ વ્યકિતની સ્લાઈડ લેવામાં આવેલ છે. ઘરોના સર્વે દરમ્યાન ૪૦ જગ્યાએ માલુમ પડેલ બ્રિડીંગનો નાશ કરવામાં આવેલ છે. ૩૧ ઈસમોને નોટીસ આપવામાં આવી તેમજ સ્થળ ઉપર વહીવટી ચાર્જ પેટે રૂા.૩૦૦/– વસુલ લેવામાં આવેલ છે.

આકારણી અને વસુલાત વિભાગ દ્વારા સુમુલ ડેરી રોડ, વસ્તાદેવડી રોડ, કતારગામ દરવાજાથી બાળાશ્રમ, કુબેરનગર પારસ સોસાયટી, વેડરોડથી પ્રાણનાથ, વિજયનગર, પ્રભુનગર વેડ રોડ પંડોળ ઈન્ડ. વિભાગ, ડભોલી સીંગણપોર, બાપાસીતારામ ચોક, મગનનગર વિગેરે વિસ્તારમાંથી વેરા પેટે રૂા.૨૭,૩૭,૯૩૭/– વસુલાત કરવામાં આવેલ છે. તેમજ વ્યવસાય વેરા વિભાગ દ્વારા કતારગામ વિસ્તારમાંથી રૂા.૪,૩૭,૯૪૧/– વસુલ કરવામાં આવેલ છે.

ઈમ્પેકટ ફીની ૯૦ અરજી મંજુર કરવામાં આવેલ છે. ઈમ્પેકટ ફી પેટે રૂા.૮,૬૧,૫૯૯/– ની વસુલાત કરવામાં આવેલ છે. ભધક આવાસમાંથી રૂા.૨,૩૪,૮૭૦/– હપ્તાની વસુલાત કરવામાં આવેલ છે. દબાણ ખાતા દ્વારા ૦૪ લારી જપ્ત કરવામાં આવેલ છે.

# પ્રેસ નોટ

## સાઉથ ઈસ્ટ ઝોન(લિંબાયત)માં વેરા વસુલાત ઝુંબેશ વધુ આક્રામક બનાવાઈ – બે જ દિવસમાં રૂા.૫૦,૬૩,૫૮૦/– ની વેરા વસુલાત

સાઉથ ઈસ્ટ ઝોન (લિંબાયત) દ્વારા વેરા વસુલાત ઝુંબેશ વધુ આક્રમક બનાવામાં આવેલ છે.વેરા ભરપાઈ કરવામાં વિલંબ કરતા કરદાતાઓ સામે આકરા પગલા લેવામાં આવી રહયા છે.

વેરા વસુલાતની ઝુંબેશના ભાગરૂપે તા.૨૦/૧૨/૧૪ ના રોજ કુંભાલ તથા ડીંડોલી ગામ તળ વિસ્તારમાં તેમજ રીંગ રોડ સ્થીત ટેક્ષટાઈ માર્કેટ વિસ્તારમાં વેરા વસુલાત અભિયાન હાથ ધરવામાં આવેલ હતું. જેમાં લિંબાયત ઝોનના એડી. સીટી.ઈજનેરશ્રી જે.કે. શાહ ના માર્ગદર્શન હેઠળ આસી. કમિશ્નરશ્રી શ્રીમતી ગાયત્રી આર.જરીવાલા તથા આકારણી વિભાગના સ્ટાફે વેરા વસુલાત ઝુંબેશ વધુ આક્રમક બનાવી હતી.જેમાં મિલ્કત વેરો બાકી હોય તેવા બાકીદારો પર કડકાઈથી ઉઘરાણી કરતા બાકીદારોએ સ્થળ પર વેરા ચુકવી દીધા હતા.

તા.૨૨/૧૨/૧૪ ના રોજ ડીડોલી ગામ તળ વિસ્તાર તથા કુંભાલ ઈન્ડ્. વિસ્તારમાં વેરા વસુલાત અભિયાન હાથ ધરવામાં આવેલ હતું.જેમા પણ મોટા મોટા બાકીદારોને ટારગેટ બનાવી વેરા વસુલાત કરવામાં આવેલ હતી. આમ બે દિવસમના વેરા વસુલાત અભિયાનમાં બાકીદારો પાસેથી કુલ રૂા.૫૦,૬૩,૫૮૦/– ની વસુલાત કરવામાં આવેલ હતી.

વેરા વસુલાત વધુ ઘનિષ્ઠ બનાવવા માટે હવેથી બાકીદારોનું લિસ્ટ બનાવી નળ કનેકશન કાપવાની તથા મિલ્કતોને સીલ મારવાની કામગીરી શરૂ કરવામાં આવનાર છે. આથી તમામ બાકી કરદાતાઓને તાત્કાલિક વેરો ભરી જવા સુચના આપવામાં આવે છે.

## પ્રેસનોટ

મા.મુખ્યમંત્રીશ્રી આવાસ યોજના હેઠળ સુરત મહાનગરપાલિકા ધ્વારા ભધક ઢ ક્ષ થી  ભધક ઢ જ્ઞ તથાીયન ઢ ક્ષ થી ીયન ઢ ઘડ અંતર્ગત ડ્રો ધ્વારા આવાસની ફાળવણી કરવામાં આવેલ છે. જેની યાદી સુરત મહાનગરપાલિકાની વેબસાઈટ ઉપર પ્રસિધ્ધ કરવામાં આવેલ છે. આ યોજના હેઠળ જે લાભાર્થીઓને આવાસ ફાળવવામાં આવેલ છે. તેઓએ પુરાવા, એફીડેવીટ તથા નાણાં જમા કરાવવાના રહે છે જે અંગે લાભાર્થીઓએ નીચે મુજબની કાર્યવાહી કરવાની રહેશે.

૧. સુરત મહાનગરપાલિકાની વેબસાઈટ દ્દદ્દઈ(ગ્રબ્ત?ગ્દ્યર'રઉર્બઈન઼–ઈય્દ્ય પર મુખ્યમંત્રી ગૃહ યોજનાના આઈકોન ઉપર કલીક કરતાં સ્ક્રીન ઉપર ત્રણ લીંક જોવા મળશે. જેમાંથી ત્રીજી લીંક ''માન.મુખ્યમંત્રી ગૃહ યોજના અંતર્ગત ડ્રોમાં સીલેકટ થયેલ અરજી માટે મકાનની ફાળવણી સંદર્ભે પુરાવા રજુ કરવા બાબત'' પર કલીક કરવું. ત્યારબાદ લાભાર્થીએ ભધક અથવાીયન જે લાગુ પડતુ હોય તે સ્કીમ સીલેકટ કરી પોતાનો અરજી નંબર / ફોર્મ નંબર એન્ટર કરી કભભબચહજ બટન ઉપર કલીક કરવું. જેથી તેઓને ફાળવવામાં આવેલ ફલેટની વિગત દર્શાવતી માહિતી સ્ક્રીન ઉપર જોવા મળશે. જેમાં છેલ્લી ત્રણ કોલમમાં અનુક્રમે ઈન્ફોર્મેશન ફોર્મ, પુરાવા રજુ કરવાનું ફોર્મ તથા એફીડેવીટની મફધદીફબમ લીંક જોવા મળશે. જેના પર કલીક કરવાથી લાભાર્થીની વિગતો અનુક્રમે ઈન્ફોર્મેશન ફોર્મ, માહિતી કાર્ડ, પ્રમાણપત્ર, પુરાવા રજુ કરવાનું ફોર્મ તથા એફીડેવીટ ડાઉનલોડ કરી શકાશે. જેની લાભાર્થીએ પ્રિન્ટ કાઢી નીચે મુજબની કાર્યવાહી કરવાની રહેશે.

- માહિતી કાર્ડ ઉપર લાભાર્થીએ પોતાનો ફોટો ચોંટાડી લેમીનેશન કરાવી લેવું.
  નોંધ : સુરત મહાનગરપાલિકા સાથે યોજના સંદર્ભે દરેક કામગીરી અંગે મુલાકાત વખતે આ કાર્ડ અચુક સાથે રાખી રજુ કરવાનું રહેશે.
- પુરાવા રજુ કરવાનું ફોર્મ પાના નં. ૧ થી ૪ માં જણાવેલ તમામ વિગત ભરી જે તે પુરાવાઓ લાભાર્થીએ જાતે પ્રમાણિત કરી નકલ જોડવી તેમજ જે તે ઓરીજીનલ પુરાવા સાથે રાખવા.
- એફીડેવીટનો ડ્રાફટ પાના નં. ૧ થી ૩ માં જણાવેલ તમામ મુદ્દાઓનો સમાવેશ થાય તે રીતે રૂા.૧૦૦/– સ્ટેમ્પ પેપર ઉપર લાભાર્થીએ એફીડેવીટ તૈયાર કરી નોટરી કરાવી જે તે સમયે અને તારીખે ઉકત તમામ વિગતો (ઈન્ફોર્મેશન ફોર્મ, માહિતી કાર્ડ, પ્રમાણપત્ર, પુરાવા રજુ કરવાનું ફોર્મ, એફીડેવીટ તથા નાણાંનો ડ્રાફટ) પુરાવા સહીત રજુ કરવા લાભાર્થીએ રૂબરૂ હાજર રહેવાનું રહેશે.

નોંધ : ઉપરોકત તમામ વિગતો સુરત મહાનગરપાલિકાનાં તમામ નાગરીક સુવિધા કેન્દ્ર તથા ઝોન ખાતે આવેલ કલેકશન સેન્ટર ઉપરથી વિનામુલ્યે મેળવી શકાશે. નાગરિક સુવિધા કેન્દ્ર ખાતે લાભાર્થીએ પોતાની પહોંચ લઈને જવાની રહેશે.

૨. આ યોજના અંતર્ગત ભધક આવાસની અંદાજીત કિંમત રૂા.૩,૦૦,૦૦૦/– તથા  મેઈન્ટેનન્સ પેટે રૂા.૩૦,૦૦૦/– ભરવાના થાય છે. હાલ તુરંત અંદાજીત કિંમતના ૨૦% રકમ લાભાર્થીઓએ અરજી સાથે ભરેલ ડીપોઝીટની રકમ બાદ કરતાં ૩(ત્રણ) માસમાં રૂા.૫૨,૫૦૦/– ભરવાના થાય છે. જે પૈકી પ્રથમ હપ્તાના રૂા.૨૬,૫૦૦/– તથા બીજા હપ્તાના રૂા.૨૬,૦૦૦/– ડ્રાફટથી સમયપત્રક અનુસાર જમા કરાવવાના રહેશે. લાભાર્થી એકસાથે ડ્રાફટથી રૂા.૫૨,૫૦૦/– પણ પુરાવા રજુ કરવાની સાથે ભરી શકશે. અથવા તેથી વધુ રકમ જમા કરાવવા ઈચ્છતા હોય, તો તે પણ ડ્રાફટથી જમા કરાવી શકશે.

૩. આ યોજના અંતર્ગતીયન આવાસની અંદાજીત કિંમત રૂા.૭,૫૦,૦૦૦/– તથા  મેઈન્ટેનન્સ પેટે રૂા.૫૦,૦૦૦/– ભરવાના થાય છે. હાલ તુરંત અંદાજીત કિંમતના ૨૦% રકમ લાભાર્થીઓએ અરજી સાથે ભરેલ ડીપોઝીટની રકમ બાદ કરતાં ૩(ત્રણ) માસમાં રૂા.૧,૩૦,૦૦૦/– ભરવાના થાય છે. જે પૈકી પ્રથમ હપ્તાના રૂા.૬૫,૦૦૦/– તથા બીજા હપ્તાના રૂા.૬૫,૦૦૦/– ડ્રાફટથી સમયપત્રક અનુસાર જમા કરાવવાના રહેશે. લાભાર્થી એકસાથે ડ્રાફટથી રૂા.૧,૩૦,૦૦૦/– પણ પુરાવા રજુ કરવાની સાથે ભરી શકશે. અથવા તેથી વધુ રકમ જમા કરાવવા ઈચ્છતા હોય, તો તે પણ ડ્રાફટથી જમા કરાવી શકશે.

## સ્વચ્છ ભારત અભિયાન

મહાત્મા ગાંધીજીને સને ૨૦૧૯માં ઉજવવામાં આવનાર ૧૫૦મી જન્મજયંતિ અંતર્ગત, ''સ્વચ્છ ભારત અભિયાન'' હેઠળ તા.૨૩/૧૨/૨૦૧૪નાં રોજ ઝોન વિસ્તારમાં આવેલ તમામ ટી.પી.રોડ, સર્કલ સોસાયટીના આંતરીક રસ્તાઓ, ઈન્ડસ્ટ્રીયલ વિસ્તાર તથા સ્લમ વિસ્તારોમાં તળિયા ઝાટક સાફ–સફાઈની કામગીરી કરવામાં આવેલ છે, ઉપરાંત ઝોન વિસ્તારમાં આવેલ પે એન્ડ યુઝ ટોઈલેટ બ્લોક તથા યુરીનલ બ્લોકની સ્વચ્છતા અંગેની કામગીરી વોર્ડ ઓફિસના આરોગ્ય નિરીક્ષક/ મદદનીશ આરોગ્ય નિરીક્ષક મારફત ચેક કરી, એજન્સીના કર્મચારીઓ પાસેથી પે એન્ડ યુઝ ટોઈલેટ બ્લોકની તળિયા ઝાટક સાફ–સફાઈની કામગીરી પણ સીધી દેખરેખ હેઠળ કરવામાં આવેલ છે. જેની માહિતી નીચે જણાવ્યાનુસાર છે.

આ અભિયાનમાં શહેરના સાત ઝોનનાં જુદા–જુદા વિસ્તારોમાં આવેલ કુલ ૧૬૧ પે એન્ડ યુઝ ટોયલેટ બ્લોક તથા યુરીનલ બ્લોકની  સ્વચ્છતા સંબંધિત કામગીરી સંબંધિત ઝોન / વોર્ડ ઓફિસના આરોગ્ય નિરીક્ષક/મદદનીશ આરોગ્ય નિરીક્ષક મારફત ચેક કરી , એજન્સી કામદારો મારફત ટોયલેટ યુરીન બ્લોકની સ્વચ્છતા અંગેની તળીયા ઝાંટક સાફ–સફાઈની કામગીરી પણ સીધી દેખરેખ કરવામા આવેલ છે. આ અભિયાન દરમિયાન ખામી જણાયેલ સંસ્થાને કુલ ૧૨૨ ને નોટીસ આપવામાં આવેલ છે. સ્વચ્છતા વિરોધી પ્રવૃતિ આચરવા બદલ કુલ રૂા. ૭,૭૦૦/– વહીવટી ચાર્જ વસુલ કરવામાં આવેલ છે.

## પૂર્વ(વરાછા)ઝોન વિસ્તારમાં  દબાણ હટાવવાની કામગીરી અંગે અખબાર યાદી

પૂર્વ(વરાછા)ઝોન વિસ્તારના ધરમનગર રોડ તથા મોતીનગર સર્કલ ખાતેથી આજરોજ તા.૨૩/૧૨/૨૦૧૪ ના રોજ 'O' દબાણવાળા રસ્તા પર દબાણ ઝુંબેશની કામગીરી હાથ ધરવામાં આવેલ. જેમાં નીચે મુજબનું દબાણ દુર કરવામાં આવેલ છે.

(૧) લારી નંગ–૩૦

(૨) પાથરણા નંગ–૨૨૫

ઉકત કામગીરી અત્રેના પૂર્વ(વરાછા)ઝોનના કાર્યપાલક ઈજનેરશ્રીની સૂચના અને માર્ગદર્શન હેઠળ શહેર વિકાસ ખાતાના સ્ટાફ તથા દબાણ ખાતાનો સ્ટાફ સાથે પાર પાડવામાં આવેલ છે.

તા. ૦૮/૧૨/૨૦૧૪ થી તા. ૧૩/૧૨/૨૦૧૪ સુધીમાં સાઉથ ઝોન (ઉધના) ના ઈજનેર વિભાગ ધ્વારા ગૃડા–૨૦૧૧ અંતર્ગત કુલઃ૧૭૩૧ ફાઈલોનો નિકાલ કરવામાં આવેલ છે અને કુલ :૪૩૪ ફાઈલના રૂા. ૫૫.૨૧ લાખ રૂપિયા વસુલ લેવામાં આવેલ છે., કુલ–૪૦ લોકેશન(ખાડા)૪૭૯૧.૦૦ ચો.મી. પેચવર્કની કામગીરી કરી કુલઃ૨૯૧.૫૨૦ મે.ટન ડામરનો ઉપયોગ લેવામાં આવેલ છે., કુલ–૫, લોકેશન (ખાડા) ૧૪૧૦.૦૦ ૨.મી. મેટલીગની કામગીરી કરવામાં આવેલ છે. રોડ પૈકીના દબાણ હેઠળ કુલઃ૧૨ લારી ગલ્લા ઉપાડવવામાં આવેલ ડ્રા.ટી.પી.સ્કમી નં. ૨(ઉધના) ફા.પ્લોટ નં. ૨૬ માં ૧૫ ચો.મી. માપ વિસ્તારમાં ગેરકાયદેસર બાંધકામ દૂર કરવામાં આવેલ.તથા આકારણી વિભાગ ધ્વારા આવેલ કુલ અરજીઓની સંખ્યા ૧૪૮ છે., જેમાં નિકાલ કરવામાં આવેલ તથા વ્યવસાય વેરા વિભાગ ધ્વારા વ્યવસાય વેરાનીઆવક રૂા. ૨૮.૦૦ લાખ થયેલ છે., ૭૮ ભહ  તથા ૬૮ ચહ નોંધાયેલ છે., નોંધણી ફી, રીન્યુ. ફી, ફેરફાર ફી તથા ડુપ્લીકેટ લાયસન્સ ફી પેટે કુલ રૂા. ૨૧૧૩૧/– વસુલ કરવામાં આવેલ છે. વહીવટી ખર્ચ પેટે રૂા. ૬૩૦૦/– વસુલ લેવામાં આવેલ છે., ૫૬૯ સંસ્થા રીન્યુ કરવામાં આવી તથા ૫૪ સંસ્થાની નવી નોંધણી કરવામાં આવેલ છે તથા આરોગ્ય વિભાગ ધ્વારા સફાઈ કરેલ જીલ્લાની સંખ્યા ૧૩૯ છે.,ઉંચકાવેલ કન્ટેનરની સંખ્યા ૬૬૪ છે., નિકાલ કરેલ સોલીડવેસ્ટ ૧૦૬૫.૪૩૦ મે.ટન છે., આપવામાં આવેલ નોટીસની સંખ્યા ૧૯૭ છે., વસુલ કરેલ વહીવટી ખર્ચ રૂા. ૫૧૧૫૦/– છે. તથા વી.ડી.સી. વિભાગ ધ્વારા કુલ ૬૩૧૨૮ ઘર સર્વે કરવામાં આવેલ., કુલ ૧૩૫૪૧૪ બ્રિડીગનો સ્પોટ ચેક કરવામાં આવેલ છે.  મળી આવેલ બ્રિડીગની સંખ્યા ૩૫૬ છે જે પૈકી તમામ બ્રિડીગનો નાશ કરાવવામાં આવેલ છે., કુલ સ્પાઈડ કલેકશન ૪૯૨૬ કરવામાં આવેલ છે. જયારે ૧૮૩ નોટીસ આપવામાં આવેલ છે. વહીવટી ખર્ચ રૂા. ૬૨૦૦/– વસુલ કરવામાં આવેલ છે.

# પ્રેસનોટ

આજરોજ સુરત મહાનગરપાલિકાના મેયર શ્રી નિરંજનભાઈ ઝાંઝમેરા તથા કમિશ્નર શ્રી મિલિન્દ તોરવણેએ ગાંધીનગર ખાતે સુરત મહાનગરપાલિકાના રાજય સરકાર સાથેના પડતર પ્રશ્નો બાબતે મા.મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલની મુલાકાત લઈ ચર્ચા–વિચારણા કરી હતી. ટી.પી. સ્કીમની મંજુરીને લગતા વિવિધ પ્રશ્નો અને વિવિધ પ્રકલ્પો માટે જમીન સંપાદનની મંજુરી અર્થેના પડતર કેસો તથા રીંગરોડ ખાતે આવેલ સબજેલની જગ્યા સુરત મહાનગરપાલિકાની મુખ્ય કચેરી બનાવવા માટે સુરત મહાનગરપાલિકાને ફાળવી આપવામાં આવે તે બાબતે તથા અન્ય પડતર પ્રશ્નો બાબતે મા.મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલ તરફથી ખુબ જ સારો પ્રતિસાદ મળ્યો હતો.

સુરત શહેરના પ્રભારી મંત્રી શ્રી સૌરભભાઈ પટેલ, નાણાં, ઉર્જા અને પેટ્રો કેમિકલ્સ, ખાણ, ખનીજ, કુટીર ઉદ્યોગ, છાપકામ લેખન સામગ્રી, આયોજન પ્રવાસન, નાગરીક ઉડ્ડયન, ગુજરાત રાજયની પણ મુલાકાત લીધી હતી અને તેમણે પણ શહેરના પ્રશ્નોના નિરાકરણ બાબતે ખુબ સારો પ્રતિસાદ આપ્યો હતો.

મા.મંત્રી શ્રી શંકરભાઈ ચૌધરી, શહેરી ગૃહ નિર્માણ (સ્વતંત્ર હવાલો), આરોગ્ય અને પરિવાર કલ્યાણ અને વાહનવ્યવહાર, ગુજરાત રાજય ની મુલાકાત લીધી હતી. મા.મંત્રીશ્રી સાથે આવાસ પુનઃવર્સન, ઝુપડપટ્ટી શિફટીંગ તથા અલથાણ ટેનામેન્ટના રી–ડેવલપમેન્ટ વિગેરે પ્રશ્નો માટે વિસ્તૃત ચર્ચા કરી હતી અને ટુંક સમયમાં એર્ફોડેબલ હાઉસીંગ સ્કીમ હેઠળ પી.પી.પી. ધોરણે અલથાણ ટેનામેન્ટ તેમજ આવી અન્ય મિલ્કતોને રી–ડેવલપમેન્ટ કરી શકાય તે માટે ગર્વમેન્ટ એક આઈડલ સ્કીમ તૈયાર કરી આપશે. એવો હકારાત્મક પ્રતિસાદ સાંપડયો હતો.

ફોરેસ્ટ વિભાગની મુલાકાત લીધી હતી અને ફોરેસ્ટ વિભાગ હસ્તકની જમીન મેળવી તેને ડેવલપ કરવા અંગે ચર્ચા–વિચારણા કરવામાં આવી. તેમજ સી.સી. રોડ બનાવવા સંદર્ભે નડતરરૂપ ઝાડો બાબતે ટુંક સમયમાં ઝડપથી નિર્ણય લઈ શહેરનો વિકાસ વેગવંતો બને તેવા પ્રયત્ન કરવામાં આવેલ છે.

આમ, આજરોજ ગુજરાત રાજયના મા.મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલ, સુરત શહેરના પ્રભારી મંત્રી શ્રી સૌરભભાઈ પટેલ તથા મા.રાજયકક્ષાના મંત્રી શ્રી શંકરભાઈ ચૌધરી સાથે સુરત મહાનગરપાલિકાના રાજય સરકાર સાથેના પડતર પ્રશ્નો બાબતે ત્વરીત પરિણામલક્ષી નિર્ણય લેવા હકારાત્મક પ્રતિસાદ મા.મેયર શ્રી નિરંજનભાઈ ઝાંઝમેરા તથા મા.કમિશ્નર શ્રી મિલિન્દ તોરવણેને મળેલ છે.